RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા — ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૨ ભાદરવા વદ - ૯ — સોમવાર તા.૦૫-૧૦-૨૦૨૬ — અંક : ૮૮ વર્ષ : ૨૨ — email :rajkot@aaspassindia.com — કિંમત રૂા. ૨-૫૦ — પાના - ૮

# તહેવારોમાં વધી શકે છે સાયબર છેતરપિંડીના કિસ્સા!

## મોબાઇલ પર અજાણી લિન્ક ખોલતાં જ બેન્ક ખાતું થઇ જશે ખાલી! દિવાળીના તહેવારો પૂર્વે નેશનલ સાયબર દ્વારા સલાહ



નવીદિલ્હી,
દિવાળીના તહેવારો આવી રહ્યાં છે ત્યારે નેશનલ સાયબર ક્રાઈમ થ્રેટ એનાલિટિક્સ યુનિટ્ટે એવી ચેતવણી જાહેર કરી છે કે, પોર્નોગ્રાફી એપ્લિકેશનના ઉપયોગથી સાયબર છેતરપિંડીના કિસ્સામાં ઉછાળો થઈ શકે છે. અશ્લીલ સામગ્રી પીરસતી લિન્ક્સ અને જાહેરાતો મોબાઈલ ફોન ઉપર મોકલવામાં આવે તેના ઉપર ક્લિક કરવામાં આવતાં જ છેતરપિંડી આચરતી અન્ય ફિશિંગ વેબસાઈટ્સના દ્વાર ખુલી જાય છે. ખાસ કરીને તહેવારો દરમિયાન ટાઈમપાસ કરવા માટે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી વખતે આવી લિન્ક્સ અને જાહેરાતો જોવામાં સતર્ક રહેવું જરૂરી છે.

ભારતમાં બેથી ત્રણ અબજ અને ગુજરાતમાં ૩૦ લાખથી વધુ લોકો દરરોજ ટાઈમપાસ કરવા માટે મોબાઈલ ફોન ઉપર વોટ્સ-એપ, ફેસબૂક કે ઈન્સ્ટાગ્રામનો બહોળો ઉપયોગ કરે છે. દિવસના ત્રણથી સાત કલાક સુધી મોબાઈલ ફોન ઉપર સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરનારાં લોકો રસપ્રદ જણાતી લિન્ક્સ ક્લિક કરવા ટેવાયેલાં છે. સોશ્યલ મીડિયા ઉપર ઘરેલુ ચીજવસ્તુઓની જાહેરખબરો કે જીવનજરૂરી જણાતી બાબતોની લિન્ક્સ ઉપર ક્લિક કરવાનું પ્રમાણ વિશેષ રહે છે. વોટ્સ-એપ કે સાદા એસ.એમ.એસ.થી મોકલાતી આ લિન્ક્સ મોટાભાગે ફેસબૂક કે ઈન્સ્ટાગ્રામ સુધી દોરી જાય છે.

નેશનલ સાયબર થ્રેટ એનાલિટિક્સ યુનિટ દ્વારા એવી ચેતવણી આપવામાં આવી છે કે, મોબાઈલ ધારકને ખ્યાલ પણ નથી રહેતો અને અમુક લિન્ક્સ તેમને પોર્નોગ્રાફી એપ્લિકેશન્સ સુધી દોરી જાય છે.તેવા તબક્કે નવરાત્રી સહિતના તહેવારો દરમિયાન યુવા વર્ગને વધુ સચેત રહેવાની તાકીદ કરાઈ છે.

### ગુજરાતમાં ૭ મહિનામાં ૧ લાખ સાયબરના ગુના

ગુજરાતમાં જાન્યુઆરીથી જુલાઈ સુધીના સાત જ મહિનામાં ૧.૦૬ લાખ ફરિયાદો નોંધાઈ ચૂકી છે. ગુજરાતમાં દર કલાકે ૨૧ લોકો સાયબર ક્રાઈમનો ભોગ બને છે તેમને ગુમાવેલી રકમ પરત મળવાનો દર ખુબ ઓછો છે. ફેબ્રુઆરી-૨૦૨૪થી જાન્યુઆરી-૨૦૨૬ સુધીમાં અમદાવાદીઓએ સાયબર ઠગાઈથી ૧૩૪ કરોડ ગુમાવ્યાં તેમાંથી ૩૬ ટકા એટલે કે ૪૯ કરોડ જેટલી રકમ જ પરત મળી શકી છે તેવી વિગતો વિધાનસભામાં સત્તાવાર રીતે જાહેર થઈ ચૂકી છે.

# જ્યારે પાકિસ્તાનની પાછળ આખી દુનિયા ઊભી હતી ત્યારે ભારત સાથે રશિયા હતું: એસ.જયશંકર



નવીદિલ્હી,
વિદેશ મંત્રી એસ. જયશંકરે રવિવારે કહ્યું કે જ્યારે સમગ્ર દુનિયા પાકિસ્તાનની સાથે ઊભી હતી, ત્યારે રશિયાએ ભારતનો સાથ આપ્યો હતો. દિલ્હીમાં મ્યુનિક સિક્યોરિટી કોન્ફરન્સમાં જયશંકરે કહ્યું કે,ભારત-રશિયા સંબંધો લાંબા સમયથી સારા રહ્યા છે.

નવી દિલ્હી માટે મોસ્કો સાથેના સંબંધો માત્ર આજની પરિસ્થિતિથી નક્કી થતા નથી.

૨૦ ફેબ્રુઆરી ૧૯૫૭ના રોજ ઓસ્ટ્રેલિયા, ક્યુબા, બ્રિટન અને અમેરિકાએ કાશ્મીરને લઈને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં એક ઠરાવ રજૂ કર્યો હતો. તેમાં કાશ્મીરમાં અસ્થાયી સંયુક્ત રાષ્ટ્ર દળ મોકલવાના વિચારને આગળ વધારવાની વાત હતી.ઠરાવને ૯ દેશોનું સમર્થન મળ્યું, પરંતુ રશિયએ વીટો કરી દીધો, તેથી ઠરાવ પસાર થયો નહી.તેના એક દિવસ પછી, ૨૧ ફેબ્રુઆરી ૧૯૫૭ના રોજ બીજો ઠરાવ રજૂ કરવામાં આવ્યો.

# ઈરાન યુદ્ધ વચ્ચે ક્રૂડ ઓઈલમાં થયેલો ભડકો, $૧૦૦ને પાર પહોંચી કિંમત

## જી૭ દેશ બજારમાં વધારાનું તેલ અને ઈંધણ લાવવાની તૈયારીમાં: ઓપેક+ની આ નવેમ્બરે મળશે બેઠક

મુંબઈ,
તેલની નિકાસ કરતા સાત મોટા દેશોએ નિર્ણય કર્યો છે કે નવેમ્બરમાં તેલનું ઉત્પાદન વર્તમાન સ્તરે જ જાળવી રાખવામાં આવશે. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ઈરાન સાથે ચાલી રહેલા યુદ્ધને કારણે બ્રેન્ટ ક્રૂડ ઓઈલનો ભાવ ૧૦૦ ડોલર પ્રતિ બેરલથી ઉપર પહોંચી ગયો છે. આ દેશો ૧ નવેમ્બરે ફરી બેઠક કરશે. દરમિયાન, જી૭ (૭૭) દેશોએ શુક્રવારે ૧૦૦ મિલિયન બેરલ તેલ અને ઈંધણ ઉત્પાદનો બહાર પાડવાની જાહેરાત કરી, જેની શરૂઆત ડીઝલથી થશે.

ઓપેક પ્લસ દેશોમાં સાઉદી અરેબિયા, રશિયા, ઈરાક, કુવેત, કઝાકિસ્તાન, અલ્જિરિયા અને ઓમાન સામેલ છે. રવિવારની બેઠકમાં આ સાતેય દેશોએ નક્કી કર્યું કે નવેમ્બરમાં ઉત્પાદન ન વધારાશે કે ન ઘટાડાશે, એટલે કે તેલનો પુરવઠો એટલો જ રહેશે જેટલો અત્યારે છે. આ જૂથ ૧ નવેમ્બરે ફરીથી બેઠક કરશે અને ત્યારે બજારની સ્થિતિની સમીક્ષા કરશે. હવે સવાલ એ છે કે તેલના ભાવ આટલા ઊંચા કેમ છે. તેનું કારણ ઈરાન સાથે જોડાયેલી લડાઈ છે, જે ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાઈલના હુમલાઓ સાથે શરૂ થઈ હતી. આ લડાઈથી દુનિયાભરમાં તેલના પુરવઠામાં વિક્ષેપ પડ્યો છે અને કિંમતો વધી ગઈ છે. બ્રેન્ટ ક્રૂડને દુનિયામાં તેલના ભાવનું ધોરણ (માપદંડ) માનવામાં આવે છે, તેથી તેનું ૧૦૦ ડોલરને વટાવી જવું એ મોટી વાત છે.

જી૭ વાયદો કર્યો છે કે આવતા ૨૦ દિવસની અંદર ડીઝલની મોટી ખેપ શરુઆતમા જ જારી કરી દેવામાં આવશે. બાકી હિસ્સો ચાર મહિનામાં બજારમાં ઉતારી દેવામાં આવશે. મહત્વનું છે કે અમેરિકામાં ડીઝલની કિંમત હાલમાં જ રેકોર્ડ ઉંચાઇએ પહોંચી ગઇ છે. જેના કારણે ખેડૂત, ટ્રક ચલાવનારા અને સામાન્ય ગ્રાહકો પરેશાન છે. જે આ ઈંધણ પર નિર્ભર છે. કુલ મળીને એક તરફ તેલ નિકાસકાર દેશો ઉત્પાદન સ્થિર રાખીને બેઠા છે તો બીજી તરફ જી૭ દેશ બજારમાં વધારાનું તેલ અને ઈંધણ લાવવાની તૈયારીમાં છે. હવે સૌની નજર ૧ નવેમ્બરની બેઠક પર રહેશે.ઓપેક+ તરફથી નવેમ્બર માટે ક્રૂડ ઉત્પાદનના લક્ષ્યોને જેમના તેમ રાખવાની સીધી અસર એ થશે કે ગ્લોબલ માર્કેટમાં ક્રૂડનો સપ્લાય કન્ટ્રોલમાં રહેશે. આનાથી ભારત પર અચાનક કોઇ મોટો નકારાત્મક ઝટકો નહી પડે

# ઈમારત સાથે ફ્લાયદુબઈ વિમાન ટકરાવવાનું હતું કાવતરું

## ઈટાલિયન મીડિયા રિપોર્ટમાં ફ્લાઈટની ઘટનાનો ઘટસ્ફોટ, કુહાડીથી હુમલો કરી પાઈલટ સ્મિત પાસેથી પ્લેનનો કંટ્રોલ છીનવવાનો પ્રયાસ કરેલો




ઈઝરાઈલ,
દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઈટમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઓમાની કો-પાયલટે કથિત રીતે આ વિમાનને હાઈજેક કરીને ઈઝરાયલના તેલ અવીવ શહેરમાં કોઈ મોટી ઈમારત સાથે અથડાવીને ક્રેશ કરવાનું મોટું કાવતરું રચ્યું હતું. જોકે, ભારતીય પાયલટ સ્મિત મચ્છરે સમયસૂચકતા દાખવીને આ ખતરનાક કોશિશને નિષ્ફળ બનાવી દીધી હતી.

ઈટાલિયન મીડિયા રિપોર્ટ અનુસાર, ૩૦ સપ્ટેમ્બરના રોજ ઉડાન શરૂ થતાની સાથે જ કો-પાયલટે અફરા-તફરી મચાવી દીધી હતી. કો-પાયલટની ઓળખ ૨૯ વર્ષીય હમ્મામ અલ-હમ્મામી તરીકે થઈ છે, જેના પિતા ઓમાની અને માતા સીરિયન છે. શરૂઆતમાં તેના વ્યવહારમાં કંઈપણ શંકાસ્પદ જણાયું ન હતું, પરંતુ ફ્લાઈટ હવામાં પહોંચ્યા બાદ તેનો અસલી ઈરાદો બહાર આવ્યો હતો. અલ-હમ્મામીએ અચાનક કોકપિટની અંદર ઈમરજન્સી કુહાડીથી કેપ્ટન સ્મિત મચ્છર પર જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલામાં ભારતીય પાયલટ ગંભીર રીતે ઘાયલ થયા હતા. હુમલો કર્યા બાદ તેણે પ્લેનનું કંટ્રોલ પોતાના હાથમાં લઈ લીધું અને વિમાનને ઝડપથી નીચે તરફ વાળી દીધું હતું. આ દરમિયાન વિમાન માત્ર ૩૦ સેકન્ડમાં આશરે ૧૬,૦૦૦ ફૂટ નીચે ગયું હતું.

ઈઝરાયલી ગુપ્તચર એજન્સીના અહેવાલો મુજબ, આતંકવાદી માનસિકતા ધરાવતા અલ-હમ્મામીની યોજના વિમાનને તેલ અવીવ લઈ જઈને ત્યાંની કોઈ ઊંચી ઈમારત સાથે અથડાવવાની હતી. તેની આ યોજના એટલી ઝડપી હતી કે અધિકારીઓ કે લડાકુ વિમાનોને કોઈ વાતચીત કરવાનો કે પ્રતિક્રિયા આપવાનો સમય ન મળે. ફ્લાઈટમાં તે સમયે ૧૭૪ મુસાફરો અને ક્રૂના ૬ સભ્યો સવાર હતા.દરમિયાન ગંભીર રીતે ઘાયલ હોવા છતાં સ્મિત મચ્છરે હિંમત હારી નહીં. તેઓ કોકપિટમાંથી બહાર આવીને અન્ય ક્રૂ મેમ્બર્સ અને કેટલાક મુસાફરોની મદદ લેવામાં સફળ રહ્યા.

### IND vs WI T20 મેચનો જબરદસ્ત ક્રેઝ

# ટિકિટ કાઉન્ટર ખુલતા પહેલાંજ સ્ટેડિયમ બહાર જામી ભારે ભીડ, સુરક્ષા વધારાઈ

## ચાહકોએ વહેલી તકે સ્ટેડિયમની બહાર લાઈનમાં ઉભા રહીને પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું

રાંચી,
ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાનારી ટી૨૦ સીરિઝને લઈને ક્રિકેટ ચાહકોમાં જબરદસ્ત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને રાંચીમાં યોજાનારી ભારત-વેસ્ટ ઈન્ડિઝની બીજી ટી૨૦ મેચ માટે ચાહકોમાં ભારે ક્રેઝ જોવા મળ્યો છે. મેચની ટિકિટ મેળવવા માટે મોટી સંખ્યામાં ક્રિકેટપ્રેમીઓ રાતથી જ ત્નજીઝછ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ કોમ્પ્લેક્સની બહાર પહોંચી ગયા હતા.ટિકિટ કાઉન્ટર ખુલવામાં હજુ ઘણા કલાકો બાકી હતા, તેમ છતાં ચાહકોએ વહેલી તકે સ્ટેડિયમની બહાર લાઈનમાં ઉભા રહીને પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું હતું. રાત પસાર થતાં લોકોની સંખ્યા સતત વધતી ગઈ અને સવાર પડતા પહેલાં જ ટિકિટ કાઉન્ટરની બહાર લાંબી કતાર જોવા મળી હતી.

ભારતીય ટીમને પોતાની આંખો સામે રમતી જોવા માટે ચાહકોમાં એટલો ઉત્સાહ હતો કે અનેક ક્રિકેટપ્રેમીઓ આખી રાત સ્ટેડિયમની બહાર રાહ જોતા રહ્યા હતા. ટિકિટનું વેચાણ ૫ ઓક્ટોબર સવારે ૯ વાગ્યાથી શરૂ થવાનું હતું, પરંતુ ચાહકો તેના ઘણા કલાકો પહેલાં જ સ્ટેડિયમ પહોંચી ગયા હતા.ટિકિટ મેળવવા માટે લોકો રાતથી જ લાઈનમાં ઉભા રહી ગયા હતા, જેથી કાઉન્ટર ખુલતાની સાથે જ તેમને ટિકિટ મળી શકે. સ્ટેડિયમ બહાર જોવા મળેલી લાંબી કતાર પરથી અંદાજ લગાવી શકાય છે કે રાંચીમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની મેચને લઈને કેટલો ઉત્સાહ છે.

## રાજ્યમાંઆજે ભાડા વિધેયકના વિરોધમાં વકીલોની હડતાળ

અમદાવાદ,
રાજ્ય સરકાર દ્વારા લાવવામાં આવેલા 'ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬'ના વિરોધમાં ગુજરાતભરના વકીલોમાં રોષ જોવા મળી રહ્યો છે. વિધેયક અંગે સતત ત્રણ દિવસ સુધી વિરોધ પ્રદર્શન કર્યા બાદ પણ કોઈ સંતોષકારક ઉકેલ ન આવતા રાજ્યના વકીલોએ આજથી અચોક્કસ મુદતની હડતાળ પર જવાનો નિર્ણય કર્યો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના બોર્ડની બેઠકમાં સમગ્ર રાજ્યના વકીલ મંડળોને કોર્ટની કામગીરીથી અળગા રહી સ્વૈચ્છિક હડતાળ પર જવા આહવાન કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. રાજ્યના આશરે ૧૮૨ વકીલ મંડળોની આગેવાની હેઠળ વિવિધ કોર્ટ પરિસરોમાં વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.




# હુથીઓનો સફાયો કરવા યમનનું સૈન્ય ઓપરેશન

## હાલ હુથીઓ અમેરિકાના જહાજો ઓઈલ ટેન્કરોને પણ નિશાન બનાવી રહ્યા છે

દુબઇ,
યમન સરકાર દ્વારા હુથીઓ સામે મોટું સૈન્ય ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. આ ઓપરેશનનો ઉદ્દેશ્ય યમનમાંથી બળવાખોર જુથ અને ઈરાન સમર્થક હુથીઓનો સફાયો કરવાનો છે. યમનમાં જેટલા પણ વિસ્તારો હાલ હુથીઓના કબજામાં છે તેને છોડાવવામાં આવશે તેવી જાહેરાત યમનની સત્તાધારી કાઉન્સિલના હેડ રશદ અલ અલીમી દ્વારા કરાઈ હતી.

સાઉદી અરબમાંથી વાત કરતી વખતે યમનના નેતા રશદ અલ અલીમીએ કહ્યું હતું કે સાઉદી સમર્થક યમન સરકારને હુથીઓ સામેના ઓપરેશનમાં મદદ કરવામાં આવે. તાજેતરમાં હુથીઓ દ્વારા યમનનો મોટો વિસ્તાર કબજે કરી લેવામાં આવ્યો છે. જેમાં રેડ સી કોસ્ટ અને એક ખાડીનો પણ સમાવેશ થાય છે. હુથીઓને ઈરાનનું સમર્થન છે જ્યારે યમન સરકારને સાઉદી સરકારનું સમર્થન છે.હાલ હુથીઓ અમેરિકાના જહાજો ઓઈલ ટેન્કરોને પણ નિશાન બનાવી રહ્યા છે. એવામાં યમન સરકાર પર હુથીઓ સામે કાર્યવાહી માટે દબાણ વધી રહ્યું છે.

બીજી તરફ હુથીઓના સૈન્યના પ્રવક્તા બ્રિગેડિયર જનરલ યાહયા સરીએ કહ્યું હતું કે અમે સાઉદીના ઓઈલ મથકો પર ડ્રોનથી હુમલો કર્યો હતો. રિયાદમાં અરામકો ઓઈલ કંપની દ્વારા સંચાલિત પ્લાન્ટ પર આ હુમલો કરવામાં આવ્યો હોવાનો દાવો અહેવાલોમાં કરાયો છે. હુથીઓએ મધરાત્રે યમનની રાજધાની પર હુમલા કર્યા હતા. સાઉદી અરબ દ્વારા હુથીઓ પર એરસ્ટ્રાઈક કરવામાં આવી રહી છે એવા સમયે હુથીઓ દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો.

# ખેડા રેલવે સ્ટેશનનો ગોલ્ડ રોબરી કેસ ગણતરીના કલાકોમાં ડિટેક્ટ: ચાર આરોપીઓ સાથે રૂ. ૪ કરોડની કિંમતનું ૨.૯૦ કિલો સોનું રિકવર

## અમદાવાદ ગ્રામ્ય અને પશ્ચિમ રેલવે જીઆરપી પોલીસના સંયુક્ત ઓપરેશનમાં ૧૦૦ ટકા મુદ્દામાલ રિકવર

ખેડા,

ખેડા રેલવે સ્ટેશન પર બનેલી સનસનાટીભરી સોનાની લૂંટનો ભેદ અમદાવાદ ગ્રામ્ય પોલીસ અને રેલવે પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી કાઢ્યો છે. પોલીસે લૂંટમાં સંડોવાયેલા તમામ ૪ આરોપીઓને ઝડપી પાડી તેમની પાસેથી આશરે ?૪ કરોડની કિંમતનું ૨.૯૦ કિલો સોનું (૧૦૦% મુદ્દામાલ) તેમજ ગુનામાં વપરાયેલી બે કાર જપ્ત કરી વધુ તપાસ શરૂ કરી છે. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સમગ્ર ટીમને સફળ ઓપરેશન બદલ અભિનંદન પાઠવ્યા છે.



સાંજે આશરે ૫:૦૦ વાગ્યાના અરસામાં ખેડા રેલવે સ્ટેશન પર સોનાની લૂંટની ઘટના બની હતી. ભોગ બનનારે હિંમત દાખવી આરોપીઓનો પીછો કર્યો હતો અને તેમના વાહનનો ફોટો પાડી લીધો હતો. જીઆરપી ખેડા દ્વારા તાત્કાલિક સીસીટીવી ફૂટેજ ચકાસી શંકાસ્પદ વાહન (ટાટા ટિયાગો) અને આરોપીઓ અંગે સ્ટેટ કંટ્રોલ રૂમને એલર્ટ કરવામાં આવ્યો હતો. આ વિગતો સાંજે આશરે ૭:૩૦ વાગ્યે અમદાવાદ ગ્રામ્ય પોલીસને પ્રાપ્ત થઈ હતી.

**ઓપરેશનમાં પોલીસ અધિકારી ૫૦૦ મીટર સુધી ઘસડાયા છતાં કારનું સ્ટેયરિંગ કાબૂમાં લઈ હેન્ડબ્રેક ખેંચી આરોપીઓને દબોચી લીધા**

વિગતો મળતાં જ અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા તાત્કાલિક રૂટ મેપિંગ હાથ ધરવામાં આવ્યું હતું. વાહનનો રજીસ્ટ્રેશન નંબર અને મોબાઈલ નંબરના એસડીઆરના આધારે બનાસકાંઠા કનેક્શન સામે આવ્યું. એલસીબી હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રસિંહે પોતાના બાતમીદાર નેટવર્ક દ્વારા ટિયાગો કારનું સચોટ લોકેશન શોધી કાઢ્યું.

વધુ તપાસમાં સામે આવ્યું કે આ ટિયાગો કારની પાછળ નંબર પ્લેટ વગરની અન્ય એક મારુતિ બલેનો કાર પણ આવી રહી હતી.

સંભવિત રૂટ સાચાણા અને વિરમગામ તરફનો હોવાનું જણાતાં એલસીબી અને વિરમગામ ટાઉન પોલીસે તાત્કાલિક નાકાબંધી ગોઠવી દીધી હતી.

બલેનો કાર વિરમગામ ટાઉનમાં પ્રવેશે તે પહેલાં જ એલસીબીના હિમાંશુ અને વિરમગામ ટાઉન પોલીસના સિદ્ધરાજે સમયસૂચકતા વાપરી ટ્રક અને અન્ય વાહનો આડા મૂકી રસ્તો બ્લોક કરી દીધો હતો અને એક આરોપીને ઝડપી પાડ્યો હતો.

# વાંધાજનક પોસ્ટ કરવા મામલે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સરની થઈ ધરપકડ




અમદાવાદ,

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મદિવસે તેમના ફોટાવાળી ચલણી નોટ સાથે સિમરન પટેલ નામની સોશિયલ મીડિયા ઈન્ફલુઅન્સરે વાંધાજનક વીડિયો પોસ્ટ કર્યો હતો. આ બાબતે એક જાગૃત નાગરિકે ફરિયાદ કરતા સુરત પોલીસે સિમરનની ધરપકડ કરી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સિમરન પટેલે ૧ ઓક્ટોબરના રોજ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક વાંધાજનક રીલ પોસ્ટ કરી હતી. ભારતીય ચલણની રૂ. ૫૦૦ની નોટમાં રહેલા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના ફોટોને દર્શાવી, તેને જાતીય સંદર્ભ ધરાવતા અપમાનજનક નિવેદનો અને શારીરિક હાવભાવ દ્વારા વીડિયો બનાવ્યો હતો. મળતી માહિતી અનુસાર સિમરન ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ પર ૧ મિલિયનથી વધુ ફોલોઅર્સ ધરાવે છે. વળી તેણે પોતાના ઈન્સ્ટાના બાયોમાં જ લખ્યું છે કે, બાળકો અને સંસ્કારીઓ દૂર રહે. જોકે તેનાં આ વીડિયોએ લોકોની લાગણી દુભાવી હતી અને ફરિયાદ થઈ હતી.

# લાજપોર સેન્ટ્રલ જેલમાંથી ૧૧ મોબાઈલ ફોન અને ૧૦ સીમકાર્ડ મળી આવ્યા

## જેલ સત્તાવાળાઓ દ્વારા કરવામાં આવેલી તપાસમાં વસ્તુઓ મળી આવી

સુરત,

લાજપોર સેન્ટ્રલ જેલમાં વિજિલન્સ ડિપાર્ટમેન્ટ દ્વારા કરવામા આવેલી રેડમાં ૧૧ મોબાઈલ ફોન અને ૧૦ સિમ કાર્ડ અને ત્રણ છુપાયેલા ચાર્જર મળી આવ્યા હતા. આ ઘટનાને પગલે સુરક્ષામાં રહેલી ખામીઓ અને ઉચ્ચ સુરક્ષા ધરાવતી આ જેલમાંથી કેદીઓ દ્વારા ગુનાહિત નેટવર્ક ચલાવવાની શક્યતા અંગેની ચિંતાઓ ફરી વકરી છે. સ્થાનિક જેલ સત્તાવાળાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન આ વસ્તુઓ મળી આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે લાજપોર સેન્ટ્રલ જેલની સ્થાનિક




સર્ચ ટીમે સૌપ્રથમ સાંજે ૫ થી ૬ વાગ્યાની વચ્ચે તપાસ હાથ ધરી હતી. આ કાર્યવાહી દરમિયાન, ટૉયલેટમાંથી ત્રણ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. તેમાં કોઈ સિમ કાર્ડ મળી આવ્યા ન હતા. ત્યારબાદ સચિન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.ત્યારબાદ, રાત્રે લગભગ ૮:૩૦ વાગ્યે અમદાવાદની વિજિલન્સ ટીમે વરિષ્ઠ અધિકારીઓના નિર્દેશ પર ઓચિંતી તપાસ હાથ ધરી હતી. આ ટીમે લગભગ બે કલાક સુધી અનેક બેરેકોની તલાશી લીધી હતી. આ કાર્યવાહી દરમિયાન, અધિકારીઓએ જેલની અંદર વિવિધ સ્થળોથી ૧૧ મોબાઈલ ફોન, ૧૦ સિમ કાર્ડ અને ત્રણ ચાર્જર જપ્ત કર્યા હતા.

પોલીસે બાથરૂમમાં પ્લાસ્ટિકની થેલીઓમાં વીંટાળેલા અને ડોલની નીચે છુપાવેલા ગેજેટ્સ મળી આવ્યા હતા. કેટલાક ફોન ચાર્જિંગ દરમિયાન વોશબેસિનની નજીક મળી આવ્યા હતા, જ્યારે અન્ય ફોન ટૉયલેટ્સના દરવાજાની પાછળ અને પ્લાસ્ટિકના ડબ્બાઓની નીચે છુપાવેલા હતા.ચોંકાવનારી વાત એ છે કે વ્યક્તિગત તલાશી દરમિયાન એક કાચા કામના કેદીના જમણા ખિસ્સામાંથી ચાલુ હાલતમાં રહેલો મોબાઈલ ફોન મળી આવ્યો હોવાનું કહેવાય છે.

# ‘નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત’ અભિયાન અંતર્ગત ‘રન ફોર નશા મુક્ત યુવા’ મેગા ઈવેન્ટનું ભવ્ય આયોજન

અમદાવાદ,

યુવાનોમાં નશા મુક્ત જીવનશૈલી અંગે જાગૃતિ લાવવા તેમજ યુવા શક્તિને વિકસિત ભારતજ૨૦૪૭ના સંકલ્પ સાથે જોડવાના ઉદ્દેશ્યથી અણુવ્રત સમિતિ, અમદાવાદ તથા સ્રૂ મ્ર્ફ્રદ્ધિં – અમદાવાદ (ગુજરાત), યુવા કાર્ય અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર દ્વારા તથા અન્ય સહભાગી સંસ્થાઓ અને હિતધારકોના સહયોગથી આજે અમદાવાદ ખાતે ‘નશા મુક્ત યુવા ફોર વિકસિત ભારત – ૧૦૦ અઠવાડિયા (રવિવાર) અભિયાન’ અંતર્ગત ‘રન ફોર નશા મુક્ત યુવા’ મેગા ઈવેન્ટનું ભવ્ય આયોજન સુશ્રી ડિમ્પલ જૈન, અધ્યક્ષ, અણુવ્રત સમિતિ, અમદાવાદ તથા શ્રી પ્રિતેશ કુમાર ઝવેરી, જિલ્લા યુવા અધિકારી, MY Bha®a – અમદાવાદના સહિયારા નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમની અધ્યક્ષતા અમદાવાદ પૂર્વ ના લોકપ્રિય માનનીય લોકસભા સાંસદ શ્રી હસમુખભાઈ એસ. પટેલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શ્રી સૌરભ જામવાલ, NCC બ્રિગેડિયર, શ્રી સચિન શર્મા, રાજ્ય નિર્દેશક, સ્રૂ મ્ર્ફ્રદ્ધિં – ગુજરાત, શ્રી વિનોદજી કોઠારી, ઓલ ઈન્ડિયા વાઈસ પ્રેસિડેન્ટ, અણુવિભા, કર્નલ NCC શ્રી મનીષ જસરોટીયા, અણુવ્રત સમિતિ સચિવ મનીશા દત્ત સહિત વિવિધ ક્ષેત્રોના અન્ય મહાનુભાવો અને અધિકારીઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

માનનીય મુખ્ય અતિથિ તથા ઉપસ્થિત મહાનુભાવોએ યુવાનોને નશાથી દૂર રહીને સ્વસ્થ, સશક્ત અને જવાબદાર જીવનશૈલી અપનાવવા આહ્વાન કર્યું હતું તથા નાશ મુક્ત યુવા અંગેની પ્રતિગના પણ લેવડાવી હતી. તેમણે યુવાનોને નશા મુક્ત ભારતના નિર્માણમાં સક્રિય ભાગીદાર બનવા તેમજ પોતાની ઊર્જા અને ક્ષમતાનો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણ માટે કરવા પ્રેરિત કર્યા હતા. સાથે જ, યુવા શક્તિને વિકસિત ભારતજ૨૦૪૭ના રાષ્ટ્રીય સંકલ્પ સાથે જોડાઈને ભારતના સર્વાંગી વિકાસમાં યોગદાન આપવા અપીલ કરવામાં આવી હતી તથા ઉપસ્થિત તમામ મહાનુભાવો દ્વારા સહભાગિયો ને લીલી ઝંડી આપી મેરેથોન ની ભવ્ય શરૂઆત કરવી હતી.

મેગા ઈવેન્ટમાં વિવિધ સહભાગી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, યુવા સંગઠનો, NCC તથા અન્ય સ્ટેકહોલ્ડર્સના મોટી સંખ્યામાં યુવા પ્રતિભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. યુવાનોની વિશાળ ભાગીદારી અને ઉત્સાહના કારણે સમગ્ર કાર્યક્રમમાં જનજાગૃતિ અને સામૂહિક સંકલ્પનું વાતાવરણ સર્જાયું હતું.

# સુરતમાં સુનિધિ ચૌહાણના લાઈવ કોન્સર્ટમાં ડાન્સરના વસ્ત્રોને લઈને સર્જાયો વિવાદ

## વસ્ત્ર પરિધાન મામલે બજરંગદળ દ્વારા પ્રબળ વિરોધ કરવામાં આવ્યો

સુરત,

સુરતમાં બોલિવૂડ સિંગર સુનિધિ ચૌહાણનો ૩ ઑક્ટોબરના રોજ યોજાયેલ લાઈવ કોન્સર્ટમાં ડાન્સરોના વસ્ત્રોને લઈને મોટો વિવાદ સર્જાયો છે. આ અંગેના વિડીયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયા બાદ બજરંગ દળ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

બજરંગ દળે વિડીયોમાં થઈ રહેલા પ્રદર્શનને અશોભનીય ગણાવ્યું હતું. તેમજ જવાબદારો સામે કાર્યવાહીની માગ કરવામાં આવી છે. જોકે, આયોજકોએ આ વિરોધને પાયાવિહોણો ગણાવ્યો છે. તેમજ કહ્યું હતું કેપાસ ન મળતાં સમગ્ર વિવાદ ઉભો કરાયો છે. આ અંગે મળતી માહિતી મુજબ સુરતના પાલ સ્થિત ગ્રાન્ડ ફેરોહાર



ખાતે ૩ ઓક્ટોબરથી બોલિવૂડ સિંગર સુનિધિ ચૌહાણે પોતાની ‘આઈ એમ હોમ કમિંગ’ ઈન્ડિયા ટૂરની શરૂઆત કરી હતી. આ કોન્સર્ટની શરૂઆતમાં સુનિધિએ હિટ ગીતો પર પર્ફોર્મન્સ આપ્યું હતું. તેમજ બે વખત આઉટફીટ પણ બદલ્યા હતા.

જોકે, કોન્સર્ટના વાઈરલ વીડિયો બાદ બજરંગ દળના સંયોજક અભિષેક રાજપૂતે આક્ષેપ કર્યો હતો કે સુનિધિ ચૌહાણના લાઈવ કોન્સર્ટ દરમિયાન કપડાં પહેરવાની મર્યાદા જાળવવામાં આવી ન હોવાની બાબત અમારા ધ્યાને આવી છે. તેમજ ભારતીય સંસ્કૃતિ અનુસાર યોગ્ય પહેરવેશ હોવો જોઈએ અને કાર્યક્રમોમાં પારિવારિક માહોલ જળવાવો જોઈએ.

જ્યારે બીજી તરફ આ કાર્યક્રમના આયોજકોએ અજેશ કુમારે આક્ષેપ કર્યો હતો કે ઈવેન્ટના પાસ નહિ મળતા વિવાદ ઉભો કરાયો છે. તેમજ દેશમાં કાયદા મુજબ દરેકને કપડાં પહેરવાની સ્વતંત્રતા છે. તેમજ સુનિધિ ચૌહાણ અગાઉ પણ આવા જ આઉટફિટમાં સુરત અને અમદાવાદ સહિત દેશભરમાં પર્ફોર્મન્સ આપી ચૂક્યા છે.

# ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનની કારોબારી બેઠકમાં એમ.એસ. પટેલની નવા પ્રમુખ તરીકે વરણી

ઊંઝા,

સમગ્ર રાજ્ય સહીત દેશમાં ધાર્મિક મહત્વ ધરાવતું કડવા પાટીદાર સમાજના આસ્થાની મુખ્ય ધામ એવા ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનમાં નવા હોદ્દેદારોની નિમણુક કરવામાં આવી છે. ઊંઝા ખાતેજ યોજાયેલી સંસ્થાનની મહત્વપૂર્ણ કારોબારી બેઠકમાં સર્વાનુમતે નિર્ણય લઈને સંસ્થાનના નવા પ્રમુખ તરીકે પૂર્વ આઈએએસ (IAS) અધિકારી અને ભાજપના પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ એમ. એસ. પટેલ (મહેન્દ્ર પટેલ)ની વરણી કરવામાં આવી છે. આ નિર્ણય સાથે જ ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના તમામ વહીવટી અને સામાજિક કાર્યોની કમાન હવે એમ. એસ. પટેલના હાથમાં સોંપાઈ છે.

ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાની કારોબારી બેઠકમાં પ્રમુખપદ ઉપરાંત અન્ય મહત્વના હોદ્દાઓ પર પણ સભ્યોની વરણી કરવામાં આવી હતી. જે અંતર્ગત પ્રથમ ઉપપ્રમુખ તરીકે બાબુભાઈ પટેલ (ખોરજ)ની નિમણૂક કરવામાં આવી છે, જ્યારે બીજા ઉપપ્રમુખ તરીકે મૌલેશભાઈ ઉકાણીને યથાવત રાખીને રીપીટ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સંસ્થાનના માનદ મંત્રી તરીકે મુકેશ એ. પટેલ (બડુ)ની બિનહરીફ વરણી કરવામાં આવી છે.

ઉમિયા માતાજી સંસ્થાના નવા નિમાયેલા પ્રમુખ એમ. એસ. પટેલ પૂર્વ સિવિલ સર્વન્ટ હોવાની સાથે સાથે વિશાળ વહીવટી ક્ષમતા અને રાજકીય તેમજ સામાજિક અનુભવ ધરાવે છે. તેમના નેતૃત્વ હેઠળ ઊંઝા ઉમિયા ધામ ખાતે આવતા દર્શનાર્થીઓની સુવિધાઓમાં વધારો કરવા, સામાજિક-શૈક્ષણિક પ્રવૃત્તિઓને વેગ આપવા અને સંસ્થાનના વહીવટને વધુ પારદર્શક તથા સુદ્રઢ બનાવવાના દિશામાં કાર્યો હાથ ધરવામાં આવશે.

# અમદાવાદમાં નશો કરેલી હાલતમાં ટ્રાફિક પીએસઆઈએ કાર ચલાવી સર્જ્યો અકસ્માત

## સ્થાનિક લોકોએ ઘેરી લઈ ભરત પંડ્યાને પોલીસને હવાલે કર્યો

અમદાવાદ,

અમદાવાદ શહેરના એમ ડિવિઝન ટ્રાફિક પોલીસ મથકમાં ફરજ બજાવતા પી.એસ.આઈ. ભરત પંડ્યાનો નશાની હાલતમાં સાબરમતી વિસ્તારમાં કાર હંકારીને અકસ્માત સર્જાયો હતો. આ ઘટનાબાદ પી.એસ.આઈ.ને સ્થાનિક લોકોએ ઘેરી લીધા હતા. ઘટનાની જાણ થતાં જ સાબરમતી પોલીસ સ્ટેશનની ટીમે સ્થળ પર પહોંચી પીએસઆઈ ભરત પંડ્યા તેમજ તેની કારને કસ્ટડીમાં લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.મળતી માહિતી અનુસાર, રિંગ રોડ આસપાસના વિસ્તારમાં રહેતા અને હાલમાં એમ ડિવિઝન ટ્રાફિકમાં



વિશાલા બીટના ઈનચાર્જ તરીકે ફરજ બજાવતા PSI ભરત પંડ્યાએ સાબરમતી વિસ્તારમાં દારૂના નશામાં અકસ્માત સર્જ્યો હતો. અકસ્માત થતાં જ આસપાસના સ્થાનિક લોકો મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને PSIને ઘેરીને આખી ઘટનાનો વીડિયો બનાવી લીધો હતો. આ દરમિયાન તેમની કારની ડેકી તપાસતાં તેમાંથી દારૂની બોટલ પણ મળી આવી હતી. લોકોએ તાત્કાલિક પોલીસને જાણ કરતા સાબરમતી પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.

PSI ભરત પંડ્યા અગાઉ પણ અનેક વિવાદોમાં સપડાયેલા રહ્યા છે. અગાઉ તેઓ જ્યારે શાહીબાગ પોલીસ સ્ટેશનમાં કાર્યરત હતા, ત્યારે પણ નશાની હાલતમાં વાહન ચલાવીને કેટલીક લારીઓ ઊંધી વાળી દીધી હોવાના આક્ષેપો સાથે તેમનો વીડિયો વાઈરલ થયો હતો. આ ઉપરાંત, થોડા સમય પહેલા જ તેમના બીટમાં ફરજ બજાવતા એક ટીઆરબી જવાને ફરજ દરમિયાન રિપોર્ટ કરતા તેણે જવાનને માર મારવાની ધમકી આપી હતી. આ ધમકીના મામલે તે જવાને પીએસઆઈ સામે ફરિયાદ પણ દાખલ કરાવી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં ‘વિકસિત ગુજરાતથી વિકસિત ભારત’ મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ૨૫ વર્ષની જનસેવા અને વિકાસયાત્રાની ઝાંખી કરાવતું વિશેષ મલ્ટિમીડિયા પ્રદર્શન

અમદાવાદ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના પં. દીનદયાળ ઑડિટોરિયમ ખાતે માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા આયોજિત ‘વિકસિત ગુજરાતથી વિકસિત ભારત’ વિષયક વિશેષ મલ્ટિમીડિયા પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

આ પ્રદર્શનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતથી શરૂ થયેલી ૨૫ વર્ષની જનસેવા, નેતૃત્વ અને વિકાસયાત્રાની ઝાંખી વિવિધ પેનલ, પોસ્ટર્સ અને દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિઓના માધ્યમથી રજૂ કરવામાં આવી છે, જેને મુખ્યમંત્રીએ




નિહાળી હતી. આ પ્રદર્શનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતથી શરૂ થયેલી ૨૫ વર્ષની જનસેવા, નેતૃત્વ અને વિકાસયાત્રાની ઝાંખી વિવિધ પેનલ, પોસ્ટર્સ અને દૃશ્ય-શ્રાવ્ય પ્રસ્તુતિઓના માધ્યમથી રજૂ કરવામાં આવી છે, જેને મુખ્યમંત્રીએ નિહાળી હતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં જનસેવા, સાધના અને સુશાસનનાં ૨૫ વર્ષના ઉપક્રમે ‘સેવા સંકલ્પ અભિયાન’ અંતર્ગત વિવિધ જનહિતલક્ષી કાર્યક્રમો અને આયોજનો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત, રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા નરેન્દ્રભાઈ મોદીની આ વિકાસયાત્રાની ઝાંખી આ પ્રદર્શનમાં રજૂ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી સહિતના મહાનુભાવોએ પ્રદર્શનના વિવિધ વિભાગોની મુલાકાત લઈ રજૂ કરવામાં આવેલી વિકાસલક્ષી કામગીરીની માહિતી મેળવી હતી તેમજ સમગ્ર આયોજનની સરાહના કરી હતી.

# પશ્ચિમ રેલવેમાં પ્રથમ વખત સાબરમતી કોચિંગ ડેપોમાં રિટ્રેક્ટેબલ OHEની સ્થાપના

## સાબરમતી કોચિંગ ડેપો બન્યો આધુનિક ટેકનોલોજીનું નવું કેન્દ્ર

અમદાવાદ,

શન્ટિંગ એન્જિનની જરૂરિયાતને બદલે હવે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન પોતે ચાલીને કોચિંગ ડેપો સુધી જઈ શકશે. પશ્ચિમ રેલવેના ઈન્ટિગ્રેટેડ કોચિંગ ડેપો સાબરમતી (SBT) ખાતે પ્રથમ વખત રિટ્રેક્ટેબલ ઓવરહેડ ઈક્વિપમેન્ટ (OHE) સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે. આ અત્યાધુનિક સિસ્ટમ રિટ્રેક્ટેબલ રિજિડ ઓવરહેડ કંડક્ટર સિસ્ટમ (RRCS) તરીકે ઓળખાય છે.

ડેપો પરિસરમાં કુલ ૬૨૦ મીટરની લંબાઈમાં આ આધુનિક વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવી





છે. આ સિસ્ટમ મોટરચાલિત, પિટ-માઉન્ટેડ ઓવરહેડ કંડક્ટર વ્યવસ્થા છે, જેને ખાસ કરીને ઈલેક્ટ્રિફાઈડ રેલ કોચિંગ ડેપો, લોકો શેડ અને લોડિંગ સાઈડિંગ્સમાં ઉપયોગ માટે ડિઝાઈન કરવામાં આવી છે.

રિટ્રેક્ટેબલ OHE ઈલેક્ટ્રિક લોકોમોટિવને ટ્રેક્શન પાવર પ્રદાન કરે છે, તેમજ જરૂરિયાત મુજબ કંડક્ટર રેલને યાંત્રિક રૂપે હટાવવાની (રિટ્રેક્ટ)ની સુવિધા પણ આપે છે, જેથી જાળવણીના કામ દરમિયાન પૂરતું ઓવરહેડ ક્લિયરન્સ સુનિશ્ચિત કરી શકાય.

રિટ્રેક્ટેબલ OHE (RRCS) સિસ્ટમની પ્રમુખ વિશેષતાઓ:-

**(૧) મેન્ટેનન્સ સ્ટાફ માટે વધુ સુરક્ષા** : OHEને બંધ (ડી-એનર્જાઈઝ) કરીને અને અલગ કર્યા બાદ કોચની છત પર સુરક્ષિત કામ કરી શકાય છે. યોગ્ય અર્થિંગની વ્યવસ્થાથી વીજળીના જોખમમાં ઘટાડો થાય છે. આકસ્મિક રીતે કરંટ લાગવાની સંભાવના ઘટે છે.

**(૨) ડીઝલ શન્ટિંગની જરૂરિયાત સમાપ્ત:** હવે કોચને સીધા ઈલેક્ટ્રિક પાવરથી ચલાવી શકાય છે. ડેપોમાં ડીઝલ એન્જિનની જરૂરિયાત રહેશે નહીં. આથી ધુમાડો, પ્રદૂષણ અને અવાજમાં ઘટાડો થશે.

**(૩) સમયની બચત (ઓછો ટર્નઅરાઉન્ડ સમય):** કોચને સીધા મેન્ટેનન્સ લાઈન પર લઈ જઈ શકાય છે. આથી કોચની તૈયારી ઝડપથી થશે અને સંચાલન ઝડપી બનશે.

સૌરાષ્ટ્ર આસપાસ

# રાજયભરની સાથે રાજકોટની કોર્ટમાં ભાડા વિધેયક વિરુદ્ધ વકીલોની હડતાલ : સૂત્રોચ્ચાર

## બારના વકીલોએ સૂચિત રેન્ટ એક્ટ બિલ ૨૦૨૬ પાછું ખેંચવા ઉગ્ર માંગ ઉઠાવી




તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ, રાજ્યની જુદી જુદી કોર્ટમાં સૂચિત ભાડા વિધેયક સામે વકીલોએ હડતાલનું હથિયાર ઉગામ્યું છે ત્યારે રાજકોટ કોર્ટમાં આજે વકીલોએ હડતાલ પાડી હતી અને ભાડા વિધેયક વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યાં હતા.

નવી કોર્ટ ખાતે વકીલો કાર્યવાહીથી અલિપ્ત રહેતા કામગીરી ખોરવાઈ હતી. રાજકોટ બારના પ્રમુખ સુમિત વોરા અને સેક્રેટરી નિલેશ પટેલે જણાવ્યા મુજબ વકીલોએ સૂચિત રેન્ટ એક્ટ બિલ ૨૦૨૬ પાછું ખેંચવા ઉગ્ર માંગ કરી છે. જિલ્લા અને તાલુકા કક્ષાની અદાલતોમાં અરજન્ટ મેટર્સ સિવાયની તમામ કાર્યવાહીથી વકીલો અલિપ્ત રહ્યા હતા.

ગુજરાત ભાડા વિધેયક અંતર્ગત ભાડા કરાર અને વિવાદો અંગેની કોર્ટની સત્તાઓ મ્યુનિસિપલ કમિશનર, કલેક્ટર તેમજ ડેપ્યુટી કલેક્ટર જેવા વહીવટી અધિકારીઓને સુપ્રત કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. ત્યારે કોર્ટની સત્તા વહીવટી તંત્રને સોંપવાથી પક્ષકારો અને વકીલોને ખુબ જ તકલીફો અને મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ નિર્માણ પામશે. તેમ વકીલોએ જણાવ્યું હતું.

આ જોગવાઈઓને તાત્કાલિક ધોરણે દૂર કરવી અથવા સુધારા કરવા અત્યંત જરૂરી હોવાનું વકીલો માની રહ્યા છે. રાજકોટ બાર એસોસિએશનના પ્રમુખ વોરા અને સેક્રેટરી પટેલની સંયુક્ત યાદી મુજબ, હડતાલ સંદર્ભે સર્વાનુમતે એક ઠરાવ કરવામાં આવ્યો હતો. આ ઠરાવની નકલો રાજકોટ શહેરની તમામ અદાલતોના ન્યાયાધીશોને સુપ્રત કરવામાં આવી હતી.

ન્યાયાધીશોને વિનંતી કરી હતી કે, કોઈ વકીલ કે પક્ષકારોની ગેરહાજરીના કારણે કેસોમાં પક્ષકારોને નુકસાન થાય તેવા કોઈ હુકમો ન કરવા. સાથે તમામ કેસોમાં યથાવત સ્થિતિ જાળવી રાખવા વિનંતી કરાઈ હતી.

આ ઉપરાંત જો સરકાર દ્વારા આ સૂચિત ભાડા વિધેયક બિલ તાત્કાલિક પાછું ખેંચવામાં નહીં આવે અથવા વકીલોની માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં રાજ્યના તમામ વકીલ મંડળોની એક મહત્ત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવશે.

રાજ્ય વ્યાપી આયોજનો કરવા નિર્ણય લેવાશે. આજે રાજકોટ કોર્ટ ખાતે મોટી સંખ્યામાં વકીલો હાજર રહ્યા હતા અને સૂચિત ભાડા વિધેયકના વિરુદ્ધમાં સૂત્રોચાર કર્યા હતા અને આ વિધેયક પાછું ખેંચવા માટેની માંગ કરી હતી.

# ડૉ. મનસુખ માંડવીયા-જીતુભાઈ વાઘાણીની ઉપસ્થિતિમાં શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોશીએશનની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

## ઉદ્યોગકારોના પ્રશ્નોના નિરાકરણ માટે સરકાર સાથે ખભેખભો મિલાવી કાર્ય કરવાની ખાતરી






તસવીર : દિલિપ ગોહેલ

## SVIAની વાર્ષિક સાધારણ સભામાં કેન્દ્ર અને રાજ્ય સરકારના મંત્રીઓની પ્રેરણાદાયી ઉપસ્થિતિ

રાજકોટ, શાપર-વેરાવળ ઈન્ડસ્ટ્રીયલ એસોશીએશન દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક સાધારણ સભા નું આયોજન રાજકોટના પાળ રોડ સ્થિત વિવાન્તા પાર્ટી લોન્સ ખાતે કરવામાં આવ્યું હતું. ઔદ્યોગિક ક્ષેત્રની પ્રગતિ, ઉદ્યોગકારોના પ્રશ્નો તથા શાપર-વેરાવળ ઔદ્યોગિક ઝોનના સર્વાંગી વિકાસ અંગે સકારાત્મક ચિંતન સાથે યોજાયેલી આ સાધારણ સભામાં કેન્દ્રીય કેબિનેટ મંત્રીશ્રી ડૉ. મનસુખભાઈ માંડવીયા તથા ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનો ગરિમામય પ્રારંભ કેન્દ્રીય કેબિનેટ મંત્રીશ્રી ડૉ. મનસુખભાઈ માંડવીયા, રાજકોટ જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. ઓમ પ્રકાશ (IAS), પોલીસ કમિશનરશ્રી બ્રજેશકુમાર ઝા , જીફૈંછના ચેરમેન તથા રાજકોટના ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, રાજકોટના મેયરશ્રી નેહલભાઈ શુક્લ, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખશ્રી અલ્પેશભાઈ ઢોલરીયા, શ્રી મનસુખભાઈ પાન (પાન ગ્રુપ), શ્રી જવાહરભાઈ પંડ્યા (એસન મલ્ટીપેક), જીફૈંછના પ્રમુખશ્રી અમૃતભાઈ ગઢિયા તથા ઉપસ્થિત અન્ય મહાનુભાવોના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો.

મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત બંને મંત્રીઓએ પોતાના ઉદબોધનમાં ઉદ્યોગકારોના પ્રશ્નો અને સૂચનો અંગે ભારત સરકાર તથા ગુજરાત સરકાર સમક્ષ યોગ્ય રજૂઆત કરી તેના નિરાકરણ માટે સહકાર આપવાની ખાતરી વ્યક્ત કરી હતી. સરકાર અને ઉદ્યોગ જગત વચ્ચેના સંકલનથી ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવાનો સંદેશ બંને મહાનુભાવોએ આપ્યો હતો.

આ પ્રસંગે જીફૈંછના ચેરમેન તથા રાજકોટ દક્ષિણના ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાએ પોતાના સંબોધનમાં શાપર-વેરાવળ ઔદ્યોગિક ઝોનની વિકાસયાત્રા તથા ભવિષ્યની તકો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, શાપર-વેરાવળ વિસ્તાર રાજ્યના ઔદ્યોગિક વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે અને આવનારા સમયમાં વધુ સુવિધાઓ, નવી તકો તથા વિકાસલક્ષી આયોજન સાથે આ ઔદ્યોગિક ઝોનને નવી ઊંચાઈએ લઈ જવા માટે સરકાર, વહીવટી તંત્ર અને ઉદ્યોગ જગતના સંકલિત પ્રયાસો જરૂરી છે. ઉદ્યોગકારોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વિકાસના નવા આયામો ઊભા કરવા તેમજ શાપર-વેરાવળને વધુ સુવિધાસભર અને સક્ષમ ઔદ્યોગિક હબ બનાવવાની દિશામાં સતત સહકાર અને સંકલન જાળવવાની ખાતરી તેમણે વ્યક્ત કરી હતી તેમજ શાપર-વેરાવળ ઔદ્યોગિક ઝોનમાં આર્યુવેદિક દવાખાનું બનાવવાની જાહેરાત કરી હતી .

આ તકે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજરશ્રી લાડાણી સાહેબે નવી ઉદ્યોગ નીતિ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. નવી નીતિ અંતર્ગત ઉદ્યોગોને ઉપલબ્ધ વિવિધ લાભો અને પ્રોત્સાહનો અંગે સભ્યોને માહિતગાર કરવામાં આવ્યા હતા. વાર્ષિક સાધારણ સભા દરમિયાન એજન્ડા મુજબ વિવિધ ઠરાવો રજૂ કરવામાં આવ્યા હતા, જેને સભ્યો દ્વારા સર્વાનુમતે મંજૂર કરી બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રમાં નવી પેઢીની ભાગીદારીને પ્રોત્સાહન મળે તે હેતુથી યુવા ઉદ્યોગપતિઓનું ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ખેસ પહેરાવી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી દર્શિતાબેન શાહ, સ્વામી શ્રી નીખીલેશ્વારાનંદજી – રામકૃષ્ણ આશ્રમ, શ્રી પરાક્રમસિંહ જાડેજા – જ્યોતિ સીએનસી, રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિઓ, વિવિધ ઈન્ડસ્ટ્રીયલ એસોશીએશનના હોદ્દેદારો, શાપર સરપંચશ્રી જયેશભાઈ કાકડિયા, જીફૈંછના ઉપપ્રમુખશ્રીઓ દુષ્યંતભાઈ ટીલાળા તથા દિલીપભાઈ ઝાલાવાડિયા, સેક્રેટરીશ્રી અશ્વિનભાઈ વસાણી, કારોબારી સભ્યો તેમજ એસોશીએશનના સભ્યો ઉપરાંત રાજકોટના વિવિધ પ્રગતિશીલ ઔદ્યોગિક એસોશીએશનના અગ્રણી ઉદ્યોગપતિઓ અને હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન શાપર-વેરાવળ ઔદ્યોગિક વિસ્તારના વિકાસ, ઉદ્યોગકારોના પ્રશ્નોના નિરાકરણ તથા સરકાર અને ઉદ્યોગ જગત વચ્ચે વધુ મજબૂત સંકલન માટે સકારાત્મક વાતાવરણ સર્જાયું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ જીફૈંછની સમગ્ર ટીમને વાર્ષિક સાધારણ સભાના સફળ આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# ગોંડલમાં પોલીસ ફરીયાદનો ખાર રાખી વેપારી પિતા-પુત્ર ઉપર પડોશીઓનો હુમલો મારકુટ

રાજકોટ, ગોંડલમાં જેતપુર રોડ પર હાઉસીંગ બોર્ડમાં રહેતાં અને જેતપુર રોડ ત્રિકોણ પાસે શ્રી બાલવીકૃપા નામે દુકાન ધરાવતા મહેશભાઇ કાંતીભાઇ ખીલોસીયા (ઉ.૫૮) એ અગાઉ કરેલી ફરીયાદનો ખાર રાખી તેને અને તેના પુત્રને વિશાલ સુધીરભાઇ પુરોહિત અને તેના ભાઇ સાહીલ (રહે બને ગુ. હા. બોર્ડ, ગોંડલ) એ ગાળો દઇ તમાચા ઝીંકી, મારકુટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યારની જસદણ બી ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઇ છે.

મહેશભાઇએ પોલીસને જણાવ્યુ કે, તે તેના પુત્ર જૈમીશ (ઉ.વ.૨૮), સાથે રાત્રે દુકાન બંધ કરી સુથારવાડી પાસે આવેલા મદ્રાસ કાફે નામની દુકાને ઢોસા ખાવા ગયા હતા ત્યાઉરે દુકાનના દરવાજા પાસે તેના પાડોશી વિશાલ અને તેના ભાઇ સાહિલ પુરોહિત બને પિતા-પુત્રને ગાળો આપવા લાગ્યા હતાં. તેને ગાળો આપવાની ના પાડતા આરોપીઓએ જૈમીશને તમાચા ઝીંકી મારકુટ શરૂ કરી હતી.

તે વચ્ચો પડતા તેને પણ મારકુટ કરતા બને પિતા-પુત્ર દુકાનમાં જતા રહ્યા હતાં. ત્યા રબાદ બને આરોપી દુકાનની બહાર ઉભા રહી ગાળો દઇ બને બાપ-દિકરાના હાથ-પગ ભાંગી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

લોકો એકઠા થઇ જતા બને ત્યાં થી ભાગી ગયા બાદ ૧૦૮ મારફતે ઇજાગ્રસ્ત જૈમીશને હોસ્ટિતલે ખસેડાયો હતો. તેણે તેના પાડોશી આરોપી વિશાલ અને તેના પરિવારના લોકો સાથે સાતક વર્ષ પહેલા મારા મારી થઇ હતી. તે બાબતે પોલીસ ફરીયાદ કરી હતી. જેનો ખાર રાખી બને આરોપીઓએ હુમલો કરી ઇજા કરી હતી.

# રાજકોટમાં જાહેરમાં કચરો ફેકનાર વેપારીઓ સહિત ૨૪૯ નાગરિકો દંડાયા

## જાહેર જગ્યા પર બાંધકામ વેસ્ટ નાખવા બદલ સોલીડ વેસ્ટ શાખા પાસેથી પણ ૧૦ હજારની વસુલાત

રાજકોટ, રાજકોટ વોર્ડ નં.૧૧ના સહજાનંદ પાર્કમાં જાહેર જગ્યા પર બાંધકામ વેસ્ટ નાખવા બદલ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા આસામી પાસેથી રૂ. ૧૦,૦૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

સહજાનંદ પાર્કમાં આ કામગીરી પર્યાવરણ ઈજનેરની સુચના અને ના. ઈજનેરના માર્ગદર્શન હેઠળ વિભાગની ટીમે કરી હતી. શહેરીજનોને જાહેર જગ્યામાં બાંધકામ વેસ્ટ, કચરો ન ફેકવા તેમજ ગંદકી ન કરવા અપીલ કરવામાં આવી છે.

દરમ્યાન શહેરને 'પ્લાસ્ટિક મુક્ત અને સ્વચ્છ' બનાવવા માટે તથા પર્યાવરણ અને જાહેર આરોગ્યને નુકસાન કરતા પ્રતિબંધિત સિંગલ-યુઝ પ્લાસ્ટિકના વપરાશ, વેચાણ અને સંગ્રહ સામે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમો દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત તથા ગંદકી કરતા આસામી સામે દંડની કાર્યવાહી ચાલુ છે.

તા. ૨૯ થી ૨ દરમ્યાન ત્રણે ઝોનમાંથી ૩૯.૬૫ કિગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી ગંદકી કરતા કુલ ૨૪૯ આસામીઓ પાસેથી રૂ ૧,૪૦,૧૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. આ કામગીરી કમિશનરની સુચના અને ડે.કમિશનરના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ ઈજનેરની ટીમો દ્વારા કરાઈ હતી.

નાગરિકો અને વેપારીઓને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ સંપૂર્ણપણે બંધ કરવા, શાકભાજી કે અન્ય ખરીદી માટે કાપડની થેલીઓનો જ આગ્રહ રાખવા અપીલ કરાઈ છે. ભવિષ્યમાં પણ નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી અને જપ્તીની કામગીરી ચાલુ રહેશે તેમ વિભાગે જણાવ્યું હતું.

# રાજકોટ સહિત રાજયભરના મહેસુલી કર્મચારીઓ દ્વારા લડતના મંડાણ : કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન

## બઢતી - બદલી સિનીયોરીટી યાદી સહિતના પ્રશ્નો નહીં ઉકેલાતા આંદોલન

રાજકોટ, રાજકોટ સહિત રાજયભરના મહેસુલી કર્મચારીઓના સેવા વિષયક પ્રશ્નો વારંવારની રજૂઆત પછી પણ રાજય સરકાર દ્વારા મહેસુલી કર્મચારીઓ દ્વારા આજથી લડતના મંડાણ કરી દેવામાં આવેલ છે. જેમાં આજે ઉઘડતી કચેરીએ કચેરીની કામગીરી સંબંધીત વોટસએપ ગ્રુપમાંથી લેફટ થઈ વિરોધ નોંધાવેલ હતો.

તેમજ આજે દિવસભર તમામ મહેસુલી કર્મચારીઓએ કાળીપટ્ટી ધારણ કરી ફરજ બજાવી હતી. જયારે તા.૫ને સોમવારે તમામ કર્મચારીઓ માસ સીએલ પર જનાર છે. તેમજ તા.૭ને બુધવારથી અચોકકસ મુદતની હડતાલનું એલાન આપવામાં આવેલ હોય મહેસુલી કચેરીઓની વહીવટી કામગીરી ઠપ્પ થઈ જવાની શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે મહેસુલી કર્મચારીઓના પ્રશ્નો અંગે રાજય મહેસુલી કર્મચારી મહામંડળ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ગત ગુરૂવાર રાજયભરના તમામ જીલ્લા મથકો પર જીલ્લા કલેકટરોને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ રાજય સરકાર દ્વારા કર્મચારીઓના મહત્વના પ્રશ્નો હજુ અધ્ધરતાલ રખાતા મહેસુલી કર્મચારીઓ દ્વારા આજથી લડતના મંડાણ કરી દેવામાં આવેલ છે. મહેસુલી કર્મચારીઓના વિવિધ સેવા વિષયક પ્રશ્નો જેવા કે બઢતી, બદલી, સિનિયોરીટી યાદી તેમજ મહેસુલી તલાટીઓના જોબ ચાર્ટમાંથી અન્ય કામગીરી દુર કરવા સહિતના પ્રશ્નોનો સમાવેશ થાય છે. કર્મચારીઓના પ્રશ્નો ઉકેલવા માટે રાજય સરકાર દ્વારા તત્કાલ પગલા લેવા તેવો સુર ઉઠવા પામેલ છે.

# ગોંડલ યાર્ડમાં કાશ્મીર -શિમલાના સફરજનના ૨૦ હજારથી વધુ બોક્સની આવક

## હરરાજીમાં કિલોના રૂ.૩૦થી ૮૦ના ભાવ બોલાયા



ગોંડલ, ગોંડલ માર્કેટિંગ યાર્ડના જૂના ફ્રૂટ યાર્ડમાં સફરજનની આવક શરૂ થતાં પ્રથમ દિવસે જ ૨૦ હજારથી વધુ બોક્સકની બમ્પૂર આવક નોંધાઈ હતી. શિમલા, કાશ્મીર અને હિમાચલ પ્રદેશથી વેપારીઓ સફરજનનો જથ્થો વેચાણ માટે લાવ્યાપ હતા.

યાર્ડના વાઇસ ચેરમેન ધર્મેન્દ્રસિંહ જાડેજાના જણાવ્યા મુજબ, સફરજનની બમ્પર આવકને પગલે જૂનો ફ્રૂટ યાર્ડ સફરજનના બોક્સથી છલકાઈ ગયો હતો. હરરાજી દરમિયાન ગુણવત્તા પ્રમાણે સફરજનના રૂ.૩૦થી રૂ.૮૦ પ્રતિ કિલો સુધીના ભાવ બોલાયા હતા. મોટી આવકના પગલે યાર્ડમાં વેપારીઓ અને ખરીદદારોની પણ ભારે ચહલપહલ જોવા મળી હતી.

# રાજકોટની ગોંડલ ચોકડી પાસે રૂ.૮.૨૬ લાખના ગાંજા સાથે ત્રણ પકડયા : માદક પદાર્થ ઘુસાડવાનો પ્રયાસ

## સ્પેશયલ ઓપરેશન ગ્રુપ ટીમને મળેલી સચોટ બાતમીના આધારે દબોચ્યા : રિમાન્ડ મેળવવા તજવીજ

રાજકોટ,રાજકોટ સ્પેશયલ ઓપરેશન ગ્રુપ ટીમને મળેલી સચોટ બાતમીના આધારે ગોંડલ ચોકડી પાસે ગોઠવાયેલી ખાસ ફીલ્ડિંગ દરમિયાન, મહારાષ્ટ્રથી રાજકોટમાં માદક પદાર્થ ઘુસાડવાનો પ્રયાસ કરતા ત્રણ શખ્સોને રૂ. ૮.૩૬ લાખના મુદ્દામાલ અને ગાંજાના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડી નશાના નેટવર્કનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. મહારાષ્ટ્ર તરફથી ગાંજો લાવ્યાનુ ત્રણેય રટણ કરે છે

જાણવા મળ્યા મુજબ નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અને સેવન કરનારાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે એસ.ઓ.જી. શાખા દ્વારા વિશિષ્ટ વાચ રાખી ગોંડલ ચોકડી નજીકથી માદક પદાર્થ ગાંજાનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એ.એસ.આઈ. રવિભાઈ વાંક, એ.એસ.આઈ. ભરતસિંહ પરમાર તથા હેડકોન્સ. સ્નેહભાઈ ભાદરકાને ચોક્કસબાતમી મળેલ કે અમુક શંકાસ્પદ શખ્સો થેલાઓમાં ગાંજો લઈને ગોંડલ ચોકડી તરફ આવી રહ્યા છે, જેના આધારે પોલીસે સ્થળ પર કોર્ડન કરી ત્રણ આરોપીઓની અટકાયત કરી હતી. તેમની અંગજડતી લેતા તેમની પાસેથી કુલ ૧૬.૫૮૨ કિલોગ્રામ માદક પદાર્થ ગાંજો કિંમત રૂ. ૮,૨૬,૫૦૦, બે



તસવીર : દિલિપ ગોહેલ

મોબાઈલ કિંમત રૂ.૧૦'૦૦૦ તથા ૨ થેલા મળી કુલ રૂ. ૮,૩૬,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. પકડાયેલા આરોપીઓમાં વાસુદેવ ભગવાનભાઈ ગીરાસે (ઉં.વ. ૨૬, હાલ રહે. ખોડીયારનગર, ગોંડલ રોડ, રાજકોટ; મૂળ રહે. મહારાષ્ટ્ર), રવિન્દ્ર પરમેશ્વર મહાડીક (ઉં.વ. ૪૦, રહે. જળગાંવ, મહારાષ્ટ્ર) અને અજય સુભાષભાઈ યાદવ (ઉં.વ. ૩૬, રહે. ધુલીયા, મહારાષ્ટ્ર)નો સમાવેશ થાય છે. ત્રણેય વિરુદ્ધ રાજકોટ આઈ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરાઈ છે. આ કામગીરી પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) જગદીશ બાંગરવા તથા મદદનીશ પોલીસ કમિશ્નર ભરત બી. બસીયાના માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પોલીસ ઈન્સપેક્ટર એન.બી.ચૌધરી, પીએસઆઈ બી.વી.ચુડાસમા, એ.એસ.આઈ. અરુણભાઈ બાંભણીયા, રવિભાઈ વાંક, રાજેશભાઈ બાળા, ભરતસિંહ પરમાર, સિદ્ધરાજસિંહ જાડેજા, પો.હેડ.કોન્સ. સ્નેહભાઈ ભાદરડા, ડ્રાઈવર પો.કોન્સ. નરપતસિંહ જાડેજા, ડ્રા.પો.કોન્સ. નિર્મળસિંહ ઝાલા, મહિલા પો.કોન્સ. મોનાબેન બુસા જોડાયા હતાં. પ્રાથમિક પરીક્ષણ એફ.એસ.એલ. અધિકારી કે.એમ.તાવીયાએ કરી હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## નિયમ પાલન અને સાવચેતી - અકસ્માતો રોકવાનો એકમાત્ર મંત્ર

નિયમોનું પાલન કરવામાં આવે તથા રોડ પર નાની સાવચેતી રાખવામાં આવે તો રોડ અકસ્માતના ૫૦ ટકા કિસ્સાઓ ઘટાડી શકાય છે. ૫૦ ટકા એટલે દરરોજના દસમાંથી પાંચ જીવ બચાવી શકાય છે, દર વર્ષે ૧૮૦૦ થી વધુ પરિવારોને વિખેરાતા અટકાવી શકાય છે. આટલો મોટો ફરક માત્ર અને માત્ર આપણી જાગૃતિથી આવી શકે છે, આપણી રોજિંદી ભૂલો અકસ્માતનું કારણ બને છે. આપણે રોડને પોતાના ઘરનું ફળિયું સમજી બેઠા છીએ. જ્યાં મન થયું ત્યાંથી ડિવાઇડર કૂદીને રસ્તો ક્રોસ કરી લઈએ છીએ. મોબાઈલ પર વાત કરતા કરતા કે મેસેજ ટાઈપ કરતા કરતા રસ્તો ઓળંગીએ છીએ. ઘણા લોકો તો સિગ્નલ લાલ છે કે લીલું તે જોયા વિના જ દોડી જાય છે. વિચાર કરો, એક તરફ ૮૦ કિલોમીટરની ઝડપે આવતું વાહન અને બીજી તરફ કાનમાં મોબાઈલ સાથે બેદરકારીથી ચાલતો રાહદારી - અકસ્માત સિવાય બીજું શું થાય? આમાં વાહન ચાલકનો કોઈ વાંક નથી હોતો, તેને તો ખબર પણ નથી હોતી કે કોઈ અચાનક તેની સામે આવી જશે.બીજી મોટી સમસ્યા છે ટુ-વ્હીલર ચાલકોની. રાજ્યમાં સૌથી વધુ મૃત્યુ વાહન ચલાવતા લોકોના થાય છે. ટુ-વ્હીલર ચાલકોએ સમજવું પડશે કે તેમનું વાહન ફોર વ્હીલર જેટલું સુરક્ષિત નથી. પાછળ બેઠેલી વ્યક્તિ જો હેલ્મેટ પહેરે તો તેના બચવાની શક્યતા અનેકગણી વધી જાય છે, આ વાત અધિકારીઓએ પણ કહી છે. છતાં આપણે હેલ્મેટને માત્ર પોલીસથી બચવા માટેનું સાધન સમજીએ છીએ, જીવ બચાવવા માટેનું નહીં. ઉનાળામાં ગરમી લાગે છે, વાળ બગડી જાય છે જેવા બહાના આપીને આપણે મોતને આમંત્રણ આપીએ છીએ. સાઈકલ ચાલકોની સ્થિતિ પણ એવી જ છે. તેમણે રોડની એકદમ ડાબી બાજુએ અને ધીમી ગતિએ ચાલવું જોઈએ, પરંતુ ઘણા સાઈકલ ચાલકો રોડની વચ્ચે ચલાવતા હોય છે.આ સમસ્યાનો ઉકેલ શું છે? ઉકેલ એક જ છે - વર્તનમાં બદલાવ. સરકારે કડક કાયદા બનાવ્યા છે, દંડની રકમ પણ વધારી છે, પરંતુ જ્યાં સુધી નાગરિક પોતે જાગૃત નહીં થાય ત્યાં સુધી કોઈ કાયદો કામ નહીં કરે. આપણે ત્રણ સ્તરે કામ કરવાની જરૂર છે.પહેલું સ્તર - શિક્ષણ. બાળકને નાનપણથી જ રોડ સેન્સ શીખવવી પડશે. જેમ આપણે તેને ભણતર અને સંસ્કાર આપીએ છીએ, તેમ રોડ પર કેવી રીતે ચાલવું, કેવી રીતે ક્રોસ કરવું તે શીખવવું પડશે. શાળાઓમાં ટ્રાફિક પાર્ક બનાવવા જોઈએ અને પ્રેક્ટિકલ તાલીમ આપવી જોઈએ.બીજું સ્તર - ઈન્ફ્રાસ્ટ્રક્ચર. તંત્રએ પણ પોતાની જવાબદારી નિભાવવી પડશે. ઘણી જગ્યાએ ઝીબ્રા ક્રોસિંગ ભૂંસાઈ ગયા છે, સિગ્નલો બંધ છે, ડિવાઇડર તૂટેલા છે અને સ્ટ્રીટ લાઈટો નથી. જો રાહદારીઓ માટે ફૂટઓવર બ્રિજ અને અન્ડરપાસની સુવિધા સારી હોય તો લોકો ગમે ત્યાંથી રોડ ક્રોસ ન કરે. રોડ પર સ્પીડ બ્રેકર, સાઈન બોર્ડ અને રિફ્લેક્ટર સ્પષ્ટ હોવા જોઈએ.ત્રીજું અને સૌથી અગત્યનું સ્તર - વ્યક્તિગત જવાબદારી. દરેક વ્યક્તિએ એવો સંકલ્પ કરવો પડશે કે હું ક્યારેય નિયમ તોડીશ નહીં. વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ નહીં કરું, હંમેશા હેલ્મેટ અને સીટ બેલ્ટ પહેરીશ, દારૂ પીને વાહન નહીં ચલાવું અને રોડ ક્રોસ કરતી વખતે બંને બાજુ જોઈને જ આગળ વધીશ. યાદ રાખો, તમારી ઉતાવળ તમારા પરિવાર માટે આજીવન પસ્તાવો બની શકે છે.

# ગુજરાતમાં દારૂબંધીનું અસરકારી સમાજશાસ્ત્ર

વિકાસ અને વિકલ્પ -ડૉ. નાનક ભટ્ટ

દારૂબંધી માફક ગુજરાત વર્ષ ૧૯૬૯ અને ૧૯૮૫નાં કોમી રમખાણો માટે પણ જાણીતું છે. ગુજરાતનાં તાત્કાલિન મુખ્યમંત્રીશ્રી હિતેન્દ્રભાઈ દેસાઈનાં સમયમાં અમદાવાદ સ્થિત જગન્નાથ મંદિર પાસે ગાયો ચરાવવા જેવી સામાન્ય બાબત માંથી ગરમાએલ વાતાવરણ પછીથી આંદોલન સ્વરૂપે વ્યાપક બન્યું હતું. પરંતુ ૧૯૮૫માં કોમી રમખાણોનો પ્રારંભ અનામત અને તે પછી ચુંટણી લક્ષી ખામ થીયરી પ્રચલિત કરવાનાં ભાગરૂપે મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીનાં સમયમાં ફેલાયા હતાં. જોકે આજ સમયે વડોદરા શહેરનાં કોમી રમખાણો વિષયે સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ (સુરત) નાં સંશોધનનું તારણ હતું કે શહેરોમાં મરાઠા(પ્રકારે હિંદુ), મુસ્લિમ અને ભોઈ(પ્રકારે પછાત) જાતીનાં બેરોજગારોનાં આર્થિક હિતોના ટકરાવ માંથી તોફાનો થતાં હોય છે. તે પછી ૧૯૯૦ માં રામ જન્મભૂમિ રથયાત્રા અને રામ સેવકોની અટકાયત તેમજ ૧૯૯૨ માં બાબરી ઢ્વંના પડઘા રૂપે ગુજરાતતમાં કોમી રમખાણો જોવા મળ્યા.

અયોધ્યા થી પાછા ફરતા ૫૯ કારસેવકોને સાબરમતી એક્સપ્રેસનાં કોચમાં આગ લગાડી શરમ જનક રીતે હતા-હત કરી દેવાનાં વર્ષ ૨૦૦૨ નાં કોમી તોફાનો પહેલાંના તમામ રમખાણો માનવ સહજ પ્રતિક્રિયા હોવાનું અને સ-વિશેષ હિંદુ-મુસ્લિમ દ્વેષ તેવી ભાવનાને કારણભૂત ગણી શકાય તેમ નથી તેવું સમાજશાસ્ત્રીય અભ્યાસોનું તારણ છે.

ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી હિતેન્દ્રભાઈ થી શ્રી નરેન્દ્રભાઈ સુધીના યુગમાં ૫ આંદોલનો થયા પરંતુ ૧૯૭૩-૭૪ અને તે પછી વર્ષ ૧૯૯૦-૯૪ દરમ્યાન ગુજરાતમાં મુખ્યમંત્રીશ્રી ચિમનભાઈ પટેલનાં સમયમાં કોઈ કમ્યુનલ રાયટસ થયાનું નોંધાયુ નથી. અર્થશાસ્ત્રનાં પ્રાધ્યાપક ડો. ચિમનભાઈ પટેલનાં બીજા કાર્યકાળમાં ગુજરાત પોલીસે નિયમ વિરુદ્ધ દારૂ બનાવનાર, વહેંચનારને સામાજિક શાંતિ માટેનાં માઈક્રો મેનેજમેન્ટ સાથે જોડતા તે પછીનાં સમયમાં ડ્રાઈ સ્ટેઈટ માં નિયમ વિરુદ્ધ દારૂનાં રીઢા ગુનેગારોની ધડપકડ માટે પાસા અંતર્ગત કાગળો તૈયાર રાખવામાં આવતા થયા. એટલુ જ નહિ પણ ધંધાર્થીના વિસ્તારમાં કોઈપણ પ્રકારની કોમી અશાંતિ ઉદભવે કે ધંધાર્થી સમયસર હપ્તા ન ચુકવે તો પ્રિવેન્શન ઓફ એન્ટી સોશ્યલ એક્ટીવીટી એક્ટ (પાસા) નો અમલ કરાતો તેવો વણ લીખીત શિરસ્તો અમલમાં મૂકાયો.

બિઝનેસ મેનેજમેન્ટ જેને થીયરી ઓફ વિન-વિન તરીકે જાણે છે તે અનુસાર દારૂ બંધી ધરાવતાં ગુજરાતમાં બનાવનાર, વહેંચનાર, પીનાર અને તંત્ર સહુમાં સમાન ભાગે લાભની પ્રથા શાંતિ થી કાર્યન્વિત થતાં, સરવાળે ગુજરાતમાં શેરી મહોલ્લામાં દારૂનાં વેચાણ કેન્દ્રો જ શાંતિ સ્થાપકની જગ્યા લીધી છે. અને કમ્યુનલ હારમની જળવાઈ રહ્યું સમાજ તરફી અવલોકન રહે છે.

પ્રતિવર્ષ ૧૨૦૦૦ કરોડની એક્સાઈઝ તથા ૧૬૦૦૦ કરોડ આસપાસ જકાત ગુમાવનાર ગુજરાત રાજ્ય નું મહેસુલ ખાતુ પણ આજે ૧ મે ૧૯૬૦ થી એટલે કે ૬૬ વર્ષ પછી પણ ગુજરાત રાજ્યને દારૂ બંધીના સકંજા માંથી છોડાવી શકતુ નથી. ગુજરાત નશા બંધી અને આબકારી વિભાગ સ્વાસ્થ્ય કારણોસર પ્રતિ વર્ષ ૬૫૦૦૦ થી વધુ લોકોને દારૂ ખરીદવા અને પીવાની મંજુરી આપે છે. પ્રતિ વર્ષ વિદેશથી આવતાં ૪૭૦૦૦ પ્રવાસીઓને નિયમસર ચોખા-ચાંદલો સ્વીકારી પરમીટ આપે છે. સ-વિશેષ મોબાઈલ આધારે દારૂની બ્રાન્ડ, ડિલીવરી ટાઈમ, બેંકમાં જમા કરવાની રકમ જેવી લે-વેચ અમુલના દૂધ માફક સુ-ચારૂ રૂપે ચાલતી જોવા મળે છે. આમ છતાં સરકાર નાગરિકોની વહારે લોકમત ટાળી શકતો નથી.

ગુલામી કાળમાં ઈસ્ટ ઈન્ડીયા કંપની એ વર્ષ ૧૭૭૩ માં ખેડુતોને અફીણની ખેતી અને વ્યાપાર માટે પ્રેર્યા બિહાર, બંગાળ અને ઉત્તરપ્રદેશનાં ખેડુતોનું નશામાં રોકાણ ચીનમાં વહેંચી અંગ્રેજો બે-તરફી કમાણી કરતાં. સ્વરાજની લડત સમયે પ્રજાની ઉત્પાદકતા અને નશા યુક્ત સ્થિતિનું વિષચક્ર તોડવા મહાત્મા ગાંધીએ "માનવ આત્માની મૌલિકતા અને સ્વ ઉપરના માનવીય નિયંત્રણને પ્રાધાન્ય" આપતાં ગરીબ અને શ્રમિક વર્ગને શોષણથી મુક્ત કરવા પૂર્ણ દારૂ બંધીની હિમાયત કરી સ-વિશેષ હરીજન સામયિકમાં નોંધ્યું કે "મને કોઈ એક દિવસ માટે સત્તા આપે તો હું સહુ પહેલા કોઈને પણ વળતર આપ્યા વિના તમામ દારૂનાં અડ્ડા બંધ કરાવું".

પરંતુ હજારો વર્ષની પરંપરાથી સોમ-રસ થી સભર ૫૬૨ દેશી રજવાડાનાં સ્વતંત્ર ભારતમાં વ્યસન મૂકતી તો શક્ય જ નહોતી તેમ પ્રજાસત્તાક ભારતનાં બંધારણમાં દારૂબંધીનો ઉલ્લેખ શક્ય નહોતો પરંતુ ગુજરાતે ગાંધીના વારસદાર તરીકે દારૂ બંધી જાળવી રાખી છે. જોકે આઝાદી પછી ૮૦ વર્ષે પ્રજા અને રાજા હળી-મળી આંખ આડા કાન ધરી રાખે છે. આથી કરી વર્ષ ૨૦૨૨ પછી તાજેતરમાં જ ભાવનગરમાં લઠ્ઠા કાંડમાં ૧૮ લોકો મૃતક જાહેર થયા છે. જે સંબંધે ગુજરાતમાં નશાબંધી વિષયે રાજ્યનું પ્રતિષ્ઠિત અખબાર જણાવે છે તેમ "સરકારે વિધાન સભામાં આપેલ માહિતી અનુસાર વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૪-૨૫નાં સંકલિત આંકડા મુજબ એકલા ભાવનગરમાં રૂ. ૧૦.૬૬ કરોડનો દારૂ ઝડપાયો છે. અહેવાલ નોંધ છે કે છેલ્લા ૮ વર્ષમાં અંદાજે ૧૦૦થી વધુ લોકો ઈથેનોલ, મિથેલોન મિશ્રિત લઠ્ઠો પીવાથી પરીવારને નિરધાર મૂકી ગયા છે.

સાપુતારા, આબુ અને દિવમાં ખુશી-ખુશી દારૂ પીવા જતા ગુજરાતી પ્રવાસીઓની પસંદગીનો દારૂ પછીથી રાજસ્થાન, મહારાષ્ટ્ર થી ટ્રક ભરી-ભરી પહોંચતો રહે છે. અને આથી જતો વર્ષ ૨૦૨૦-૨૫ દરમ્યાન એકલા બુટલેગરો સામે ૪૮૦૦૦ ફરિયાદો પોલીસ ચોપડે નોંધાઈ છે. તેથી વિશેષ ૬૫૨૯ પોલીસ અધિકારીઓ અને ૨૩,૫૫૫ પોલીસ કોન્સ્ટેબલો સામે ખાતાકીય કાર્યવાહી થઈ છે. નેશનલ ફેમેલી હેલ્થનાં સર્વ અનુસાર એકલા ગુજરાતમાં ૫.૨% એટલે કે લગભગ ૨૦,૦૦,૦૦૦ નાગરિકો દારૂ નું સેવન કરે છે. ક્રાઈમ બ્યુરોનાં રીપોર્ટ મુજબ દેશમાં સહુથી વધુ ૩.૫૨ લાખ દારૂ બંધીના કેસ માત્ર ગુજરાતમાં નોંધાયા છે જે પોલીસ કચેરીમાં નોંધાતા કુલ ગુના નાં ૫૫% રહ્યા છે. ત્યારે કહેવું પડે ગુજરાતમાં દારૂ જ નહિ દારૂ બંધી પણ નકલી છે.

ગાંધીના ગુજરાતમાં ગાંધીનગરમાં જ ગીફ્ટ સીટીને દારૂની પરમીટ સાથે શણગારમાં આવી છે. તેમ નશા બંધી વિભાગ ઉદાર ભાવે પરમીટ પણ ફાળવી રહ્યું છે. ત્યારે ડ્રાય સ્ટેટનો મુખોટો શા માટે? ગુજરાતમાં તો હવે કોઈ ગાંધીજન પણ નશાબંધીના મૂલ્ય નિષ્ઠ ગુજરાત માટે હિમાયત કરતુ નથી. સામા પક્ષે દારૂ બંધીથી વ્યક્તિગત કમાણી કરતાં તંત્ર વાહકોની દલીલ રહે જણાવે છે કે "ટ્રેનમાં ૧૦% મુસાફરો વગર ટિકિટે મુસાફરી કરતાં હોય છે તો ટ્રેન વ્યવસ્થા ધર્માદા થી ચલાવવી શક્ય ખરી!"

જમીનની હકિકત અને મુખોટા પાછળની ધારણા આસપાસ શંકાનું કુંડાળુ બૃહદ ગુજરાતની સ્થાપનાથી આજ સુધી ફરતુ રહ્યું છે. ત્યારે ગુજરાતમાં વ્યાપ્ત ભ્રષ્ટાચાર આડેથી નશાબંધી નામે એક પાંદડુ હટાવી શકાય તો પોલીસ અને પ્રજા બંને માટે રાહત રૂપ બને તેમ છે. તંત્રની નિખાલસ કબુલાત થી ગુજરાતને વર્ષે ૩૦-૩૨ હજાર કરોડની આવક થશે અને પ્રતિવર્ષ હજારો ગરીબ ઝેરી દારૂથી મોતને ભેટતા અટકશે. ગુજરાત ઉપર ભષ્ટાચારી રાજ્યનું કલંક કઈક અંગે ઝાખું પડશે.

# શ્રીમદ ભાગવતની કથા અમર છે,તેનો આશ્રય જે કરે તે અમર બને છે



વિશેષ

ભાગવત ધર્મ નિષ્ઠાપૂર્વક આચરવામાં આવે તે માટે પ્રતિક્ષણ જાગૃત રહીને ધનનો, વાણીનો સદુપયોગ જાગૃતપણે કરવો જોઈએ. 'સમભાવ' એટલે વિષમ ભાવનો અભાવ. 'સમભાવ' એ જ ઈશ્વરભાવ. હરપળે રહેવા જોઈએ. એવા 'સમભાવથી' ઈશ્વર પ્રસન્ન બને છે. ભગવાનનો 'જપ' કરતાં કરતાં, પ્રેમથી કથાનું, એક ચિત્તે શ્રવણ થવું જોઈએ

વ્યાસમુનિની શ્રીમદ્ ભાગવત અમર રચના છે. બુદ્ધિનો પરિપાક, જ્ઞાનનો પરિપાક જીવનનો પરિપાક વગેરે થયા પછી પૂ. વ્યાસજીએ આ ગ્રંથની રચના કરી છે. આ અમર કથાનો જે આશ્રય કરે છે તે અમર બને છે. પરીક્ષિત, શુકદેવજી અમર થઈ ગયા. ભાગવતમય જીવન જીવીને મીરાંબાઈ, દ્વારકાધીશમાં અને 'ગૌરાંગપ્રભુ' ભાગવતભક્તિનો આશ્રય લઈ, સદેહે જગદીશમાં શમી ગયા.

ભાગવતગ્રંથ નારાયણ સ્વરૂપ છે. શુકદેવજીએ સર્વસ્વ છોડયું હતું પણ 'ભાગવતકથા' છોડી ન હતી. આત્મારામ કોટીના મહાત્માઓ પણ આ કૃષ્ણકથામાં પાગલ બને છે. સિદ્ધ, આસ્તિક, નાસ્તિક, પામર દરેકને આ કથા દિવ્ય જીનનનું દાન કરે છે. ભાગવતમાં જ્ઞાનયોગ, કર્મયોગ, સમાજ ધર્મ, સ્ત્રીધર્મ, આપદ્ધર્મ, રાજનીતિ વગેરેનું જ્ઞાન ભર્યું છે. જેનું શ્રવણપમનન કર્યા પછી કંઈ બાકી રહેતું નથી. વ્યાસજીએ માન્યું છે કે,' જે મારા ભાગવતમાં નથી તે જગતના કોઈ ગ્રંથમાં નથી.' યદ્દિહાસ્તિ તદન્યત્ર યન્નેહાસ્તિ ન કુત્રચિત્ । ભાગવતશાસ્ત્ર એ પરિપૂર્ણ નારાયણનું સ્વરૂપ છે. વાચકે શ્રોતાઓએ ભાગવતમાં આવતા વિવિધ પ્રસંગોનો લક્ષ્યાર્થ શું છે તે ખાસ વિચારવો જોઈએ.

શ્રીમદ્ ભાગવત મનુષ્યને નિર્ભય બનાવે છે. 'નિર્ભયતા'પ ભગવાનનો પ્રેમપૂર્વકપ શ્રદ્ધાપૂર્વક આશ્રય કરવાથી પ્રાપ્ત થાય છે.

'હું મારા શ્રીકૃષ્ણનો અંશ છું. હું ભગવાનનો છું. પરમાત્માને નિત્ય-હરપળે સાથે રાખીને મારે જીવવાનું છે.'

નિર્ભય થવું હોય તો, પાપ છોડી દેવું પડે જ.

ભક્તિમયપ પ્રેમમય જીવનથી, વાસનાઓમાંથી છૂટી શકાય છે. ભાગવતભક્તિથી જ ધ્રૂવજી મૃત્યુના માથા ઉપર પગ રાખી, વૈકુંઠધામમાં પહોંચ્યા છે.

પાપ કરવામાં મનુષ્ય જેટલો સાવધ રહે છે, તેટલો પુણ્ય કરવામાં સાવધ રહેતો નથી. મનુષ્યો સર્વકાર્ય માટે તૈયારી કરે છે પણ, મરણ,'અમર-ધામમાં' પહોંચાડે તે માટે, બિલકુલ સાવધ રહેતા નથી જ.

અંતકાળે પરમાત્માને જીવનનો હિસાબ આપવાનો હોય છે. ભગવાને હાથ..પગ..કાન..વાણી..તન..મન હ્રદય આપણને આપ્યાંપ પણ તેનો ઉપયોગ પાપો કરવામાં જાય તો શો અર્થ ?

ભાગવત ધર્મ નિષ્ઠાપૂર્વક આચરવામાં આવે તે માટે પ્રતિક્ષણ જાગૃત રહીને, સુધારવાની છે. મનનો, ધનનો, વાણીનો સદુપયોગ જાગૃતપણે કરવો જોઈએ. 'સમભાવ' એટલે વિષમ ભાવનો અભાવ. 'સમભાવ' એ જ ઈશ્વરભાવ. હરપળે રહેવા જોઈએ. એવા 'સમભાવથી' ઈશ્વર પ્રસન્ન બને છે. ભગવાનનો 'જપ' કરતાં કરતાં, પ્રેમથી કથાનું, એક ચિત્તે શ્રવણ થવું જોઈએ.

'આ દેહ હાડકાં, માંસ અને રુધિરનો પીડ છે. એને પોતાનો માનવાનું છોડી દો. આ સંસાર ક્ષણભંગુર છે. આમાંની કોઈપણ વસ્તુ સ્થાપી સમજી, 'રાગ' ન કરો. બસ, એક માત્ર 'વૈરાગ્યના' રસિક બની ભગવાનની ભક્તિમાં લાગી જાય વૈરાગ્ય રાગ રસિકો ભવ, હ ભક્તિનિષ્ઠ : ભવ ।ભાગવત સાંભળ્યું કેટલું ? જીવનમાં ઊતર્યુ હોય તેટલુંપ શ્રવણનું મનન કરી, આચરણમાં ઊતારો.

# સ્વચ્છતા અભિયાનમાં બાયોટેકનોલોજીનો ઉપયોગ

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

**વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી કચરાને ઓછો કરવા, ગંદા પાણીને શુદ્ધ કરવા અને જૈવિક કચરાને ઉપયોગી ઉત્પાદનમાં ફેરવવા નવી રીતો વિકસાવવામાં આવી રહી છે. તેમાં બાયોટેકનોલોજી એટલે કે જીવવિજ્ઞાન આધારિત ટેકનોલોજી મહત્વની ભૂમિકા ભજવે છે.**

સ્વચ્છતા માત્ર રસ્તાઓ પર કચરો ન દેખાય તેનું નામ નથી. સ્વચ્છતા એટલે સ્વચ્છ ઘર, સ્વચ્છ રસ્તા, શુદ્ધ પાણી, સ્વચ્છ હવા, યોગ્ય ગટર વ્યવસ્થા અને કચરાનો વૈજ્ઞાનિક નિકાલ. કોઈપણ શહેર કે ગામના વિકાસ માટે સ્વચ્છતા પાયાની જરૂરિયાત છે. વસ્તી વધતી જાય છે તેમ કચરાનું પ્રમાણ પણ વધી રહ્યું છે. પ્લાસ્ટિક, ઘરેલું કચરો, ગંદુ પાણી, ઔદ્યોગિક કચરો અને ગટરના પાણીનો યોગ્ય નિકાલ ન થાય તો પર્યાવરણ અને જાહેર આરોગ્ય સામે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

આ પરિસ્થિતિમાં માત્ર પરંપરાગત સફાઈ પદ્ધતિઓ પૂરતી નથી. વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી કચરાને ઓછો કરવા, ગંદા પાણીને શુદ્ધ કરવા અને જૈવિક કચરાને ઉપયોગી ઉત્પાદનમાં ફેરવવા નવી રીતો વિકસાવવામાં આવી રહી છે. તેમાં બાયોટેકનોલોજી એટલે કે જીવવિજ્ઞાન આધારિત ટેકનોલોજી મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

બાયોટેકનોલોજીનો સરળ અર્થ એવો થાય કે જીવંત સજીવો, સૂક્ષ્મજીવો, કોષો અથવા તેમની કુદરતી પ્રક્રિયાઓનો ઉપયોગ કરીને માનવજીવન માટે ઉપયોગી પરિણામ મેળવવું. આ ક્ષેત્રનો ઉપયોગ ખેતી, આરોગ્ય, ખાદ્ય ઉત્પાદન, દવાઓ અને પર્યાવરણ સંરક્ષણ જેવા અનેક ક્ષેત્રોમાં થાય છે.સ્વચ્છતા ક્ષેત્રમાં બાયોટેકનોલોજીનો ઉપયોગ મુખ્યત્વે કચરો અને ગંદુ પાણી ઘટાડવા તથા તેને ઉપયોગી બનાવવા માટે થઈ શકે છે. કેટલાક સૂક્ષ્મજીવો જૈવિક કચરામાં રહેલા પદાર્થોને તોડી નાખે છે. આ કુદરતી પ્રક્રિયાને વૈજ્ઞાનિક રીતે નિયંત્રિત કરીને કચરાના વ્યવસ્થાપનમાં ઉપયોગ કરી શકાય છે.

શહેરોમાં દરરોજ મોટી માત્રામાં ઘરેલું કચરો ઉત્પન્ન થાય છે. તેમાં શાકભાજીના છોતરા, ફળોના અવશેષ, ખોરાકનો કચરો, પાંદડાં અને અન્ય જૈવિક પદાર્થો હોય છે. આ કચરો અન્ય કચરાથી અલગ કરીને યોગ્ય રીતે પ્રક્રિયા કરવામાં આવે તો તેમાંથી સજીવ ખાતર બનાવી શકાય છે.જૈવિક પ્રક્રિયા દ્વારા કચરાને સડાવીને સજીવ ખાતર તૈયાર કરી શકાય છે. આવા ખાતરનો ઉપયોગ જમીનની ગુણવત્તા સુધારવામાં થઈ શકે છે. આથી એક તરફ કચરાનો જથ્થો ઘટે છે અને બીજી તરફ રાસાયણિક ખાતર પરનું નિર્ભરતા થોડું ઓછું કરી શકાય છે.

કેટલાક સ્થળોએ જૈવિક કચરામાંથી બાયોગેસ પણ બનાવવામાં આવે છે. બાયોગેસનો ઉપયોગ રસોઈ, ગરમી અથવા વીજળી ઉત્પાદન માટે થઈ શકે છે. એટલે કચરાને માત્ર ફેંકી દેવાની વસ્તુ તરીકે જોવાને બદલે તેને ઊર્જા અને ખાતરના સ્ત્રોત તરીકે જોવાની જરૂર છે.

સ્વચ્છતા અભિયાનમાં ગંદા પાણીનો પ્રશ્ન પણ અત્યંત મહત્વનો છે. ઘર, હોટલ, હોસ્પિટલ અને ઉદ્યોગોમાંથી નીકળતા ગંદા પાણીમાં અનેક પ્રકારના કાર્બનિક પદાર્થો હોય છે. જો આ પાણી સીધું નદી, તળાવ કે જમીનમાં છોડવામાં આવે તો પાણી અને પર્યાવરણ પ્રદૂષિત થઈ શકે છે.ગંદા પાણીની શુદ્ધિકરણ પ્રક્રિયામાં વિવિધ પ્રકારના સૂક્ષ્મજીવોનો ઉપયોગ કરવામાં આવે છે. આ સૂક્ષ્મજીવો ગંદા પાણીમાં રહેલા કેટલાક જૈવિક પદાર્થોને તોડી નાખે છે. યોગ્ય પ્રક્રિયા પછી પાણીમાંથી પ્રદૂષણનું પ્રમાણ ઘટાડવામાં આવે છે અને પાણીનો પુનઃઉપયોગ શક્ય બને છે.આ પ્રકારની પદ્ધતિ ખાસ કરીને પાણીની અછત ધરાવતા વિસ્તારો માટે ઉપયોગી બની શકે છે. શુદ્ધ કરાયેલા પાણીનો ઉપયોગ બાગાયત, ઔદ્યોગિક પ્રક્રિયા અથવા અન્ય યોગ્ય કામોમાં કરી શકાય છે. પીવાના પાણી તરીકે ઉપયોગ કરતા પહેલાં જરૂરી અને કડક શુદ્ધિકરણ તથા સલામતી ધોરણોનું પાલન જરૂરી છે.

ગટર વ્યવસ્થા શહેરની સ્વચ્છતાનું મહત્વનું અંગ છે. ગટરમાં જૈવિક પદાર્થોનું પ્રમાણ વધારે હોય છે. કુદરતમાં રહેલા કેટલાક સૂક્ષ્મજીવો આવા પદાર્થોના વિઘટનમાં મદદ કરે છે. આ પ્રક્રિયાને યોગ્ય રીતે ઉપયોગમાં લઈને ગંદકીના વિઘટનને ઝડપી અને અસરકારક બનાવી શકાય છે.

જૈવિક શુદ્ધિકરણ પદ્ધતિઓ ગંદા પાણીની સારવાર માટે ઘણા સ્થળોએ ઉપયોગમાં લેવાય છે. તેમાં સૂક્ષ્મજીવો માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરવામાં આવે છે, જેથી તેઓ ગંદા પાણીમાં રહેલા જૈવિક પદાર્થો પર કાર્ય કરી શકે.સ્વચ્છતા અભિયાન સામે પ્લાસ્ટિક પણ એક મોટો પડકાર છે. પ્લાસ્ટિકનો મોટો ભાગ કુદરતી રીતે ઝડપથી વિઘટિત થતો નથી. તેથી તેનો અયોગ્ય નિકાલ લાંબા સમય સુધી પર્યાવરણ પર અસર કરી શકે છે.બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં કેટલાક સૂક્ષ્મજીવો અથવા એન્ઝાઈમ્સ દ્વારા ચોક્કસ પ્રકારના પ્લાસ્ટિકના વિઘટન અંગે સંશોધન થઈ રહ્યું છે. આ ક્ષેત્ર હજુ વિકાસ પામી રહ્યું છે અને દરેક પ્રકારના પ્લાસ્ટિક માટે સરળ અને સંપૂર્ણ ઉકેલ ઉપલબ્ધ છે એવું કહેવું યોગ્ય નથી. તેમ છતાં, ભવિષ્યમાં જૈવિક પદ્ધતિઓ પ્લાસ્ટિક કચરા વ્યવસ્થાપનમાં ઉપયોગી બની શકે તેવી સંભાવના છે.

આ સાથે પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવો, તેનો પુનઃઉપયોગ કરવો અને યોગ્ય રીતે અલગ કરીને રિસાયકલ કરવો પણ એટલો જ જરૂરી છે. ટેકનોલોજીનો વિકાસ થાય તેની રાહ જોવાને બદલે નાગરિકોએ આજથી જ પ્લાસ્ટિક અંગે જવાબદારીપૂર્વક વર્તવું જોઈએ.

હોસ્પિટલોમાંથી નીકળતો કચરો સામાન્ય ઘરેલું કચરાથી અલગ હોય છે. તેમાં ચેપ ફેલાવવાની શક્યતા ધરાવતા પદાર્થો, દવાઓ અને અન્ય જોખમી સામગ્રી હોઈ શકે છે. આવા કચરાને સીધો સામાન્ય કચરામાં ભેળવવો યોગ્ય નથી.બાયોટેકનોલોજી અને જૈવિક સારવારની કેટલીક પદ્ધતિઓ ચોક્કસ પ્રકારના કચરામાં રહેલા પ્રદૂષકોને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. પરંતુ હોસ્પિટલના જોખમી કચરામાં કડક નિયમો, યોગ્ય અલગાવ, નિષ્ક્રિયકરણ અને સુરક્ષિત નિકાલ જરૂરી છે.




ગામડાંમાં પણ બાયોટેકનોલોજીનો ઉપયોગ થઈ શકે છે. ઘરેલું જૈવિક કચરો, પશુઓનું છાણ, ખેતીના અવશેષ અને ગંદા પાણીના વ્યવસ્થાપનમાં સ્થાનિક સ્તરે જૈવિક પદ્ધતિઓ અપનાવી શકાય છે.ગોબર અને અન્ય જૈવિક કચરામાંથી બાયોગેસ બનાવવાથી સ્વચ્છ ઊર્જા મળી શકે છે અને બાકી રહેલા પદાર્થનો ઉપયોગ ખાતર તરીકે થઈ શકે છે. આથી કચરો ઘટાડવાની સાથે ગામડાંના પરિવારોને ઊર્જા અને ખેતી માટે ઉપયોગી સામગ્રી મળી શકે છે.આવી વ્યવસ્થા સફળ બનાવવા માટે લોકોની ભાગીદારી સૌથી મહત્વની છે. ટેકનોલોજી ઊભી કરવાથી કામ પૂરું થતું નથી. તેનો યોગ્ય ઉપયોગ અને જાળવણી પણ જરૂરી છે.જૈવિક કચરાના સંચાલન સાથે રોજગારની નવી તકો પણ ઊભી થઈ શકે છે. કચરો અલગ કરવો, જૈવિક કચરાની પ્રક્રિયા કરવી, ખાતર તૈયાર કરવું, બાયોગેસ પ્લાન્ટ ચલાવવો અને શુદ્ધિકરણ કેન્દ્રોની જાળવણી જેવા કામોમાં સ્થાનિક સ્તરે રોજગાર મળી શકે છે.

ખાસ કરીને નાના શહેરો અને ગામડાંમાં સ્થાનિક કચરાને સ્થાનિક સ્તરે જ સંભાળવાની વ્યવસ્થા ઊભી થાય તો પરિવહન ખર્ચ ઘટાડી શકાય છે અને કચરાના ઢગલા ઓછા કરી શકાય છે.

કોઈપણ સ્વચ્છતા અભિયાન માત્ર સરકાર કે સ્થાનિક સંસ્થાની જવાબદારી નથી. નાગરિકોની ભાગીદારી વગર સ્વચ્છતા લાંબા સમય સુધી જાળવી શકાતી નથી. ઘરમાંથી જ ભીનો અને સૂકો કચરો અલગ કરવાની ટેવ પાડવી જોઈએ. પ્લાસ્ટિકનો બિનજરૂરી ઉપયોગ ઘટાડવો જોઈએ અને ગંદુ પાણી ખુલ્લામાં છોડવાનું ટાળવું જોઈએ.

બાયોટેકનોલોજી કેટલીય અદ્યતન હોય, પરંતુ લોકો કચરો અલગ ન કરે અને જાહેર સ્થળે કચરો ફેંકે તો સમગ્ર વ્યવસ્થા મુશ્કેલ બને છે. તેથી ટેકનોલોજી સાથે સ્વચ્છતાની સંસ્કૃતિ પણ વિકસાવવી જરૂરી છે.

સ્વચ્છતા અભિયાનને સફળ બનાવવા માટે પરંપરાગત સફાઈ અને આધુનિક વિજ્ઞાન બંનેનો સમન્વય જરૂરી છે. બાયોટેકનોલોજી કચરાના જૈવિક વિઘટન, ગંદા પાણીની સારવાર, ખાતર અને બાયોગેસ ઉત્પાદન તથા કેટલાક પ્રદૂષકોના નિયંત્રણમાં ઉપયોગી બની શકે છે.પરંતુ બાયોટેકનોલોજીને કોઈ જાદુઈ ઉકેલ તરીકે જોવો યોગ્ય નથી. યોગ્ય ટેકનોલોજીની પસંદગી, વૈજ્ઞાનિક દેખરેખ, સુરક્ષા ધોરણો, યોગ્ય વ્યવસ્થાપન અને લોકોની ભાગીદારી જરૂરી છે.આપણે કચરાને માત્ર ગંદકી તરીકે નહીં, પરંતુ યોગ્ય પ્રક્રિયા દ્વારા સંસાધનમાં ફેરવી શકાય તેવી સામગ્રી તરીકે જોવાની દિશામાં આગળ વધવું જોઈએ. સ્વચ્છતા અને વિજ્ઞાનનું આ જોડાણ ભારતના ગામડાં અને શહેરોને વધુ સ્વચ્છ, સ્વસ્થ અને ઈકોફ્રેન્ડલી બનાવી શકે છે. સ્વચ્છતા અભિયાનમાં બાયોટેકનોલોજીનો ઉપયોગ એટલે માત્ર કચરો દૂર કરવો નહીં, પરંતુ કચરામાંથી ઉપયોગી સંભાવનાઓ શોધવી અને કુદરત સાથે સંતુલન જાળવીને વિકાસ તરફ આગળ વધવું.

# પાકિસ્તાન ટીમને ધૂળ ચટાવ્યા પછી સૅમસને કહ્યું, અમને ગોલ્ડ મેડલ કંઈ તાસક પર ભેટ નથી મળ્યો

નિશીન,

એશિયન ગેમ્સની ટી-૨૦ ટૂર્નામેન્ટ માટે ભારતે શ્રેયસ ઐયરના સુકાનમાં મજબૂત ટીમ જાપાન મોકલી હતી, જ્યારે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડે પોતાના દેશમાં ક્રિકેટ સંબંધમાં ચાલતા રાજકારણ અને ખરાબ વ્યવહારને પગલે બાબર આઝમ, મોહમ્મદ રિઝવાન વગેરે મુખ્ય ખેલાડીઓ વિનાની ટીમ મોકલી હતી અને છેવટે તેમણે શનિવારે ફાઈનલમાં ભારત (હ્વૈક્ક) સામે પરાસ્ત થવું પડ્યું ત્યાર બાદ સોશ્યલ મીડિયામાં ભારતીય ટીમ વિશે થતી ટકોરનો વિકેટકીપર-બૅટ્સમૅન સંજુ સૅમસને વળતો જવાબ આપ્યો છે.સૅમસન (જીહૃદ્બજૅહ)એ નિવેદનમાં જણાવ્યું છે, 'અમારી પાસે ખૂબ અનુભવી ટીમ હતી. અનુભવી ખેલાડીઓનો અનુભવ જ કામ આવતો હોય છે. પોતાની ઊર્જાને કેવી રીતે સંભાળવી એ અમે બહુ સારી રીતે જાણતા હતા. અમને સુવર્ણચંદ્રક કંઈ તાસક પર ભેટ નથી મળ્યો. એ માટે અમે ખૂબ મહેનત કરી છે જેને લીધે અમે શાનદાર જીત મેળવી શક્યા અને એ હાંસલ કરીને અમે બધા ખૂબ ખુશ છીએ. અમે દેશની મુખ્ય ટી-૨૦ ટીમને આ ટૂર્નામેન્ટમાં લાવ્યા એનો અમને ઘણો ફાયદો થયો. પાકિસ્તાન સામેની ફાઈનલમાં અમને અમારી ટીમનો પ્રભાવ




જોવા મળ્યો અને ફાઈનલનો અંત રોમાંચક રહ્યો.'સંજુ સૅમસન એશિયન ગેમ્સમાં સારું નહોતો રમી શક્યો, પરંતુ વિકેટકીપર-બૅટ્સમૅન તરીકે ટીમમાં તેની હાજરી અગત્યની તો છે જ. વેસ્ટ ઈન્ડિઝ સામે છઠ્ઠી ઑક્ટોબરે (મંગળવારે) શરૂ થનારી પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ માટેની ટીમમાં પણ તેનો સમાવેશ છે. જોકે ઈશાન કિશન પણ ટીમમાં છે એટલે પ્લેઈંગ-ઈલેવનમાં જગ્યા મેળવવા બન્ને વચ્ચે હરીફાઈ જોવા મળી શકે.શનિવારની ફાઈનલમાં ભારતે અભિષેક શર્માના ૬૧ રન અને તિલક વર્માના અણનમ ૫૧ રનની મદદથી છ વિકેટે ૨૧૧ રન બનાવ્યા હતા. શરૂઆતમાં ભારતે ૫૧ રનમાં બે વિકેટ ગુમાવી ત્યારે એવું લાગતું હતું કે ભારત મર્યાદિત સ્કોર કરશે તો પાકિસ્તાન જીતી જશે. જોકે પાકિસ્તાને ૨૧૨ રનના લક્ષ્યાંક સામે એકમાત્ર હસન નવાઝ (૯૬ રન)ની લડતને લીધે છ વિકેટે ૧૯૨ રન બનાવ્યા અને પાકિસ્તાનનો ૧૯ રનથી પરાજય થયો હતો. અક્ષર, વૉશિંગ્ટન સુંદર અને શિવમ દુબેએ બે-બે વિકેટ લીધી હતી.

# વિનુ માંકડ ટ્રોફી માટે દિલ્હીની ટીમના કેપ્ટન તરીકે વિરેન્દ્ર સહેવાગના પુત્ર આર્યવીરની પસંદગી

નવી દિલ્હી,

ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ વિસ્ફોટક બૅટ્સમૅન વીરેન્દર સેહવાગના ૧૮ વર્ષીય પુત્ર આર્યવીર સેહવાગને ડોમેસ્ટિક ક્રિકેટમાં મોટી જવાબદારી સોંપવામાં આવી છે. દિલ્હી ઍન્ડ ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ અસોસિયેશનએ આર્યવીરને આગામી વિનુ માંકડ ટ્રોફી માટે દિલ્હીની મેન્સ અન્ડર-૧૯ ટીમનો કેપ્ટન બનાવ્યો છે. ઉલ્લેખનીય છે કે વીરેન્દર સેહવાગે ભારત વતી કુલ ૧૭ મૅચમાં કેપ્ટન્સી સંભાળી હતી.

આર્યવીર પિતાની જેમ ઓપનિંગ બૅટ્સમૅન છે. તે રાઈટ-હૅન્ડ બૅટ્સમૅન અને લેગબ્રેક ગૂગલી સ્પેશ્યાલિસ્ટ છે. તાજેતરમાં રાજકોટમાં ઑસ્ટ્રેલિયા અન્ડર-૧૯ ટીમ સામેની સિરીઝથી તેણે અન્ડર-૧૯ ટીમમાં ડેબ્યૂ કર્યું હતું. તેણે ત્રણ મૅચમાં અનુક્રમે ૨૮, ૪૭ અને ૩૪ રન બનાવ્યા હતા. ત્રણમાંથી બે ઈનિંગ્સ ટીમ માટે ઉપયોગી બની હતી. તે આ મૅચોમાં સાધારણ રમ્યો, પણ એકંદરે તેનો પર્ફોર્મન્સ સારો રહ્યો હોવાથી તેમ જ ટીમનું નેતૃત્વ સંભાળવાની તેનામાં કાબેલિયત હોવાથી તેને આઠમી ઑક્ટોબરે



વિશાખાપટનમમાં શરૂ થનારી ટૂર્નામેન્ટ માટે કેપ્ટનપદે સિલેક્ટ કરવામાં આવ્યો છે.

આર્યવીર સેહવાગની અન્ડર-૧૯ ટીમમાં ૧૫ ખેલાડીનો સમાવેશ છે. અર્નવ બુગ્ગા આ ટીમનો વાઈસ-કેપ્ટન અને અભિરાજ સિંહ તથા તરુણ સિંહ વિકેટકીપર છે.

# વિરાટ કોહલીએ ક્રિકેટના મેદાન ઉપર યશસ્વીને ડાન્સ કરતા શીખવ્યું

ન્યૂ ચંડીગઢ,

પીઢ ક્રિકેટર વિરાટ કોહલી મેદાન પર જેટલો આક્રમક હોય છે એટલો જ ક્યારેક મસ્તીમજાક સાથે હળવો પણ થઈ જતો હોય છે અને એની ઝલક શનિવારે અહીં મુલ્લાંપુરમાં વેસ્ટ ઈન્ડિઝ સામે સિરીઝની છેલ્લી વન-ડે વખતે જોવા મળી જેમાં તેણે યશસ્વી જયસ્વાલને થોડી ક્ષણો માટે ડાન્સ શીખવ્યો હતો.



કોહલી શનિવારની અંતિમ મૅચમાં શૂન્યમાં આઉટ થઈ ગયો હતો અને એના બે દિવસ પૂર્વે બીજી મૅચમાં ફક્ત ૨૯ રન બનાવી શક્યો હતો. જોકે તિરુવનંતપુરમની પ્રથમ મૅચમાં તેના અણનમ ૧૩૯ રનનું ભારતની જીતમાં મોટું યોગદાન હતું. બૅટિંગમાં નિષ્ફળ જવા છતાં ટીમમાં માત્ર તેની હાજરી જ પૂરતી હોય છે અને એટલે જ ભારત આ સિરીઝ ૨-૧થી જીતી શક્યું હતું.

શનિવારની ત્રીજી વન-ડેમાં મેદાન પર ભારતીય ખેલાડીઓ સાથે ઊભા હતા ત્યારે કોહલીએ મસ્તીમજાકના મૂડમાં યશસ્વીને ડાન્સના અમુક સ્ટેપ શીખવ્યા હતા. કોહલીને આ રૂપમાં જોઈને નજીકમાં ઊભેલો કુલદીપ યાદવ અને રવીન્દ્ર જાડેજા હસવું નહોતા રોકી શક્યા. બધાને હસતા જોઈને કોહલી વધુ જોશમાં આવ્યો હતો અને પોતાની સ્ટાઈલમાં યશસ્વીને ડાન્સની ટૂંકી તાલીમ આપવા લાગ્યો હતો અને યશસ્વીએ તરત જ તેની સ્ટાઈલ શીખી લીધી હતી.

ખુદ કોહલી અને યશસ્વી પણ હસી પડ્યા હતા. આ આખી ઘટના કૅમેરામાં કેદ થઈ ગઈ હતી અને પછી સોશ્યલ મીડિયા પર વાઈરલ થઈ હતી. મેદાન પર ડાન્સ કરવો કોહલી માટે કોઈ નવી વાત નથી. આ પહેલાં પણ તે ડાન્સના મૂઝથી સાથી ખેલાડીઓનું અને પ્રેક્ષકોનું મનોરંજન કરી ચૂક્યો છે.

# યામી ગૌતમ અને આદિત્ય ધરે હિમાચલ પ્રદેશમાં બનાવ્યું કાયમી રહેણાંક બનાવ્યું

મુંબઈ,

બોલિવૂડ અભિનેત્રી યામી ગૌતમ અને ફિલ્મમેકર આદિત્ય ધરને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. એક રિપોર્ટ અનુસાર, કપલે મુંબઈ છોડીને હિમાચલ પ્રદેશને પોતાનું કાયમી ઠેકાણું બનાવી લીધું છે. મુંબઈની ભાગદોડ અને સતત લાઈમલાઈટથી દૂર શાંતિપૂર્ણ જીવન જીવવાની ઈચ્છાને કારણે બંનેએ આ નિર્ણય લીધો હોવાનું કહેવાય છે. જોકે, ફિલ્મી કામકાજના કારણે બંનેનું મુંબઈ આવવા-જવાનું ચાલુ રહેશે.



યામી માટે હિમાચલ પ્રદેશ માત્ર ફરવા માટેનું સ્થળ નથી, પરંતુ તેની સાથે તેનો ઊંડો પારિવારિક અને ભાવનાત્મક સંબંધ છે. ૩૭ વર્ષની યામીનો જન્મ હિમાચલ પ્રદેશના બિલાસપુરમાં થયો હતો. લગ્ન પહેલાં જ તેણે મંડીના ગોહરમાં આશરે ૨૫ એકર જમીન પર બનેલું ૧૦૦ વર્ષ જૂનું હેરિટેજ ઘર ખરીદ્યું હતું. જે તેના બાળપણની યાદોથી જોડાયેલું છે. આ ઘર કપલ માટે ખાસ પણ છે, કારણ કે ૪ જૂન ૨૦૨૧ના રોજ બંનેએ આ જ હિમાચલી પ્રોપર્ટીમાં લગ્ન કર્યા હતા. લાકડા અને પથ્થરથી બનેલું આ ઘર હરિયાળી અને બગીચાઓથી ઘેરાયેલું છે. અહી સફરજન, બટાકા, આલૂબુખારા અને આદુ જેવી વસ્તુઓનું ઉત્પાદન પણ થાય છે. રિપોર્ટ અનુસાર, યામી અને આદિત્યએ આ મિલકતને ભવ્ય સેલિબ્રિટી હાઉસમાં ફેરવવાને બદલે તેની સાદગી અને કુદરતી સ્વરૂપ જાળવી રાખ્યું છે. તેઓ કથિતરીતે ત્યાં જ કાયમી રહેવા માટે શિફ્ટ થઈ ગયા છે. મુંબઈમાં રહેતા સમયે યામી અને આદિત્ય ખાર વેસ્ટ વિસ્તારમાં એક મોટા ભાડાના એપાર્ટમેન્ટમાં રહેતા હતા. 'ધુરંધર'ના પ્રમોશન દરમિયાન આદિત્યએ પોતાના મુંબઈના ઘરના સરનામા સાથે જોડાયેલી મજાક પણ કરી હતી.

# જાહ્નવી કપૂર અને જુનિયર એનટીઆરના એઆઈ-મોર્ફ કરેલા વિડિઓ મામલે ચિરંજીવીએ નારાજગી વ્યક્ત કરી

હૈદરાબાદ,

જુનિયર એનટીઆર અને જાહ્નવી કપૂરની ફિલ્મ 'દેવરા: પાર્ટ ૧'ના લોકપ્રિય ગીત 'ચુટ્ટામલ્લે'ના એઆઈ-મોર્ફ્ડ વીડિયો મામલે હવે મેગાસ્ટાર ચિરંજીવીએ પણ નારાજગી વ્યક્ત કરી હતી. આ પહેલા જુનિયર એનટીઆરે પણ વીડિયો સામે આકરો વિરોધ નોંધાવી તેને શરમજનક ગણાવ્યો હતો. તેણે વીડિયો બનાવનારા અને ફેલાવનારા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની વાત કરી હતી.

ચિરંજીવીએ સોશિયલ મીડિયા પર લાંબી પોસ્ટ શેર કરીને એઆઈના ખોટા ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરી છે. તેણે મહિલાના અપમાનજનક અને મોર્ફ્ડ વીડિયો બનાવવા માટે એઆઈનો ઉપયોગ કરવાની ઘટનાને ક્રૂર, શરમજનક અને સંપૂર્ણપણે અસ્વીકાર્ય ગણાવી છે. તેણે કહ્યું કે આ માત્ર કોઈ એક વ્યક્તિ કે ફિલ્મ સાથે જોડાયેલો મુદ્દો નથી. આજે કોઈ અન્ય વ્યક્તિ તેનો ભોગ બની છે, પરંતુ આવતીકાલે આ પ્રકારની ઘટના કોઈની પણ સાથે બની શકે છે.ચિરંજીવીએ વધુમાં કહ્યું હતું કે આવા કન્ટેન્ટને માત્ર મજાક કે મનોરંજન કહીને નજરઅંદાજ કરી શકાય નહીં. તેમના મતે, આવું કન્ટેન્ટ બનાવનારા તેમજ જાણીજોઈને તેને ફેલાવનારા લોકોને કાયદા હેઠળ જવાબદાર ઠેરવવા જોઈએ. તેણે આ મામલો તેલુગુ ફિલ્મ ચેમ્બર, પ્રોડ્યુસર્સ કાઉન્સિલ અને સંબંધિત ફિલ્મ ઈન્ડસ્ટ્રી સંસ્થાઓ



સમક્ષ ઉઠાવવાની વાત કરી છે. ચિરંજીવી ખાસ કમિટી અને સપોર્ટ સેલ બનાવવાની ભલામણ પણ કરશે. આ ટીમ સાયબર ક્રાઈમ અધિકારીઓ સાથે મળીને કામ કરશે, અસરગ્રસ્ત લોકોને મદદ કરશે, મોર્ફ્ડ કન્ટેન્ટ હટાવવાની કામગીરીમાં સંકલન કરશે અને જવાબદાર લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં મદદ કરશે. તેણે કહ્યું કે આ પ્રયાસ માટે સમગ્ર તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીને એકસાથે આવવાની જરૂર છે અને કલાકારો, ટેક્નિશિયન, એસોસિએશન, દર્શકો તથા ચાહકોની પણ તેમાં ભૂમિકા છે.મેગાસ્ટારે કેન્દ્ર અને રાજ્ય સરકારોને પણ એઆઈના દુરુપયોગ સામે કડક અને અસરકારક પગલાં ભરવાની અપીલ કરી છે. સાથે જ તેણે ચાહકોને ખાસ અપીલ કરી કે આવા વીડિયો જોવા, ડાઉનલોડ કરવા કે શેર કરવા નહી, ભલે હેતુ તેની ટીકા કરવાનો જ કેમ ન હોય. તેના બદલે સંબંધિત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને સાયબર ક્રાઈમ અધિકારીઓને આવા કન્ટેન્ટની જાણ કરવા તેણે જણાવ્યું છે.

# હનુમાન અંશ તેલુગુ રિલીઝ: હિન્દી બેલ્ટ પછી, ફિલ્મ હવે દક્ષિણ ભારતીય સિનેમાઘરોમાં આવશે

મુંબઈ,

ફિલ્મ 'હનુમાન અંશ' ૭ ઓગસ્ટના રોજ રિલીઝ થઈ હતી. સાધારણ બજેટમાં બનેલી, આ ફિલ્મે બોક્સ ઓફિસ પર આશ્ચર્યજનક રીતે સારું પ્રદર્શન કર્યું છે. ભારત પછી, તે વિદેશમાં રિલીઝ થઈ હતી. ફિલ્મનું વિશ્વવ્યાપી બોક્સ ઓફિસ કલેક્શન ૪૦૦ કરોડ સુધી પહોંચી ગયું છે. આ આંકડો વધુ વધવાની ધારણા છે, કારણ કે તે હવે દક્ષિણમાં રિલીઝ થઈ રહી છે.



હિન્દી ફિલ્મ પછી, "હનુમાન અંશ" હવે તેલુગુમાં સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. શુક્રવારે, હોમ્બલે ફિલ્મ્સે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં રિલીઝ તારીખની જાહેરાત કરી. આ ફિલ્મ ૯ ઓક્ટોબરે તેલુગુમાં સિનેમાઘરોમાં રિલીઝ થશે. કેપ્શનમાં લખ્યું છે, "ફિલ્મ 'હનુમાન અંશ' હવે તેલુગુ દર્શકો માટે આવી રહી છે."

"હનુમાન અંશ" ફિલ્મની તેલુગુ રિલીઝને લઈને અનિશ્ચિતતા હતી. તેલુગુ વર્ઝન મૂળ ૧૮ સપ્ટેમ્બરે રિલીઝ થવાનું હતું. જોકે, એવું બન્યું નહીં. ઈન્ડિયા ટુડેના અહેવાલ મુજબ, શરૂઆતમાં એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે ત્રિવિક્રમ શ્રીનિવાસ તેમના ફોર્ચ્યુન ફોર સિનેમાઝ બેનર હેઠળ તેલુગુ વર્ઝન રિલીઝ કરશે. જોકે, ફિલ્મ નિર્માતાની નજીકના એક સૂત્રના જણાવ્યા અનુસાર, "હનુમાન અંશ" ટીમ સાથેનો કરાર નિષ્ફળ ગયા પછી તેમણે રિલીઝમાંથી ખસી ગયા.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ર | અ | મ | વા | ગુ | લા | મ | ક્ષ | કા | કા | અં | પ્રા |
| ગુ | મ | ના | મ | ક્ષ | ડ | શિ | કુ | ગ | તી | વિ | ળ |
| ર | ન | ઉ | ળ | ન | મ | ફ | દ | કુ | ઝ | ર | ધ |
| કુ | પ્રા | ધ | ણ | ર | રો | તા | ક | તી | ક્ષ | લ | વિ |
| ર | ક્ષ | ભો | બ | કા | તી | સ | પ | સા | ગ | કા | ક |
| ળો | અ: | લ | સ | ડ | મ | રી | અ | સ | દ | ધ | ક |
| દ | ચ | દ | રા | ર | સા | મ | ચ | મ | ચી | કા | મા |
| શિ | ક | ધ | બં | વા | ર | દ | કા | ર | લા | મા | ગ |
| કા | ચા | લી | ધ | ગ | સ | ર | ળ | ગુ | ઈ | ઈ | જ્ઞા |
| ર | ર | જ્ઞા | ન | ઓ | લ | બા | ણ | મા | કા | મા | ખ |
| ભો | મ | વ | ધ | પ્ર | ભો | બ | મા | ન | ળો | ણે | તુ |
| વિ | પ્ર | અ | સા | ક | લ | દ | ળો | સ | મા | ફ | ર |

શબ્દ શોધો

ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# રશ્મિકા અને વિજય લગ્ન પહેલા આઠ વર્ષથી રિલેશનશિપમાં હતાં

હૈદરાબાદ,

રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડા લગ્ન પહેલા આશરે ૮ વર્ષ સુધી રિલેશનશીપમાં રહ્યા છે. એકબીજાને ડેટ કરતા રહ્યા છે. આ દરમિયાન અનેકવાર તેઓ મીડિયાથી છુપાતા પણ જોવા મળ્યા છે. પોતાના સંબંધની કોઈને ગંધ પણ ન આવવા દીધી. હવે લગ્ન બાદ પહેલીવાર તેઓ દિલ ખોલીને પોતાની રિલેશનશીપ અંગે વાત કરી રહ્યા છે. સાઉથ સિનેમાનું સફળ કપલ વિજય અને રશ્મિકાની જોડી જામી રહી છે. આ વર્ષે જ બન્નેએ ફેરા ફર્યા હતા. એમના લગ્નનું પણ ગ્રાન્ડ સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. જેમાં બોલિવૂડથી લઈને સાઉથના સુપરસ્ટાર સુધીના લોકો પહોંચ્યા હતા. એમના લગ્નની તસવીર પર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ હતી. ફેન્સ માટે આ ક્ષણ એટલા માટે ખાસ રહી કારણ કે, આ તસવીરમાં રશ્મિકા એક અલગ અંદાજમાં જોવા મળી હતી. ફેન્સ આ જોડીને 'વિરોશ' કહીને બોલાવે છે. કપલ પોતાના લગ્નની થીમ પણ આ જ નામથી રાખી હતી. આ નામ સૌથી પહેલા વર્ષ ૨૦૧૯માં આવેલી એની ફિલ્મ 'ડીયર કોમરેડ'થી મળ્યું હતું. આ પછી બન્ને વચ્ચે નિકટતા શરૂ થઈ, રિલેશનશીપ શરૂ થઈ હતી. લગ્ન પહેલા આઠ વર્ષ સુધી બન્ને એકબીજાને ડેટ કરતા રહ્યા હતા. આ સંબંધ તેમણે મીડિયાથી છુપાવીને રાખ્યો અને તેમા એ સફળ થયા હતા. કપલે આવું શા માટે કહ્યું એની ચોખવટ કરતા કહ્યું હતું કે,આઠ વર્ષ પહેલા હું (વિજય) અને રશ્મિકા એક કલીગ તરીકે પહેલીવાર



મળ્યા હતા. પહેલા અમે સારા મિત્ર બન્યા અને પછી આ દોસ્તી પ્રેમમાં ફેરવાઈ ગઈ. અમે રિલેશનશીપ હતા અને આખરે એ મારી વાઈફ બની. રિલેશનશીપમાં આવ્યા બાદ અમે કોઈ સંતાકુકડી રમતા ન હતા. આ રિલેશનશીપ અંગે મને એવું ન લાગ્યું કે, મારે ખરેખર વાત કરવી જોઈએ.

આ મારી લાઈફનો સવાલ છે અને બીજા સાથે આની ચર્ચા કરવામાં મને એટલો રસ ન હતો. એવું હું શા માટે કરૂ? આ વાત પર રશ્મિકાએ કહ્યું હતું કે, અમારો સંબંધ કોઈ મનોરંજન નથી, રિલેશન એન્ટરટેઈનમેન્ટ ન હોઈ શકે. આ મારી લાઈફનો સવાલ છે અને બીજા સાથે આની ચર્ચા કરવામાં મને એટલો રસ ન હતો. એવું હું શા માટે કરૂ? આ વાત પર રશ્મિકાએ કહ્યું હતું કે, અમારો સંબંધ કોઈ મનોરંજન નથી, રિલેશન એન્ટરટેઈનમેન્ટ ન હોઈ શકે. એટલા માટે જ અમે આને સુરક્ષિત રાખવા માગતા હતા. હું એ સમયે પણ આ અંગે કોઈ વાતચીત કરતી ન હતી. બાહર વાત કરવા પણ માગતી નથી. વિજયે પોતાના લગ્ન અંગે શૅર કરેલા ફોટો પરના કેપ્શન અંગે વાત કરતા કહ્યું હતું કે, દોસ્તીનો સંબંધ પ્રેમમાં બદલ્યા બાદ ધીમે ધીમે એવો અહેસાસ થવા લાગ્યો કે, નાની-નાની ક્ષણમાં રશ્મિકા મિસ થઈ રહી છે. એની સાથેનું કોઈ શુટિંગ હોય ત્યારે ખરેખર સારૂ લાગતું. આરામદાયક ફીલ થતું. બન્ને એકબીજાના ખૂબ સારા ટ્રેનર છે. આ માટે જ બન્નેએ સાથે વર્કઆઉટ કરવાનું પણ શરૂ કર્યું હતું. જેથી લગ્નમાં પર્ફેક્ટ દેખાઈ રહે. એવું નથી કે લગ્ન બાદ બધુ થયું. બન્ને સાથે જમવા માટે પણ ગયેલા છે. સાથે જમ્યા પણ છે. જ્યારે હું (વિજય) એકલો જમતો એ સમયે લાગતુ કે, રશ્મિકા સાથે હોત તો? જ્યારે તમારા જીવનમાં કોઈ ખાસ વ્યક્તિ આવે છે કે હોય છે ત્યારે અમુક સ્થિતિ ખરેખર સારી લાગે છે. આ પછી અમે લગ્નનો વિચાર કર્યો હતો.

# ગુરૂવારે સૌરાષ્ટ્ર યુનિ.નો ૬૧મો પદવીદાન સમારોહ: વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરાશે

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી તથા શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિ




રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિ.નો ૬૧મો પદવીદાન સમારોહ આગામી તા.૮ ઓક્ટોબરના યુનિ.ના નવા ઓડીટોરીયમમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા શિક્ષણમંત્રી ત્રિકમભાઈ છાંગાની ઉપસ્થિતિમાં આયોજિત કરવામાં આવેલ છે.

યુનિ.ના આ પદવીદાન સમારોહમાં જવાહરલાલ નહેરૂ સેન્ટર ફોર એડવાન્સ એપ્લાઈડ રીસર્ચ સેન્ટરના ચેરમેન કે.એસ. નારાયણ વિશેષ ઉપસ્થિત રહેનાર છે. આ અંગેની તૈયારીઓ યુનિ.ના કુલપતિ ડો. ઉત્પલ જોષીના માર્ગદર્શન હેઠળ યુનિ. તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે.પદવીદાન સમારોહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા શિક્ષણ મંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે અંદાજે ૧૪૦થી તેજસ્વી વિદ્યાર્થીઓ કે જેઓએ ઉચ્ચ ગુણાંક હાંસલ કરેલ છે તેવા વિદ્યાર્થીઓ ગોલ્ડમેડલથી નવાજાશે.

જેમાં જામનગર મેડીકલ-કોલેજની તેજસ્વી વિદ્યાર્થીની કૈયા શાહને સૌથી વધુ પાંચ ગોલ્ડ મેડલ અને પ્રાઈઝ એનાયત કરાશે. આ ઉપરાંત યુનિ.ની વિવિધ વિદ્યાશાખાના ૪૨ હજાર વિદ્યાર્થીઓને પદવી-એનાયત કરાશે.અહીં એ ઉલ્લેખનીય છે કે સૌરાષ્ટ્ર યુનિ. હિરક જયંતિ એટલે કે ૬૦મા વર્ષની ઉજવણી કરી રહ્યું છે. યુનિ.ની સ્થાપના તા.૨૩ મે ૧૯૬૭ના દિવસે કરવામાં આવી હતી ત્યારથી અવિરતપણે વિશ્વ વિદ્યાલય દ્વારા પદવીદાન સમારોહ આયોજિત કરવામાં આવે છે.

# રાજકોટમાં વોર્ડ નં.૧૮માં સામુહિક શ્રમદાન કાર્યક્રમ યોજાયો



રાજકોટ,'સ્વચ્છતા હી સેવા' અભિયાન અંતર્ગત રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજે શહેરના તમામ ૧૮ વોર્ડમાં 'એક દિવસ- એક કલાક- એક સાથે'ના સંકલ્પ સાથે સ્વચ્છતા માટે સામુહિક શ્રમદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટ શહેરને સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ બનાવવા માટે યોજાયેલા આ સામુહિક શ્રમદાન કાર્યક્રમમાં ધારાસભ્યશ્રીઓ, રાજકોટ મહાનગર પાલિકાના પદાધિકારીઓ, મ્યુનીસીપલ કમિશ્નરશ્રી, સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ, સંગઠનના હોદેદારશ્રીઓ, રાજકોટ મહાનગર પાલિકાના અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ, શાળાના બાળકો તેમજ વિવિધ સેવાકીય સંસ્થાઓના સભ્યો ઉત્સાહભેર જોડાયા હતા.

# રાજકોટ સ્વામિનારાયણ ગુરૂકુળમાં વિદ્યાર્થીઓ માટે કેળવણી વાર્તાલાપ ગોઠવાયો



રાજકોટ,સ્વામીનારાયણ ગુરૂકુળમાં વિદ્યાર્થીઓ માટે મૂલ્યલક્ષી કેળવણી વાર્તાલાપ ગોઠવાયો હતો. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મૂલ્યલક્ષી કેળવણી આજની મહત્વની જરૂરીયાત છે.

શિક્ષણ માત્ર ડીગ્રી કે નોકરી મેળવવાનું સાધન નથી, પરંતુ ચરિત્ર નિર્માણ અને માનવીય મૂલ્યોના સિંચનનો પાયો છે. આજના આધુનિક અને ડીજીટલ યુગમાં વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યોનું જતન થાય તે માટે મૂલ્યલક્ષી કેળવણી અનિવાર્ય બની ગઈ છે તેવું વકતા પન્નાબેન પંડયાએ વિશેષ વ્યાખ્યાન દરમિયાન જણાવ્યું હતું.

# 'પાંજી નવરાત્રી, રાસનો રંગ અદાણીની સંગાથે' થીમ સાથે યોજાશે ભવ્ય નવરાત્રી મહોત્સવ

## મુંદરામાં અદાણી ફાઉન્ડેશન દ્વારા નિઃશુલ્ક 'પાંજી નવરાત્રી મહોત્સવ'નું ભવ્ય આયોજન




મુંદરા: માઁ અંબાની આરાધનાના પાવન પર્વ નવરાત્રી નિમિત્તે અદાણી ફાઉન્ડેશન દ્વારા મુંદરામાં નિઃશુલ્ક 'પાંજી નવરાત્રી મહોત્સવ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. 'પાંજી નવરાત્રી, રાસનો રંગ અદાણીની સંગાથે'ની થીમ સાથે યોજનારા આ મહોત્સવમાં ભક્તિ, ઉત્સાહ અને ગુજરાતી પરંપરાનો અનોખો સંગમ જોવા મળશે.

મુંદરા-ગુંદાલા રોડ પર આવેલા કોમ્પ્લેક્સ સિનેમા નજીક યોજાનારા આ મહોત્સવમાં મુંદરા શહેર અને તાલુકા સહિત સમગ્ર કચ્છની ધર્મપ્રેમી જનતા પરિવાર સાથે જોડાઈને માતાજીની આરાધના તથા પરંપરાગત ગરબાનો આનંદ માણી શકશે.

નવરાત્રી મહોત્સવ દરમિયાન નામાંકિત કલાકારો વિશાલભાઈ ગઢવી, વંદનાબેન ગઢવી, જીગ્નેશભાઈ ગઢવી અને દેવલબેન ગઢવી દ્વારા માતાજીની આરાધના સાથે પરંપરાગત ગરબાની રજૂઆત કરવામાં આવશે. ગુજરાતી લોકસંગીત અને ગરબાની આગવી છટા સાથે ખેલૈયાઓ તથા ભક્તો નવરાત્રીના રંગમાં રંગાઈ જશે.

આ આયોજનમાં ગુજરાતી સંસ્કૃતિ અને પરંપરાગત ગરબાને વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ મહોત્સવમાં પરંપરાગત ગરબા સાથે આધુનિક સુવિધાઓનો સુંદર સમન્વય જોવા મળશે. મહોત્સવને ભવ્ય અને સુવ્યવસ્થિત બનાવવા માટે વિશાળ અને સુસજ્જ ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવ્યું છે, જ્યાં હજારો ખેલૈયાઓ એકસાથે ગરબે રમી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આકર્ષક સાઉન્ડ અને લાઈટિંગ સહિતની સુવિધાઓ પણ ઊભી કરવામાં આવી છે. પરંપરાગત ઢોલના તાલ સાથે આધુનિક સાઉન્ડ સિસ્ટમનો સમન્વય ખેલૈયાઓ અને ભક્તો માટે ઉત્સવના માહોલને વધુ આનંદમય બનાવશે.મહોત્સવમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને સુરક્ષા અને વ્યવસ્થાને પણ વિશેષ પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. મહિલાઓ, બાળકો અને પરિવારજનો માટે સુરક્ષિત વાતાવરણ જળવાઈ રહે તે માટે ઝ્રઝ્રஃ કેમેરા, સિક્યોરિટી સ્ટાફ અને બાઉન્સર્સની વ્યવસ્થા કરવામાં આવી છે.મુલાકાતીઓની સુવિધા માટે સુવ્યવસ્થિત પાર્કિંગ ઝોન ઉપરાંત ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રહે તે માટે પણ જરૂરી આયોજન કરવામાં આવ્યું છે. તેમજ કોઈપણ તાત્કાલિક પરિસ્થિતિને પહોંચી વળવા માટે ફર્સ્ટ-એડ, તબીબી સુવિધા અને એમ્બ્યુલન્સની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. અદાણી ગ્રુપના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "આપણી પૌરાણિક અને સમૃદ્ધ ગુજરાતી સંસ્કૃતિ તથા પરંપરાઓને જાળવી રાખીને સૌ નાગરિકો માટે સુરક્ષિત, સુવ્યવસ્થિત અને યાદગાર નવરાત્રીનું નિર્માણ કરવાનો અમારો પ્રયાસ છે. 'પાંજી નવરાત્રી મહોત્સવ'માં મુંદરા શહેર-તાલુકા તેમજ સમગ્ર કચ્છની જનતા, સૌ ભાઈઓ-બહેનો અને પરિવારજનોને ભાવભર્યું આમંત્રણ છે."

# ગોંડલ તાલુકાના ગોમટા ગામે મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે ગ્રામસભા યોજાઈ

## સાયબર સુરક્ષા, ઘનકચરા વ્યવસ્થાપન અને જળ સંચય અંગે ચર્ચા કરાઈ

રાજકોટ, રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં આવેલા ગોમટા ગામની પંચાયત કચેરી ખાતે આજે મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે પંચાયતના સભ્ય શ્રી ભરતભાઈ માંકડીયાના અધ્યક્ષસ્થાને ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામના વિકાસ અને નાગરિકોની સુવિધાઓ અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

આ ગ્રામસભા દરમિયાન ગામમાં માળખાકીય સુવિધાઓ વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. જેમાં ગામના આંતરિક રસ્તાઓ પર પેવર બ્લોક નાખવાની ગ્રામજનોએ રજૂઆત કરી હતી, જેના સંદર્ભે જરૂરી પગલાં લેવાની ખાતરી આપવામાં આવી હતી.

આ ઉપરાંત, ગામમાં બાકી રહેલા વિકાસ કાર્યોને સમયસર પૂર્ણ કરવા તેમજ સાયબર સુરક્ષા અંગે જાગૃતિ, ઘનકચરા વ્યવસ્થાપન અને જળ સંચય માટે 'કેચ ધ રેઈન' અભિયાન હેઠળ પાણી સંરક્ષણ કરવા અંગે ચર્ચા કરાઈ હતી. આ તકે તલાટી કમ મંત્રી શ્રી શ્રેયભાઈ આલોદરીયા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

'મારું ગામ, વિકસિત ગામ' સૂત્રને સાર્થક કરતું ગોમટા ગામ

ગોંડલ તાલુકાનું ગોમટા ગામ 'મારું ગામ, વિકસિત ગામ'ના સૂત્રને સાર્થક કરી રહ્યું છે, જ્યાં ગ્રામજનોને તમામ પ્રકારની આધુનિક અને પ્રાથમિક સુવિધાઓ પોતાના જ ગામમાં મળી રહે છે. અહીં શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તમ ગુણવત્તાયુક્ત સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, ખાનગી નર્સિંગ કોલેજ, પાંચ આંગણવાડીઓ અને જ્ઞાનવર્ધક પુસ્તકાલયની સુવિધા ઉપલબ્ધ છે, તો સ્વાસ્થ્યની સંભાળ માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે. ગામમાં પીવાનું અને સિંચાઈનું પાણી નિયમિત મળી રહે છે, તેમજ બસ સ્ટેશન સાથે રેલ્વે સ્ટોપ પણ હોવાથી વાહન વ્યવહારની સુગમતા રહે છે. વધુમાં, ડુંગળીનો પાવડર, કોટન અને પેસ્ટીસાઈડ બનાવવાના કારખાનાઓ જેવા સ્થાનિક ઉદ્યોગોને લીધે રોજગારીની તકો પણ ઉભી થઈ છે, અને ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શનની વ્યવસ્થાથી ગામ સ્વચ્છ અને સુવિધાસભર બન્યું છે.

# ખરીફ પાકોની ટેકાના ભાવે ખરીદીના રાજ્ય સરકારના નિર્ણયને ભાજપ કિસાન મોરચાના મંત્રી વિજયભાઈ કોરાટે આવકાર્યો

રાજકોટ: રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની રાજ્ય સરકાર દ્વારા ડાંગર, મકાઈ, બાજરી, જુવાર અને રાગી જેવા પાકોની લઘુતમ ટેકાના ભાવે (MSP) સીધી ખરીદી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ભાજપ પ્રદેશ કિસાન મોરચાના મંત્રી વિજય કોરાટે સરકારના આ આર્થિક રક્ષણ પૂરું પાડતા નિર્ણયને સહર્ષ આવકારી મુખ્યમંત્રી તથા કૃષિમંત્રી વાઘાણીને અભિનંદન પાઠવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં બાજરી માટે રૂ. ૨,૭૭૫, જુવાર (માલદંડી) માટે રૂ. ૩,૭૪૯, જુવાર (હાઈબ્રીડ) માટે રૂ. ૩,૬૬૯ અને મકાઈ માટે રૂ. ૨,૪૦૦ પ્રતિ ક્વિન્ટલ ભાવ નક્કી કરવામાં આવ્યા છે. આ સાથે જ સરકારે બાજરી અને જુવારની ખરીદી પર ટેકાના ભાવ ઉપરાંત પ્રતિ ક્વિન્ટલ રૂ. ૩૦૦નું વધારાનું બોનસ આપવાની પણ મહત્વની જાહેરાત કરી છે.

ટેકાના ભાવે પોતાના પાકનું વેચાણ કરવા ઈચ્છતા ખેડૂતોએ તા. ૨ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૬ થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન નિયત પાકની ખરીદી કરવામાં આવશે. વિજય કોરાટે કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂતલક્ષી નીતિઓની પ્રશંસા કરતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને કિસાન મોરચાના પ્રમુખ હિરેન હિરપરાનો આભાર વ્યક્ત કર્યો છે.

# રાજકોટમાં શ્રી મોઢ વણિક યુવા ગ્રુપ-રાજકોટ દ્વારા વિદ્યોતેજક પુરસ્કાર સન્માન -જ્ઞાતિ સેવા એવોર્ડ સમારોહ યોજાયો

રાજકોટ,રાજકોટ ખાતે શ્રી મોઢ વણિક યુવા ગ્રુપ, રાજકોટ આયોજિત વિદ્યોતેજક સન્માન સમારોહ તથા જ્ઞાતિ સેવા એવોર્ડ સન્માન સમારોહનું ભવ્ય અને જાજરમાન આયોજન અરવિંદ મણિયાર હોલ ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો, વિદ્યાર્થીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ કુમારી વૈષ્ણવી એસ. ભાડલીયા દ્વારા ગણેશ સ્તુતિ રજૂ કરીને કરવામાં આવ્યો હતો.

આ સમારોહમાં રાજકોટ શહેર કક્ષાએ જ્ઞાતિ સેવા એવોર્ડ વસંતભાઈ એન. વોરાને તથા બહારગામ કક્ષાએ અમદાવાદના જયેન્દ્રભાઈ એ. મહેતાને એનાયત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ક્રિડાઈ ગુજરાત બિલ્ડર્સ એસોસિએશનના ઉપપ્રમુખ પદે તેમજ બેસ્ટ ડિઝાઈનિંગ અને પ્રોજેક્ટ એવોર્ડ મેળવવા બદલ ગોપીભાઈ કે. પટેલ અને રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ના બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્ય પદે નિમણૂંક બદલ નીતિનભાઈ ડી. મણિયારનું "વિશેષ બહુમાન" કરવામાં આવ્યું હતું.

તદુપરાંત, ૧૪૭ તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ, શીલ્ડ, બોલપેન, મોમેન્ટો અને રોકડ પુરસ્કાર આપીને પ્રોત્સાહિત કરાયા હતા. તેમજ સુપર સ્પેશિયાલિસ્ટ ડો. અનેરીબેન પારેખ, એમ.ડી./એમ.એસ. ડો. જીલભાઈ મેસવાણી, ડો. સંજ્ઞા પારેખ, ડોક્ટરેટ ડિગ્રી મેળવનાર ડો. શ્રુતિ વોરા, ડો. મૈત્રી મોદી, ડો. બિન્દ્રા પરીખ, તેમજ પીએચ.ડી. અને સી.એ. થનાર પ્રતિભાવંતોનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને પ્રમુખ કિરણભાઈ છાપીયા, ઉદ્ઘાટક સ્થાને ભવ્યભાઈ એમ. દોશી, ઉપાધ્યક્ષ સ્થાને ધ્રુવભાઈ એન. શેઠ અને અક્ષતભાઈ એ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર સોમનાથમાં પ્રથમ વખતના મતદારોના નામ નોંધવા ઝુંબેશ

વેરાવળ, ગીર સોમનાથ જિલ્લામાં મતદારયાદી સતત સુધારણા પ્રક્રિયા હેઠળ બાકી રહી ગયેલા અને નવા/પ્રથમ વખતના પાત્ર મતદારોના નામ મતદાર યાદીમાં નોંધવા અંગેની ખાસ ઝુંબેશ તા.૦૧/૧૦/૨૦૨૬ થી યોજાશે.

ભારતના ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર ગીર સોમનાથ જિલ્લામા સમાવિષ્ટ ૯૦-સોમનાથ, ૯૧-તાલાલા, ૯૨-કોડીનાર (જ.ઈ) અને ૯૩-ઉના વિધાનસભા મતદાર વિભાગોમાં આ સતત સુધારણા પ્રક્રિયા દરમિયાન ૧૮-૧૯ વર્ષના યુવા મતદારો અને સતત સુધારણા પ્રક્રિયા હેઠળ બાકી રહેલા તમામ પાત્ર નાગરીકોની મતદારયાદીમાં નોંધણી માટે વિશેષ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

આ ખાસ ઝુંબેશ અંતર્ગત તા.૧૧-૧૦-૨૦૨૬, તા.૧૮-૧૦-૨૦૨૬, તા.૨૫-૧૦-૨૦૨૬ અને તા.૦૧-૧૧-૨૦૨૬ના રોજ સવારના ૧૦:૦૦ કલાકથી સાંજના ૦૫:૦૦ કલાક સુધી સંલગ્ન મતદાન મથક ખાતે બુથ લેવલ ઓફિસર ઉપસ્થિત રહેશે. તેમને આધાર પુરવા સાથે નિયત ફોર્મ ભરી સુપ્રત કરવાનુ રહેશે.

# રાજકોટની સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલમાં કમ્પ્યુટર લેબનો ઉદ્ઘાટન કરાયું



રાજકોટ,સિસ્ટર નિવેદિતા ફાઉન્ડેશન, રાજકોટ સંચાલિત સિસ્ટર નિવેદિતા સ્કૂલ ઓન વ્હીલ્સની પ્રવૃત્તિ સાથે જોડાયેલ વીરજીભાઈ ભાયાણી ઉત્તર બુનિયાદી વિદ્યાલય, ડોળિયાના વિદ્યાર્થીઓના લાભાર્થે સિસ્ટર નિવેદિતા શૈક્ષણિક સંકુલ દ્વારા ભેટ આપવામાં આવેલ કમ્પ્યુટર લેબનો ઉદ્ઘાટન સમારંભ તા. ૨૬.૦૯.૨૦૨૬ને શનિવારે ડોળિયા શૈક્ષણિક સંકુલના મધ્યસ્થ ખંડમાં સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્ર, રાજકોટના પ્રતિનિધઓ, ડોળિયા સંસ્થાના નિયામક તેમજ ડોળિયા શૈક્ષણિક સંકુલના ટ્રસ્ટીઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ.

# રાજકોટ ખાતે સેવા મેરા યોગદાન અંતર્ગત ગોકુલધામ નારમાં દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમ યોજાયો

રાજકોટ, મહાત્મા ગાંધીજીની જન્મજયંતીના પાવન પ્રસંગે ગુજરાત સરકારના સામાજિક ન્યાવય અને અધિકારિતા વિભાગના સમાજ સુરક્ષા વિભાગ દ્વારા સેવા મેરા યોગદાને અંતર્ગત દિવ્યાંગ સાધન સહાય વિતરણ કાર્યક્રમનું ગોકુલધામ, નાર ખાતે આયોજન કરવામાં આવ્યુંર હતું.

કાર્યક્રમમાં ગોકુલધામ નારના પૂજ્ય સાધુ શુકદેવપ્રસાદદાસજી, સોજિત્રા મતવિસ્તારના ધારાસભ્ય વિપુલભાઈ પટેલ, આણંદ જિલ્લા કલેક્ટર, રાજ્ય કક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલ, કેબિનેટ મંત્રી રમણભાઈ સોલંકી, આણંદ જિલ્લા ભાજપ પ્રમુખ સંજયભાઈ પટેલ સહિતના મહાનુભાવો તથા સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગુરુવર્ય મોહન સ્વામીજીની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમની ગૌરવમયતામાં વધારો કર્યો હતો.



જેમાં દિવ્યાંગ ભાઈ-બહેનોને આત્મનિર્ભરતા તરફ આગળ વધારવા અને તેમના જીવનમાં સરળતા લાવવાના હેતુથી વિવિધ પ્રકારના કુલ ૨૭૪ સહાયક સાધનોનું વિતરણ કરવામાં આવ્યું હતું. બે લાભાર્થીઓને દિવ્યાંગ લગ્ન સહાય પેટે કુલ રૂ. ૧.૫૦ લાખ તથા ૧૦ લાભાર્થીઓને દિવ્યાંગ ટુ-વ્હીલર ખરીદી માટે કુલ રૂ. ૨.૫૦ લાખની આર્થિક સહાય આપવામાં આવી. ઉપરાંત આશરે ૩૦ દિવ્યાંગજનોને માસિક પેન્શન યોજનાના મંજૂરી હુકમ અને ૧૦૪ દિવ્યાંગજનોને મફત બસ મુસાફરી માટે દિવ્યાંગ ઓળખકાર્ડ (બસપાસ) આપવામાં આવ્યા

# રાજકોટ સુપર લીંગ જૂનીયર અને સબ જૂનીયર ફૂટબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ



રાજકોટ,માસ્ટર સ્પોર્ટ એકેડેમી દ્વારા આયોજીત અને રાજકોટ મ્યુનસિપિલ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસીએસન, ડિસ્ટ્રીકટ ફૂટબોલ એસોસીએસનના સહયોગથી જૂનીયર અને સબ જૂનયિર માટે રાજકોટ સુપર લીગ ફૂટબાલ ટુર્નામેન્ટનું આયોજન રેસકોર્સ માસ્ટર ફૂટબોલ કલબ ગ્રાઉન્ડ, આરએમસી એથલેટીક ગ્રાઉન્ડ છે ત્યાંએ કરવામાં આવેલ છે, રાત્રે પ્રકાશમાં રમતી આ ટુર્નામિટમાં ૮ ટીમ ઓનર છે.

ઓપનીંગ સેરેમનીમાં રાજકોટના પ્રથમ નાગરીક મેયર શ્રી નેહલભાઈ શુકલ, દર્શિતાબેન શાહ, ડિસ્ટ્રીકટ ફૂટબોલ એસોસીએસન શ્રી ગુણવંતભાઈ ડેલાવાલા, કોર્પોરેટર શ્રી જયરાજસહિ જાડેજા, ડિસ્ટ્રી ટક સ્પોર્ટ્ર ઓફીસર શ્રી વિરેદ્રસિંહ જાડેજા, ડિસ્ટ્રીકટ ફૂટબોલ એસોસીએસનના શ્રી બી. કે. જાડેજા, સેક્રેટરી શ્રી રોહીત બુંદેલા, બીજેપીના પૂર્વ મહામંત્રી અસ્વીનભાઈ મોલીયા, મહેશભાઈ રાઠોડ, શ્રી કાથડભાઈ ડાંગર, હરેશભાઈ લાખાણી, સીનીયર ફૂટબોલ કોચ શ્રી જીવનસિંહ બારડ, સિનીયર ઓડીટ ઓફીસર પરબતસિંહ જાડેજા વગેરે મહાનુભાવોનું પુષ્પ અને મોમેન્ટોથી સ્વાગત માસ્ટર સ્પોર્ટ્સ એકેડમીના પ્રેસીડેન્ટ રાજદીપસિંહ જાડેજા (રાજાભાઈ વાવડી) અને સેક્રેટરી શ્રી અમીતભાઈ સિયાળીયા દ્વારા કરવામાં આવેલ. ઓપનીંગ સેરેમનીનું સફળ સંચાલન શ્રી શકિતરાજ ગઢવી અને શ્રી અમૃતલાલ બૌરાસી દ્વારા કરવામાં આવેલ.

# સુશાસન એ અદ્રશ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે જે રોકાણકારોના વિશ્વાસને ટકાવી રાખે છે : ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણ

## ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને ભારત મંડપમ ખાતે ICSI ના ૫૮માં સ્થાપના દિવસને સંબોધિત કર્યો

નવી દિલ્હી,

ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણને નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (ICSI) ની ૫૮મી સ્થાપના દિવસની ઉજવણીમાં હાજરી આપી કાર્યેકર્મને સંબોધિત કર્યો હતો. સમગ્ર ICSI બિરાદરીને તેમની શુભેચ્છાઓ પાઠવતા, તેમણે પારદર્શક, નૈતિક અને સમાવેશી કોર્પોરેટ ગવર્નન્સને મજબૂત કરવા માટે સંસ્થાની લગભગ છ દાયકાની સફરની પ્રશંસા કરી હતી.ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (ICSI) ની ૫૮મી સ્થાપના દિવસની ઉજવણી કાર્યેકર્મમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે સુશાસન એ "અદ્રશ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર" છે જે રોકાણકારોના વિશ્વાસ અને જાહેર વિશ્વાસને ટકાવી રાખે છે, અને કંપની સેક્રેટરીઓને "શાસનના રક્ષકો" અને ઈન્ડિયા ઈંક.ના ટ્રસ્ટ આર્કિટેક્ચરના કેન્દ્ર તરીકે વર્ણવ્યા હતા. — ભારતના ઉપરાષ્ટ્રપતિ (@VPIndia) ઑક્ટોબર ૪, ૨૦૨૬

નાગરિકોની સંભાળ રાખવા અને જાહેર વિશ્વાસનું રક્ષણ કરવા માટે સુશાસન આવશ્યક છે તેના પર ભાર મૂકતા ઉપપ્રમુખે કહ્યું કે જ્યારે લોકો કર ચૂકવે છે ત્યારે તેઓ જવાબદાર શાસનની અપેક્ષા રાખે છે, જ્યારે રોકાણકારો અપેક્ષા રાખે છે કે કંપનીઓ સુદ્રઢ કોર્પોરેટ ગવર્નન્સ દ્વારા તેમના હિતોનું રક્ષણ કરે. તેમણે નોંધ્યું હતું કે ICSI પરંપરાગત નિયમનકારી અનુપાલનથી આગળ વધીને સુશાસનને આગળ ધપાવવામાં એક મહત્વપૂર્ણ સંસ્થા બની ગઈ છે.

શ્રી સી. પી. રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે સંસ્થાનું પરિવર્તન વ્યવસાયના વિકાસને પ્રતિબિંબિત કરે છે, જે આજે કોર્પોરેટ પારદર્શિતા, રોકાણકારોના



વિશ્વાસ અને વૈશ્વિક અર્થતંત્રમાં ભારતનું સ્થાન મજબૂત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, એડવાન્સ્ડ ડેટા એનાલિટિક્સ અને ઝડપથી બદલાતા બિઝનેસ મોડલ્સ દ્વારા આકાર પામેલા યુગમાં, ઉપરાષ્ટ્રપતિએ "શાસનના રક્ષકો" તરીકે કંપની સેક્રેટરીઓને ઈન્ડિયા ઈંકની કાનૂની, વ્યૂહાત્મક અને નૈતિક પાયાને જાળવી રાખવા માટે આહવાન કર્યું હતું. તેમણે કહ્યું કે, "ટેકનોલોજી માહિતી જે રીતે જનરેટ થાય છે અને નિર્ણયોને સપોર્ટ કરવામાં આવે છે તે રીતને બદલી શકે છે, પરંતુ અખંડિતતા, જવાબદારી, પારદર્શિતા અને ઉત્તરદાયિત્વ માનવીય રહે છે."

ટ્રસ્ટ, પારદર્શિતા અને કોર્પોરેટ ગવર્નન્સને આધુનિક અર્થતંત્રના "અદ્રશ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર" તરીકે વર્ણવતા શ્રી સી. પી. રાધાકૃષ્ણને કહ્યું કે સતત આર્થિક પ્રગતિ માટે રોકાણકારોનો વિશ્વાસ આવશ્યક છે.

# અમેરિકાએ ઈરાની રાજદ્વારીઓને દેશ છોડવાનો આદેશ આપ્યો

## ન્યૂયોર્કમાં નિર્ધારિત સમય કરતાં વધુ રોકાયેલા બે રાજદ્વારીઓને બહાર કાઢ્યા

ન્યૂયોર્ક,

ન્યૂ યોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ઈરાનના પ્રતિનિધિમંડળના બે સભ્યોને યુનાઈટેડ સ્ટેટ્સમાંથી "બહાર કાઢી મૂકવામાં આવ્યા" હોવાના અહેવાલ છે.એક્સિઓસે એક અમેરિકન અધિકારીને ટાંકીને અહેવાલ આપ્યો છે કે રાજદૂતે કથિત રીતે દેશ છોડવાના યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના આદેશનું પાલન કરવાનો ઈનકાર કર્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

અહેવાલો મુજબ, આ અઠવાડિયાની શરૂઆતમાં સ્ટેટ ડિપાર્ટમેન્ટે સંયુક્ત રાષ્ટ્રમાં ઈરાનના મિશનને નિર્દેશ આપ્યો હતો કે યુએન જનરલ એસેમ્બલીના સત્રો સમાપ્ત થયા પછી તરત જ તેનું સમગ્ર પ્રતિનિધિમંડળ દેશ છોડી દે.

જોકે, આદેશ છતાં પ્રતિનિધિમંડળના બે સભ્યો ન્યૂ યોર્કમાં જ રહ્યા.શુક્રવારે ઈરાની મિશનને જાણ કરવામાં આવી હતી કે યુએસ અધિકારીઓને ખબર હતી કે બે રાજદ્વારીઓ હજુ પણ શહેરમાં છે, જોકે તેમને પહેલાથી જ જવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ વોશિંગ્ટને બંને તાત્કાલિક છોડી દેવાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો.યુએસ અધિકારીએ એક્સિઓસને કહ્યું: "સેક્રેટરી રુબિયોનો અર્થ વ્યવસાય છે. યુએન જનરલ એસેમ્બલી પસાર થયાના ઘણા સમય પછી પણ ઈરાની પ્રતિનિધિમંડળના બે વધુ સભ્યો ન્યૂ યોર્કમાં મળી આવ્યા હતા. હવે તેમને દેશમાંથી બહાર કાઢી મૂકવામાં આવ્યા છે."

એક રાજદ્વારી શુક્રવારે રવાના થયો, બીજો શનિવારે યુએસ ન્યૂઝ આઉટલેટ અનુસાર, બે ઈરાની રાજદ્વારીઓમાંથી એક શુક્રવારે રાત્રે ન્યૂયોર્ક છોડી ગયો, જ્યારે બીજો શનિવારે સવારે રવાના થયો.

યુએસ મીડિયાએ અગાઉ અહેવાલ આપ્યો હતો કે સ્ટેટ ડિપાર્ટમેન્ટે ઈરાની વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચી અને તેમના પ્રતિનિધિમંડળને સોમવારે યુનાઈટેડ સ્ટેટ્સ છોડવા સૂચના આપી હતી.

# પંજાબ સરકાર પર સવાલ ઉઠાવ્યા બાદ ધારાસભ્ય સુખવીર સિંહ મૈસરખાના સસ્પેન્ડ

નવી દિલ્હી,

આમ આદમી પાર્ટી (AAP) એ પંજાબના ધારાસભ્ય સુખવીર સિંહ મૈસરખાનાને "પક્ષ-વિરોધી પ્રવૃત્તિઓ અને શિસ્તભંગ" બદલ પક્ષમાંથી સસ્પેન્ડ કર્યા છે. મૈસરખાના મૌર મતવિસ્તારમાંથી પંજાબ વિધાનસભાના સભ્ય છે.

AAPના પંજાબ યુનિટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "પક્ષના ધ્યાનમાં આવ્યું છે કે તમે પક્ષ-વિરોધી પ્રવૃત્તિઓ અને શિસ્તભંગમાં સામેલ હોવાનું જણાયું છે. આ બાબતોને ધ્યાનમાં રાખીને, પક્ષમાંથી તમારી પ્રાથમિક સદસ્યતા તાત્કાલિક અસરથી સ્થગિત કરવામાં આવે છે."મૈસરખાના સામે આ કાર્યવાહી એવા સમયે કરવામાં આવી છે જ્યારે તેમણે ફેસબુક લાઈવ દરમિયાન પંજાબની શાળાઓમાં શિક્ષકોની અછત અંગે છછઁ સરકાર પર સવાલો ઉઠાવ્યા હતા. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ૧૪.૧૭ મિનિટના વીડિયોમાં મૈસરખાનાએ કહ્યું હતું કે તેમણે વારંવાર AAPના ઉચ્ચ નેતૃત્વ સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યો હતો, પરંતુ કોઈએ આ બાબત પર ધ્યાન આપ્યું ન હતું.તેમણે દાવો કર્યો હતો કે તેઓ એકમાત્ર એવા ધારાસભ્ય છે જેમણે પોતાના બાળકોને પંજાબની સરકારી શાળાઓમાં ભણવા મોકલ્યા છે. વધુમાં, પ્રથમ વખત ધારાસભ્ય બનેલા મૈસરખાનાએ કહ્યું કે તેઓ 'ઊંડી વેદના' અનુભવી રહ્યા છે અને પક્ષ દ્વારા તેમને હાંસિયામાં ધકેલી દેવામાં આવ્યા છે, જ્યારે તેમણે પંજાબમાં પાયાના સ્તરે AAPની સ્થિતિ મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# સરળ રસ્તો કે કઠિન રસ્તો, ઈરાન અંગે અમેરિકા નિર્ણય લેશેઃ ટ્રમ્પ

## ઈરાનની હાલત ખરાબ રીતે કથળી ગયેલ છેઃ અમેરિકન પ્રમુખ

વોશિંગ્ટન,

મધ્ય પૂર્વમાં સંઘર્ષ વધુ તીવ્ર બની રહ્યો છે ત્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, વોશિંગ્ટન ઈરાન અંગે નિર્ણય લેશે. તેમણે ચેતવણી આપી હતી કે આનું પરિણામ કાં તો "સરળ રસ્તે" અથવા "કઠિન રસ્તે" આવશે અને સાથે જ દાવો કર્યો હતો કે તેહરાન (ઈરાન) "તબાહ" થઈ ગયું છે.

"ઈરાન અંગે મારે એક નિર્ણય લેવાનો છે. ઈરાન તબાહ થઈ ગયું છે. તેથી હવે માત્ર એ જ સવાલ છે કે આ મામલો સરળ રસ્તે ઉકેલાશે કે કઠિન રસ્તે. અમે તેને સરળ રસ્તે અથવા કઠિન રસ્તે ઉકેલીશું," એમ ટ્રમ્પે વ્હાઈટ હાઉસની બહાર પત્રકારોને કહ્યું.

અમેરિકી રાષ્ટ્રપતિએ ઈરાન અંગેની તેમની આગામી કાર્યવાહી વિશે વિગતો આપવાનું ટાળ્યું હતું અને માત્ર એટલું જ કહ્યું હતું કે પરિસ્થિતિ અનુકૂળ દિશામાં આગળ વધી રહી છે અને ઈરાનની હાલત "ખરાબ" છે.

પત્રકારો સાથે વાત કરતી વખતે, જ્યારે ટ્રમ્પને ઈરાન અંગેની તેમની આગામી વ્યૂહરચના વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે શરૂઆતમાં સંકેત આપ્યો હતો કે તેમની યોજનાઓ જાહેર કરવાથી મોટી હેડલાઈન્સ બનશે. "જો હું તમને કહું, તો તમારી પાસે એક મોટી સ્ટોરી આવી જશે, ખરું ને? પરંતુ તમે જોશો. બધું ખૂબ સારી રીતે આગળ વધી રહ્યું છે. ઈરાનની હાલત સારી નથી," ટ્રમ્પે કહ્યું.

અમેરિકી રાષ્ટ્રપતિએ તેમના વહીવટીતંત્ર દ્વારા લેવામાં આવી શકે તેવા સંભવિત પગલાં વિશે વધુ વિગતો આપી ન હતી કે પછી તેમના આગામી પગલાં માટે કોઈ સમયરેખા સૂચવી હતી.

અગાઉ, ટ્રમ્પે કહ્યું હતું કે ઈરાન સાથેનું યુદ્ધ "ખૂબ જ ઝડપથી" સમાપ્ત થશે અને આગાહી કરી હતી કે દુશ્મનાવટ પૂરી થયા પછી તેલના



ભાવમાં ભારે ઘટાડો થશે. તેમણે તેહરાનને આર્થિક અને લશ્કરી એમ બંને રીતે અત્યંત નબળું પડી ગયેલું ગણાવ્યું હતું.

ટેક્સાસમાં પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે સંઘર્ષનો અંત કેવી રીતે આવશે તે અંગે ઈરાન સામે એક નિર્ણાયક પસંદગી છે. "ઈરાનનો મામલો ખૂબ જ જલ્દી કોઈને કોઈ રીતે પૂરો થઈ જશે,"

# જેસલમેરના ડેઝર્ટ નેશનલ પાર્ક ખાતે બે નર ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડને મુક્ત કર્યા

જેસલમેર,

અતિ દુર્લભ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ (GIB)ના સંરક્ષણ માટેના એક મહત્ત્વપૂર્ણ માઈલસ્ટોનમાં, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે રાજસ્થાનના જેસલમેરમાં ડેઝર્ટ નેશનલ પાર્કના સામ ખાતે બે નર GIB ને કુદરતી વાતાવરણમાં મુક્ત કર્યા હતા. આ પ્રસંગે રાજસ્થાન રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી શ્રી સંજય શર્મા, કેન્દ્ર અને રાજ્ય સરકારોના વરિષ્ઠ અધિકારીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા.X પરની એક પોસ્ટમાં, શ્રી યાદવે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનો તેમના સતત માર્ગદર્શન, પ્રોત્સાહન અને સહયોગ માટે આભાર માન્યો હતો, જેના લીધે વૈજ્ઞાનિક સમુદાય ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડ અને અન્ય પ્રજાતિઓના સંરક્ષણ માટે કામ કરવા માટે સક્ષમ બન્યો છે.મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આ માઈલસ્ટોન એ ગ્રેટ ઈન્ડિયન બસ્ટર્ડને રાજસ્થાનના રણને પુનઃપ્રાપ્ત કરવામાં મદદ કરવા માટે આપણા વૈજ્ઞાનિકો, સંશોધકો અને ગ્રાઉન્ડ સ્ટાફના લગભગ એક દાયકાના અવિરત સમર્પણનું પરિણામ છે.આ મુક્તિ ભારતના ઐ- સંરક્ષણ કાર્યક્રમમાં એક સક્ષમ સંરક્ષણ-સંવર્ધન (કન્ઝર્વેશન-બ્રીડિંગ) વસ્તીની સ્થાપના કરવાથી લઈને પ્રજાતિઓને તેના કુદરતી આવાસમાં પુનઃસ્થાપિત કરવા અને વધારવા તરફના એક મહત્વપૂર્ણ સંક્રમણનું પ્રતીક છે. આ મુક્તિ પરથી મળેલા શીખનો ઉપયોગ આગળની મુક્તિઓ માટેના પ્રોટોકોલને ક્રમશઃ સુધારવા માટે કરવામાં આવશે.

# ભાજપે પશ્ચિમ બંગાળમાંથી કોયલ મલિક અને ઉત્તરાખંડમાંથી દિનેશ આર્યને રાજ્યસભાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા

નવી દિલ્હી,

ભારતીય જનતા પાર્ટી (ભ્નઁ) એ રવિવારે (૪ ઓક્ટોબર) ઉત્તરાખંડમાં ૨૦૨૬ની રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણી માટે દિનેશ આર્ય અને પશ્ચિમ બંગાળમાં રાજ્યસભાની પેટાચૂંટણી માટે રુકમણી મલ્લિક (જેઓ કોયલ મલ્લિક તરીકે પણ ઓળખાય છે) ના નામની ઉમેદવાર તરીકે જાહેરાત કરી હતી. ઉમેદવારોના નામોને ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ મંજૂરી આપી છે.

ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડની રાજ્યસભાની ૧૧ બેઠકો માટેની દ્વિવાર્ષિક ચૂંટણીઓ અને પશ્ચિમ બંગાળની એક બેઠક માટેની પેટાચૂંટણી ૧૬ ઓક્ટોબરે યોજાશે. સવારે ૯ થી સાંજે ૪ વાગ્યા સુધી મતદાન થશે અને તે જ દિવસે મતગણતરી હાથ ધરવામાં આવશે.

ઉત્તરાખંડમાં રાજ્યસભાની એક બેઠક માટે ચૂંટણી યોજવી જરૂરી બની છે કારણ કે ભાજપના નરેશ બંસલ આ વર્ષે નવેમ્બરમાં ઉપલા ગૃહમાંથી નિવૃત્ત થવાના છે.

બંગાળમાં રાજ્યસભાની પેટાચૂંટણી શા માટે?

પશ્ચિમ બંગાળની એક રાજ્યસભા બેઠક માટેની પેટાચૂંટણી ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડની દ્વિવાર્ષિક ચૂંટણીઓ સાથે જ યોજાશે. રુકમણી મલ્લિક (ઉર્ફે કોયલ મલ્લિક) એ ૧૬ જુલાઈ, ૨૦૨૬ના રોજ રાજ્યસભામાંથી રાજીનામું આપ્યા બાદ આ બેઠક ખાલી પડી હતી. તેમનો કાર્યકાળ મૂળભૂત રીતે ૨ એપ્રિલ, ૨૦૩૨ના રોજ સમાપ્ત થવાનો હતો.

કોયલ મલ્લિક જુલાઈ ૨૦૨૬માં રાજીનામું આપનાર ચોથા રાજ્યસભા સાંસદ હતા. અગાઉ, સુખેન્દુ શેખર રાય, સુષ્મિતા દેવ અને પ્રકાશ ચિક બરાઈકે પણ ઉપલા ગૃહમાંથી રાજીનામું આપ્યું હતું. તે ત્રણેય ત્યારબાદ ભાજપમાં જોડાયા હતા અને પુનઃચૂંટાઈ આવ્યા હતા.

બંગાળના જાણીતા ફિલ્મ સ્ટાર અને પીઢ અભિનેતા રણજીત મલ્લિકના પુત્રી કોયલ, રાજ્યસભામાં નામાંકિત થયાના માત્ર એક મહિના પહેલા જ સક્રિય રાજકારણમાં પ્રવેશ્યા હતા.

# ભાજપે મહારાષ્ટ્ર વિધાન પરિષદની ૨૦૨૬ની ચૂંટણી માટે ઉમેદવારો જાહેર કર્યા

મુંબઈ,

ભારતીય જનતા પાર્ટી (ભ્નઁ) એ ૨૦૨૬ની મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણી માટે મતવિસ્તારોમાંથી ત્રણ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. નવી દિલ્હીમાં પક્ષની કેન્દ્રીય કચેરી દ્વારા ૪ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલી પ્રેસ રિલીઝ મુજબ, ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ આ ઉમેદવારોના નામોને મંજૂરી આપી છે. આ જાહેરાતમાં પુણે વિભાગ સ્નાતક મતવિસ્તાર, નાગપુર વિભાગ સ્નાતક મતવિસ્તાર અને પુણે વિભાગ શિક્ષક મતવિસ્તારનો સમાવેશ થાય છે.

ભાજપે પુણે અને નાગપુરની સ્ન્ઝ બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કર્યા.આ ત્રણ નામોને ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિએ મંજૂરી આપી હતી અને પક્ષની કેન્દ્રીય કચેરી દ્વારા તેની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રેસ રિલીઝ ૪ ઓક્ટોબરના રોજ બહાર પાડવામાં આવી હતી અને તેના પર રાજ્યસભાના સાંસદ તથા ભાજપના રાષ્ટ્રીય મુખ્યાલયના પ્રભારી તરુણ ચુઘની સહી છે.

આ જાહેરાત ઉમેદવારી પત્રો ભરવાની ૬ ઓક્ટોબરની અંતિમ મુદત પહેલા કરવામાં આવી છે. ૭ ઓક્ટોબરે ચકાસણી અને ૯ ઓક્ટોબર સુધી ઉમેદવારી પાછી ખેંચવાની છૂટ હોવાથી, ૨૩ ઓક્ટોબરે થનારા મતદાન પહેલાં અંતિમ ઉમેદવારોની યાદી તૈયાર થઈ જશે. મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણીમાં કુલ પાંચ સ્નાતક અને શિક્ષક મતવિસ્તારોનો સમાવેશ થાય છે.

# જેલમાં બંધ નેતા ઈમરાન ખાન મુદ્દે અન્ય માંગણીઓ અંગે સરકાર સાથેની વાતચીત નિષ્ફળ

## પાકિસ્તાનની પીટીઆઈ ઈસ્લામાબાદ તરફની 'લોંગ માર્ચ' આગળ ધપાવશે

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના જેલમાં બંધ ભૂતપૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી 'પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ' (PTI) સંઘીય સરકાર સાથેની વાતચીત નિષ્ફળ ગયા બાદ ઈસ્લામાબાદ તરફની તેની નિર્ધારિત 'લોંગ માર્ચ' (લાંબી કૂચ) આગળ ધપાવશે.

સરકારી પ્રતિનિધિઓ અને PTI નેતાઓ વચ્ચે વાટાઘાટોનો બીજો રાઉન્ડ શનિવારે સાંજે ૪ વાગ્યે શરૂ થયો હતો અને તે આખી રાત ચાલ્યો હતો, પરંતુ તેમાં કોઈ નિર્ણય લઈ શકાયો ન હતો, તેમ સમાચાર એજન્સી PTIએ અહેવાલ આપ્યો છે.

PTIએ શરૂઆતમાં ૨૭ સપ્ટેમ્બરે કૂચ શરૂ કરવાની યોજના બનાવી હતી, પરંતુ વિરોધ પ્રદર્શનને રોકવા માટે સરકારે પગલાંની જાહેરાત કર્યા બાદ તેને ૪ ઓક્ટોબર સુધી મુલતવી રાખી હતી.

ઈમરાન ખાનને મળવાની PTIની માંગ-

પાર્ટીની મુખ્ય માંગ ઈમરાન ખાન સાથે તાત્કાલિક મુલાકાત કરવાની છે, જેઓ ભ્રષ્ટાચારના કેસમાં દોષિત ઠર્યા બાદ ૨૦૨૩થી જેલમાં છે. તેઓ હાલમાં રાવલપિંડીની ઉચ્ચ સુરક્ષા ધરાવતી અદિયાલા જેલમાં બંધ છે.

પાર્ટીએ ખાનને હોસ્પિટલમાં લઈ જવાનો નિર્ણય લેવાની પણ માંગ કરી છે જેથી તેમના અંગત ડોક્ટરો પાકિસ્તાન ક્રિકેટ ટીમના ૭૩ વર્ષીય ભૂતપૂર્વ કેપ્ટનની તપાસ કરી શકે.

અન્ય માંગણીઓમાં ખાનની બહેનો અને વિરોધ પ્રદર્શન અગાઉ ધરપકડ કરાયેલા અન્ય લોકોની મુક્તિ, તેમની પત્ની બુશરા બીબીની તબીબી તપાસ અને તેમના કેસોમાં કોઈપણ દખલગીરી વિના યોગ્ય સુનાવણીનો સમાવેશ થાય છે.જેલમાં બંધ નેતાને મળવા અંગે વાતચીત નિષ્ફળ- સરકારી પ્રતિનિધિમંડળનો ભાગ રહેલા ગૃહ રાજ્ય મંત્રી તલાલ ચૌધરીએ જણાવ્યું હતું કે આતંકવાદનો સામનો કરવાના મુદ્દે ખૈબર પખ્તુનખ્વા સરકારની ભૂમિકાને કારણે મુખ્યત્વે વાટાઘાટો નિષ્ફળ ગઈ હતી.

# ઈઝરાયેલની સુપ્રીમ કોર્ટે ચૂંટણી પહેલાં આરબ પક્ષો પર લાદવામાં આવેલી ચૂંટણી લડવા અંગેની રોક રદ કરી

## ઈઝરાયલમાં ચૂંટણી પહેલા કોર્ટના ચુકાદાથી રાજકારણ ગરમાયું

જેરુસલેમ,

ઈઝરાયેલની સર્વોચ્ચ અદાલતે ઓક્ટોબરના અંતમાં યોજાનારી ચૂંટણીમાં અરબ પક્ષોના ભાગ લેવા પરના પ્રતિબંધને સર્વસંમતિથી રદ કર્યો છે.

શુક્રવારે સુપ્રીમ કોર્ટનો આ નિર્ણય ઈઝરાયેલની કેન્દ્રીય ચૂંટણી સમિતિના ગયા અઠવાડિયાના એક પગલા બાદ આવ્યો છે. વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ અને તેમના જમણેરી જૂથના સભ્યોના નિયંત્રણ હેઠળની આ સમિતિએ ૨૭ ઓક્ટોબરની ચૂંટણી માટે નોંધાયેલા તમામ ચાર અરબ-બહુમતી પક્ષો પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય લીધો હતો.

આ ગેરલાયકાત 'યુનાઈટેડ અરબ લિસ્ટ' (જે સામાન્ય રીતે 'રામ' તરીકે ઓળખાય છે અને મન્સૂર અબ્બાસના નેતૃત્વમાં છે) અને 'જોઈન્ટ લિસ્ટ' (ત્રણ અરબ પક્ષોનું ગઠબંધન) ને લાગુ પડતી હતી.

સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ 'જોઈન્ટ લિસ્ટ'એ એક નિવેદનમાં કહ્યું કે, "અમે મોટી સંખ્યામાં મતદાન કરવા જઈશું." આ નિવેદન નેતન્યાહુની ૨૦૧૫ની ટિપ્પણીના સંદર્ભમાં હતું. ૧૧ વર્ષ પહેલાં પોતાના મતદારોને એકત્રિત કરવાના અંતિમ પ્રયાસરૂપે, વડાપ્રધાને ચેતવણી આપી હતી કે ઈઝરાયેલી જમણેરી પક્ષો જોખમમાં છે કારણ કે અરબ-ઈઝરાયેલીઓ "મોટી સંખ્યામાં" મતદાન કરવા ઉમટી રહ્યા હતા.

આ અઠવાડિયાની શરૂઆતમાં, સુપ્રીમ કોર્ટે જાહેરાત કરી હતી કે તે અરબ-ઈઝરાયેલી રાજકારણી સામી અબુ શેહાદેહ સામે કેન્દ્રીય ચૂંટણી સમિતિના પ્રતિબંધને કદાચ યથાવત રાખશે. કોર્ટે કહ્યું કે અબુ શેહાદેહે આતંકવાદી જૂથને સમર્થન આપવાની મર્યાદા ઓળંગી હોઈ શકે છે; કોર્ટે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના હમાસના હુમલા બાદ તરત જ તેમના દ્વારા લખાયેલા એક લેખનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં આ હુમલાને ઈઝરાયેલી નીતિ સામેની સ્વાભાવિક પ્રતિક્રિયા તરીકે વર્ણવવામાં આવ્યો હતો.અબુ શેહાદેહે શુક્રવારે ચૂંટણીમાંથી સત્તાવાર રીતે પીછેહઠ કરી હતી અને વીડિયો દ્વારા જાહેરાત કરી હતી કે "તેઓ અમારા ઉદ્દેશ્ય, અમારા અવાજ અથવા રાજકીય પ્રવૃત્તિમાં જોડાવાના અમારા અધિકારને દબાવી શકશે નહીં."

હુમલા પછીની પ્રથમ ચૂંટણીમાં, ઘણા જમણેરી પક્ષોના પ્રચારમાં અરબ-વિરોધી નિવેદનો જોવા મળ્યા છે; તેમનું કહેવું છે કે સરકારમાં અરબ પ્રભાવ રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો બની શકે છે.

ઘણા લોકો 'રામ' પક્ષ તરફ નિર્દેશ કરે છે, જે ૨૦૨૧ અને ૨૦૨૨ વચ્ચે ઈઝરાયેલના સત્તાધારી ગઠબંધનનો ભાગ હતો; કોઈ અરબ પક્ષે ઔપચારિક રીતે આવું પગલું ભર્યું હોય તેવી આ પ્રથમ ઘટના હતી. આ ચૂંટણીમાં, યહૂદી-ઈઝરાયેલી અને ભૂતપૂર્વ ઉચ્ચ-સ્તરીય પોલીસ અધિકારી યોઆવ સેગાલોવિચ 'રામ' (Ra'am) પક્ષના નાયબ નેતા તરીકે ચૂંટણી લડી રહ્યા છે; તેમનો ઉદ્દેશ્ય યહૂદી અને આરબ એમ બંને પ્રકારના મતદારોને આકર્ષવાનો છે.

# સરહદ પારથી ઘૂસણખોરીને સતત પ્રોત્સાહન આપવા બદલ ભારતે પાકિસ્તાની રાજદૂતને સમન્સ મોકલ્યું

## ૨ ઓક્ટોબરની ઘટના અંગે પાકિસ્તાનના પાયાવિહોણા અને પ્રેરિત આરોપોને નકારી કાઢયા

નવી દિલ્હી,

ભારત સરકારે પાકિસ્તાન હાઈ કમિશનના ચાર્જ ડી'અફેર્સને સમન્સ પાઠવીને "ગેરકાયદેસર રીતે" સરહદ પાર ઘૂસણખોરીને "સતત સુવિધા" આપવા બદલ સખત વિરોધ વ્યક્ત કર્યો છે. આ ઘટના સરહદ સુરક્ષા દળ (BSF) દ્વારા પંજાબમાં આંતરરાષ્ટ્રીય સરહદ (IB) પર બે શંકાસ્પદ પાકિસ્તાની ઘૂસણખોરોને તટસ્થ કરવાના પ્રતિભાવમાં આવી છે.

૨ ઓક્ટોબરની ઘટના અંગે પાકિસ્તાનના "પાયાવિહોણા અને પ્રેરિત" આરોપોને નકારી કાઢતા, ભારતે પાકિસ્તાનને સરહદ પારથી ઘૂસણખોરી અને ડ્રગ્સની દાણચોરીની પ્રવૃત્તિઓની તપાસ કરવા અને યોગ્ય પગલાં લેવા વિનંતી કરી. તેણે પાકિસ્તાનના બોર્ડર ગાર્ડિંગ ફોર્સને તેમની "સંડોવણી" માટે પણ બોલાવ્યા.એક અખબારી યાદીમાં, વિદેશ મંત્રાલય (MEA) એ જણાવ્યું હતું કે ત્રણ પાકિસ્તાની વ્યક્તિઓએ તરનતારન જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર ભારતીય ક્ષેત્રમાં



ઘૂસણખોરી કરી હતી અને BSF દ્વારા અનેક ચેતવણીઓ છતાં વાડ પાર કરવાનું ચાલુ રાખ્યું હતું, જેના કારણે કર્મચારીઓને "તટવર્તી સુરક્ષા ખતરો ઉભો કરવા બદલ તેમની સાથે વ્યવહાર કરવાની ફરજ પડી હતી".

"આ ઘટના પાકિસ્તાનથી કાર્યરત સશસ્ત્ર નાર્કોટિક્સ સિન્ડિકેટ દ્વારા વારંવાર સરહદ પાર હિલચાલના સ્પષ્ટ દાખલાને પ્રકાશિત કરે છે," સ્ઈછ એ જણાવ્યું હતું. "પાકિસ્તાન સરકારને આ સરહદ પારથી થતી ઘૂસણખોરી, ડ્રગ્સની દાણચોરીની પ્રવૃત્તિઓ અને તેમાં પાકિસ્તાન બોર્ડર ગાર્ડિંગ ફોર્સની સંડોવણીની તપાસ કરવા અને યોગ્ય ઉપચારાત્મક પગલાં લેવા વિનંતી કરવામાં આવી હતી."

"પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય સરહદની પવિત્રતાનું સન્માન સુનિશ્ચિત કરવા, સંબંધિત દ્વિપક્ષીય વ્યવસ્થાઓનું કડક પાલન કરવા, તેના દળોને તેની બાજુથી અનધિકૃત હિલચાલ અટકાવવા માટે અસરકારક નિયંત્રણનો ઉપયોગ કરવાનો આદેશ આપવા અને આવી ઘટનાઓનું પુનરાવર્તન અટકાવવા માટે ચોક્કસ પગલાં લેવા વિનંતી કરવામાં આવી હતી," તેમાં ઉમેર્યું.૨ ઓક્ટોબરના રોજ, તરનતારન જિલ્લા વિસ્તારમાં ભારતીય બાજુમાં ઘૂસ્યા બાદ BSF દ્વારા બે શંકાસ્પદ પાકિસ્તાની ઘૂસણખોરોને ઠાર મારવામાં આવ્યા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે ત્રણ ઘૂસણખોરો હતા, પરંતુ તેમાંથી એક પાકિસ્તાની બાજુ પાછો ફર્યો.આશરે ૨૫ થી ૨૬ વર્ષની ઉંમરના બે માણસોએ સૈનિકોને ઉશ્કેરવાનું ચાલુ રાખ્યું અને કહ્યું કે તેઓ ભારતીય ક્ષેત્રમાં પ્રવેશવા માંગે છે, જેના કારણે BSF ને ગોળીબાર કરીને તેમને મારી નાખવાની ફરજ પડી. તેમની ઓળખની તપાસ કરવામાં આવી રહી છે.

# રાજકોટમાં પાણી ચોરી કરનારાઓની હવે ખેર નથી !

## વોર્ડ વાઈઝ ચેકીંગ સ્ક્વોડ, ઈલેક્ટ્રિક મોટર મૂકી પાણી ચોરી કરનારાઓ દંડાશે, બીજીવાર ઝડપાયા તો પોલીસ ફરિયાદ

રાજકોટ:રાજકોટમાં અપૂરતા વરસાદને કારણે ચાલુ વર્ષે પાણી પુરવઠા માટે સંપૂર્ણપણે નર્મદા નીર પર નિર્ભર રહેવું પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. આવી પરિસ્થિતિમાં પાણીના એક-એક ટીપાનો બચાવ થાય અને ગેરકાયદેસર પાણી ચોરી અટકે તે માટે મ્યુ. કમિશનર તુષાર સુમેરા દ્વારા કડક પગલાં ભરવામાં આવ્યા છે. તાજેતરમાં અલગ-અલગ વિસ્તારોની રૂબરૂ મુલાકાત લીધા બાદ હવે મ્યુનિસિપલ કમિશનરે શહેરના તમામ ૧૮ વોર્ડમાં પાણી ચોરી રોકવા માટે સ્પેશિયલ ચેકિંગ સ્ક્વોડની રચના કરી છે. જેમના દ્વારા ઈલેક્ટ્રિક મોટર મૂકી પાણી ચોરી કરનારાઓને દંડ ફટકારવામાં આવશે. એક જ વ્યક્તિ બીજીવાર ઝડપાય તો પોલીસ ફરિયાદ કરી મોટર જપ્ત કરવામાં આવશે. તો વાલ્વમેનોની બેદરકારી સામે પણ કડક કાર્યવાહી કરવા કમિશનરે તૈયારી દર્શાવી છે.

રાજકોટ મ્યુ. કમિશનર તુષાર સુમેરાએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પાણી ચોરી રોકવા વોર્ડવાઈઝ એક સઘન ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે, જેમાં નિયમિતતા, યોગ્ય ફોર્સ અને ગુણવત્તાયુક્ત પાણી પૂરું પાડવા પર મુખ્ય ફોકસ છે. હવે તમામ અધિકારીઓ પાણીની ક્વોલિટી ચકાસવાની કિટ પણ સાથે રાખીને જ



ફરશે અને સ્થળ પર જ ટેસ્ટ કરીને પાણીનું ચેકિંગ કરશે. સાથે જ, પાણીની ચોરી કે બગાડ થતો હશે તો ત્યાં જ કડક એક્શન લેવાશે. ઉપરાંત, સમગ્ર શહેરમાં વાલ્વના ટાઈમિંગ ફિક્સ રહેશે અને જો ઓપરેશનમાં વાલ્વમેન કે અન્ય કોઈ પણ અધિકારી ક્ષતિ કે બેદરકારી કરશે તો તેમની સામે પણ કડક કાર્યવાહી કરાશે. હું પણ તમામ નાગરિકોને અપીલ કરૂં છું કે આપણે પાણી બચાવવાનું છે, પાણીનો વ્યય કરવાનો નથી કે ગેરકાયદેસર પાણી ચોરી કરવાની નથી.

મહાનગરપાલિકા દ્વારા ગેરકાયદેસર રીતે થતી પાણીની ચોરી, ડાયરેક્ટ પમ્પિંગ તેમજ ભૂતિયા નળ જોડાણ અટકાવવા માટે વોર્ડ વાઈઝ ટીમ બનાવીને ઘરે-ઘરે ચેકિંગ કરવાનો નિર્ણય લેવાયો છે. આ ચેકિંગ સ્ક્વોડમાં વિવિધ શાખાના મેનેજરોને ટીમ લીડર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

### ભૂતિયા નળ જોડાણ અને પાણીના બગાડ સામે લાલ આંખ

ભૂતિયા નળ જોડાણ ધારકો સામે પણ કમિશનરે આકરા પગલાંની જાહેરાત કરી છે. જો પ્રથમ વખત ભૂતિયા નળ જોડાણ પકડાશે તો તેને રેગ્યુલાઈઝ કરવા માટેની તક આપવામાં આવશે. પરંતુ જો રેગ્યુલાઈઝ ન કરાવે અને એ જ સ્થળેથી ફરીથી ભૂતિયા નળ જોડાણ ઝડપાશે તો રૂ. ૫,૦૦૦ નો દંડ કરવામાં આવશે તેમજ પબ્લિક પ્રોપર્ટી ડેમેજ અને પાણી ચોરી અંગેની પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવશે. આ ઉપરાંત સામાન્ય પાણીનો બગાડ કરનારા આસામીઓ સામે રૂ. ૨૫૦ નો દંડ વસૂલવાની જોગવાઈ પણ કરવામાં આવી છે.

# રાજકોટની સદર બજાર આગ લાગતા ફાયર વિભાગે કાબૂ મેળવ્યો

## રેસ્ટોરન્ટમાં ૫ ગેસ સિલિન્ડર જપ્ત કરાયા

રાજકોટ :રાજકોટના સદર બજાર પાસે આવેલા ફૂલછાબ ચોક નજીક હીરા કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર સ્થિત 'મહેફિલે જાયકા' નામની નોનવેજ રેસ્ટોરન્ટમાં રાત્રિના સમયે અચાનક આગ લાગવાની ઘટના સામે આવી હતી. પ્રાથમિક વિગતો મુજબ, રેસ્ટોરન્ટના ઈલેક્ટ્રિક મીટર બોક્સ અને એ.સી.માં શોર્ટસર્કિટ થવાના કારણે આ આગ લાગી હોવાનું માલિકે જણાવ્યું છે. આ ઘટનાની જાણ થતાં જ નાગરિક બેંક ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડનો કાફલો મિની ફાઈટર સાથે સ્થળ પર પહોંચ્યો હતો અને પાણીનો મારો ચલાવી આગ પર પૂર્ણ કાબૂ મેળવ્યો હતો.



ફાયર ટીમે સમયસૂચકતા વાપરી રેસ્ટોરન્ટ અંદરથી ૫ એલ.પી.જી. ગેસ સિલિન્ડર સુરક્ષિત રીતે બહાર કાઢી જપ્ત કર્યા હતા, જેનાથી એક મોટી હોનારત અટકી હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી.

પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ શહેરમાં સદર બજાર પાસે આવેલ ફૂલછાબ ચોક નજીક આજે રાત્રિના સમયે એક નોનવેજ રેસ્ટોરન્ટમાં અચાનક આગ લાગવાની ઘટના સામે આવતાં સમગ્ર વિસ્તારમાં અફરાતફરી અને ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. હીરા કોમ્પ્લેક્સ નામના બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી 'મહેફિલે જાયકા' નામની જાણીતી નોનવેજ રેસ્ટોરન્ટમાં દુર્ઘટના બની હતી. રેસ્ટોરન્ટમાં અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈને આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા. અને તાત્કાલિક ધોરણે રાજકોટ મહાપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીઝ વિભાગને બનાવ અંગે જાણ કરવામાં આવી હતી.

# રાજકોટની સિવિલ હોસ્પિટલ ફરી વિવાદમાં

## સિક્યુરિટી અને દર્દીના સગા વચ્ચે બોલાચાલી થયાનો વીડિયો વાયરલ, સિક્યુરિટી કર્મચારીએ પાસ ફાડયાનો આરોપ લાગતા અધિક્ષકે તપાસના આદેશ આપ્યા

રાજકોટ

રાજકોટની સિવિલ હોસ્પિટલ અવારનવાર કોઈને કોઈ વિવાદમાં રહેતી હોય છે ત્યારે આજે ફરી એકવાર નવો વિવાદ સામે આવ્યો છે. જેમાં સિક્યુરિટી કર્મચારીઓ અને દર્દીના સગા વચ્ચે ઘર્ષણ અને તણાવપૂર્ણ વાતાવરણ સર્જાયું હોવાની ઘટના સામે આવી છે. દર્દીના પરિજનો દ્વારા સિક્યુરિટી સ્ટાફ સામે મુલાકાતી પાસ ફાડી નાખવાનો સીધો આરોપ લગાવવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનાનો વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થતા સિવિલ અધિક્ષક ડો. કમલ ડોડીયા દ્વારા તપાસનાં આદેશો આપવામાં આવ્યા છે ત્યારે આ અંગે જવાબદારો સામે ક્યારે અને શું પગલાં લેવાશે તે જોવું રહ્યું. પ્રાપ્ત વિગત મુજબ સિવિલ હોસ્પિટલમાં દાખલ દર્દીના સગા રાજેશ પઢિયાર હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા પોતાના પુત્રને મળવા માટે આવ્યા હતા. તેમના જણાવ્યા અનુસાર, કાલે રાત્રે તેઓના પુત્રનો અકસ્માત થયો હતો. આથી પરિવારના સભ્યો તેને મળવા અને સંભાળ લેવા માટે આવ્યા હતા. એક પાસ ઉપર પરિવારના ૩ સભ્યો હોસ્પિટલની અંદર જવા માંગતા હતા, પરંતુ સિક્યુરિટી સ્ટાફે તેને અટકાવતા તેમની સાથે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન સિક્યુરિટી સ્ટાફે મુલાકાત માટેનો પાસ ફાડી નાખ્યો હોવાનો આરોપ પણ તેમણે લગાવ્યો હતો.

આ સમગ્ર મામલે હોસ્પિટલ તંત્ર દ્વારા પણ કડક વલણ અપનાવવામાં આવ્યું છે. દિવ્યભાસ્કર સાથે ટેલિફોનિક વાતચીતમાં સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો. કમલ ડોડીયાએ જણાવ્યું હતું કે, આ વીડિયો મારા ધ્યાનમાં આવ્યો છે. આ અંગે તાત્કાલિક અસરથી સિક્યુરિટી ઈન્ચાર્જ પાસેથી ખુલાસો માગવામાં આવશે. હોસ્પિટલ તંત્ર દ્વારા દર્દીઓની સુરક્ષા અને સુવિધાને પ્રાથમિકતા આપવામાં આવશે.

# રાજકોટ : સીઆઈડી દરોડામાં ડીજીએફટી અધિકારીના કસ્ટોડિયલ ડેથમાં FIR નોંધવા હાઈકોર્ટનો આદેશ

## ડીજીએફટીના અધિકારી જવરી માલ બિશ્નોઈનું ગત તા. ૨૫ માર્ચ ૨૦૨૩ના રોજ મૃત્યુ થયું હતું. આગલા દિવસે એટલે કે,તા. ૨૪ માર્ચે સીબીઆઈની એન્ટી કરપ્શન બ્રાંચે તેમની કચેરીમાં ટ્રેપ ગોઠવી હતી

રાજકોટ:રાજકોટના જોઈન્ટ ડાયરેક્ટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ જવરી માલ બિશ્નોઈના કસ્ટોડિયલ ડેથના કેસમાં હાઈકોર્ટે એફઆઈઆર દાખલ કરવાનો આદેશ કર્યો હતો. જસ્ટિસ મોક્ષા કે.ઠક્કરે સમગ્ર કેસની તપાસ સીઆઈડી ક્રાઈમના ડીઆઈજીની દેખરેખ હેઠળ કરવા જણાવ્યું છે અને તપાસ ત્રણ મહિનામાં પૂર્ણ કરી તેનો અહેવાલ અદાલત સમક્ષ રજૂ કરવા હુકમ કર્યો હતો.

કેસની વિગતો મુજબ,ડીજીએફટીના અધિકારી જવરી માલ બિશ્નોઈનું ગત તા.૨૫ માર્ચ ૨૦૨૩ના રોજ મૃત્યુ થયું હતું.આગલા દિવસે એટલે કે,તા.૨૪ માર્ચે સીબીઆઈની એન્ટી કરપ્શન બ્રાંચે તેમની કચેરીમાં ટ્રેપ ગોઠવી હતી. સીબીઆઈના આક્ષેપ મુજબ,રૂ.૯ લાખની લાંચની માંગણી સંદર્ભે સમગ્ર કાર્યવાહી કરાઈ હતી. આ ટ્રેપ દરમ્યાન રૂ.પાંચ લાખની રકમ કબજે કરી જવરી માલ બિશ્નોઈની ધરપકડ કરાઈ હતી.સીબીઆઈના અધિકારીઓ દ્વારા તેમના નિવાસસ્થાને ૨ દિવસ સુધી સર્ચ હાથ ધરાયું હતું.બીજા દિવસે સર્ચ દરમિયાન જ તેઓ ચોથા માળેથી નીચે ઝંપલાવતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું.જો કે,બિશ્નોઈની પત્ની સુમન બિશ્નોઈએ આ ઘટનાને અકસ્માત કે આત્મહત્યા તરીકે માનવાનો સાફ ઈન્કાર કરી દીધો હતો અને તેણે સીબીઆઈના અધિકારીઓ વિરૂદ્ધ ગંભીર આરોપ લગાવ્યા હતા.પીડિત પરિવાર તરફથી દાવો કરાયો હતો કે, બિશ્નોઈને આશરે ૧૯ કલાક સુધી કસ્ટડીમાં રાખીને હેરાન-પરેશાન કરાયા હતા અને કાયદાકીય પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું નહોતું.

# રાજકોટથી ગોવાની ફ્લાઈટ ૨૫ ઓક્ટોબરથી શરૂ થશે

## નવરાત્રિ-દિવાળીમાં સૌરાષ્ટ્રવાસીઓને ફરવા જવામાં ફાયદો થશે, સપ્તાહમાં ૪ દિવસ ઉડાન ભરશે




રાજકોટ:સૌરાષ્ટ્રના પ્રવાસીઓ માટે ખુશીના સમાચાર આવ્યા છે. ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા મોનસૂન શેડ્યૂલ દરમિયાન છેલ્લા ૬ મહિનાથી બંધ રાખવામાં આવેલી રાજકોટ-ગોવા ડાયરેક્ટ ફ્લાઈટ સેવા ફરી શરૂ કરવાનું એલાન કરવામાં આવ્યું છે. આગામી ૨૫ ઓક્ટોબર, ૨૦૨૬થી ૨૭ માર્ચ, ૨૦૨૭ સુધીના વિન્ટર શેડ્યૂલ હેઠળ આ ફ્લાઈટ સેવા પુનઃ શરૂ કરાશે, જેનો સીધો લાભ નવરાત્રિ, દિવાળી અને શિયાળાની પ્રવાસન સીઝનમાં ગોવા જતાં પ્રવાસીઓને મળશે. અગાઉ માર્ચ, ૨૦૨૬માં ઈન્ડિગો એરલાઈન્સ દ્વારા ગોવાથી ઉપડતી આશરે ૨૫ ફ્લાઈટોના શેડ્યૂલમાં ફેરફાર કરવામાં આવ્યા હતા, જેના ભાગરૂપે રાજકોટ-ગોવા રૂટની સેવા છ મહિના માટે બંધ કરાઈ હતી. આ રૂટ અગાઉ ખૂબ જ લોકપ્રિય હતો. હવે તહેવારોની ટાણે આ સેવા ફરી શરૂ થતાં પ્રવાસીઓને વાયા જવાની જગ્યાએ સીધી હવાઈ કનેક્ટિવિટીનો લાભ મળશે. આગામી સમયમાં સપ્તાહમાં ચાર દિવસ આ ફ્લાઈટ ઉપલબ્ધ રહે તેવી વિગતો પણ સામે આવી રહી છે.

હાલમાં રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી દેશના મુખ્ય શહેરો માટે દૈનિક તથા સપ્તાહિક મળીને કુલ ૧૪ જેટલી ફ્લાઈટો ઉડાન ભરી રહી છે.

# હવે ટ્રેનો મોડી નહીં પડે અને અકસ્માત અટકશે

## રાજકોટ રેલવે ડિવિઝન ડ્રોનથી રેલવે લાઈનનું ચેકિંગ કરશે, મુસાફરોને વધુ સુવિધાયુક્ત અને સુરક્ષિત મુસાફરીનો અનુભવ થશે

રાજકોટ ડિવિઝન દ્વારા રેલવે ક્ષેત્રે અત્યંત મહત્વપૂર્ણ અને સરાહનીય ટેકનીકલ સુધારાનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે. હાપાથી કાનાલુસ વચ્ચેના ૩૧ કિમી લાંબા સેક્શનમાં વીજળીની લાઈનો (ઓવરહેડ ઈક્વિપમેન્ટ -'ઓઈ')ના નિરીક્ષણ માટે આધુનિક ડ્રોન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ નવી સિસ્ટમનો સૌથી મોટો ફાયદો સામાન્ય જનતા અને ટ્રેનમાં મુસાફરી કરતા કરોડો મુસાફરોને થશે.

આધુનિક ડ્રોન દ્વારા હવે રેલવે લાઈનનું લાઈવ ચેકિંગ શક્ય બનશે, જેનાથી ભવિષ્યમાં વીજ પુરવઠો ખોરવાઈ જવાથી ટ્રેનો થંભી જવાના બનાવો બંધ થશે. ટ્રેનો સમયસર ચાલશે, મુસાફરોનો કિંમતી સમય બચશે અને મુસાફરી વધુ સુરક્ષિત તથા આરામદાયક બનશે.



સામાન્ય રીતે જ્યારે રેલવેની વીજ લાઈનોનું સમારકામ કે તપાસ કરવાની હોય ત્યારે પાવર બ્લોક લેવો પડે છે, એટલે કે વીજ પુરવઠો બંધ કરવો પડે છે અને ટ્રેનોનો વ્યવહાર રોકવો પડે છે. તેના કારણે અનેક ટ્રેનો મોડી પડે છે અથવા રદ કરવી પડે છે, જેનો સીધો ભોગ સામાન્ય મુસાફરો બનતા હોય છે. પરંતુ ડ્રોન ટેક્નોલોજીના ઉપયોગથી ટ્રેનોનો વ્યવહાર રોક્યા વિના કે પાવર બ્લોક લીધા વિના જ ચાલુ લાઈને બારીક તપાસ કરી શકાશે. આનાથી મુસાફરોને ટ્રેન રદ થવાની કે કલાકો સુધી સ્ટેશનો પર અટવાઈ જવાની મુશ્કેલીમાંથી મુક્તિ મળશે.

આ ઉપરાંત, રેલવેમાં ટેકનિકલ ખામીઓને કારણે થતા અકસ્માતો અને દુર્ઘટનાઓ અટકાવવામાં પણ આ વ્યવસ્થા આશીર્વાદરૂપ સાબિત થશે. ડ્રોનમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવતો કેમેરો હોવાથી તે વીજ લાઈનના નાનકડા વાયર, લૂઝ કનેક્શન કે ગાયબ થયેલી પિન જેવી અત્યંત સૂક્ષ્મ ખામીઓને પણ તુરંત પકડી પાડે છે. મેન્યુઅલ તપાસમાં જે ખામીઓ માણસોની નજરે પડતી નથી, તે ડ્રોન કેમેરાની મદદથી પ્રારંભિક તબક્કે જ ઓળખાઈ જશે. પરિણામે, મોટો અકસ્માત સર્જાય તે પહેલાં જ તેનું નિવારણ કરી શકાશે, જેથી મુસાફરો પોતાની સફર સંપૂર્ણ નિશ્ચિંતતા અને સુરક્ષા સાથે પૂરી કરી શકશે.

# ગોંડલ નજીક હોટલમાંથી વાસણોની ચોરી કરનાર તસ્કર ઝડપાયો

## ચોરી કરેલા વાસણો વેચવા નિકળતા જ પોલીસે દબોચી લીધો




રાજકોટ,રાજકોટ ગોંડલ નજીક સુરેશ્વર ચોકડી પાસે હાઈવેનાં બ્રીજ નીચે આવેલી હોટલમાંથી સ્ટીલ અને ટીનનાં વાસણોની ચોરી કરવાનો ભેદ રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી.એ ઉકેલી જામવાડી ગામ નજીકથી ગોંડલના આરોપીને પકડી ૧૫ હજારની કિંમતના સ્ટીલ અને ટીનના વાસણો કબ્જે કરી તેની પુછતાછ શરૂ કરી છે.

ગોંડલના ભગવતપરા શેરી નં. ૩ માં રહેતા અતુલભાઈ બટુકભાઈ બાંભવાની ગોંડલ નજીક સુરેશ્વર ચોકડી પાસે હાઈવે પર બ્રીજ નીચે આવેલી મોમાઈ કૃપા હોટલમાંથી તસ્કર તા. ૨૮ થી ૨૯ દરમીયાન રૂા.૯ હજારની કિંમતના સ્ટીલ અને ટીનના વાસણો ચોરી ગયાની ગોંડલ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી જે ગુનાનો ભેદ ઉકેલવા ગોંડલ તાલુકા પોલીસ ઉપરાંત રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમોએ પણ કવાયત હાથ ધરી હતી દરમીયાન રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લીપ્તરાય, રાજકોટ જિલ્લા એસપી વિજયસિંહ ગુર્જરની સુચનાને પગલે એલ.સી.બી.ની ટીમે સીસીટીવી ફુટેજ ચકાસી બાતમીના આધારે ગોંડલ તાલુકાના જામવાડી ગામના બસ સ્ટેન્ડ પાસેથી કિશન ઉર્ફે બાહુલી જગદીશભાઈ સોલંકી (ઉ.વ. ૨૫, રહે. માધાતાપાર્ટી પ્લોટ પાસે, પંચપીરની ધાર વોરા કોટડા રોડ, ગોંડલ)ને પકડી લઈ રૂા.૧૫ હજારની કિંમતના સ્ટીલ અને ટીનના વાસણો કબ્જે કર્યા હતા, પુછતાછમાં તેણે હોટલમાં ચોરી કર્યાની કેફીયત આપી હતી તે ચોરાઉ વાસણો વેચવા નિકળ્યો હતો. જો કે એલ.સી.બીની ટીમે તે પહેલા જ તેને દબોચી લીધો હતો.

# રાજકોટના કોરાટ ચોક નજીક નકલી પોલીસકર્મી ઝડપાયો

## યુનિફોર્મ પહેરી રોફ જમાવતો હતો, શાપર પોલીસે પકડી પાડી રૂ.૪૦,૦૦૦નો મુદામાલ કબજે કર્યો

રાજકોટ

રાજકોટમાંથી વધુ એક નકલી પોલીસ કર્મી ઝડપાયો છે. રાજકોટ જિલ્લાના શાપર પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, કોરાટ ચોક નજીક એક વ્યક્તિ પોલીસ યુનિફોર્મ પહેરી સામાન્ય નાગરિકમાં રોફ જમાવી રહ્યો છે, જેથી તેને અટકાવી પૂછપરછ કરતા પોલીસ ન હોવાનો ભાંડો ફૂટી જતા પોલીસે આરોપી કિશોર સલાટની ધરપકડ કરી છે.

રાજકોટ જિલ્લાના શાપર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા છજ્જૈ દિશાબેન જોશીએ ફરિયાદમાં જણાવ્યું કે, ૩ ઓક્ટોબરે પેટ્રોલિંગ દરમિયાન પારડી બ્રિજ પાસે આવતા બાતમી મળી હતી કે, એક શખસ રાજકોટ-ગોંડલ નેશનલ હાઈ-વે, કોરાટ ચોક ખાતે કોઈ પોલીસનો યુનિફોર્મ પહેરીને નકલી પોલીસ બનીને લોકોમાં પોલીસ હોવાનો રોફ જમાવે છે. જેથી ૩ વાગ્યે સ્થળ પર પહોંચી તપાસ કરતા એક હીરો કંપનીનું સ્પ્લેન્ડર પ્ન.૦૩.સ્.૮૧૨૩ લઈ પોલીસ યુનિફોર્મ પહેરીને શખસ બેઠો હતો, જેનું નામ પૂછતાં કિશોર મંગાભાઈ સલાટ હોવાનું જણાવ્યું હતું.

આ પછી તેની પૂછપરછ કરતા પોતે રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હોવાનું જણાવ્યું હતું, જેથી ઊંડાણપૂર્વક પૂછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો અને પોતે પોલીસમાં ન હોવાનું જણાવ્યું હતું. તેને પોલીસનો યુનિફોર્મ પહેર્યો હતો, જેમાં સોલ્ડર પર ૨..ના સોલ્ડર લગાવેલ હતા, લાનીયર તથા જમણા હાથે ગુજરાત પોલીસનો બેઝ અને ગુજરાત પોલીસનો બેલ્ટ પહેરેલ હતો. હાલ પોલીસે આરોપી પાસેથી બે મોબાઈલ અને એક બાઈક મળી રૂપિયા ૪૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી તેના વિરુદ્ધ મ્વ્રજી કલમ ૨૦૪ તથા ૨૦૫ મુજબ ગુનો નોંધ્યો છે.

# રાજકોટ મનપાનો નિર્ણય, પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડાશે તો વેપારીએ ક્યાંથી ખરીદી કર્યું તેનું એડ્રેસ આપવું પડશે

રાજકોટ :રાજકોટ મનપાના પર્યાવરણ વિભાગે શહેરમાંથી વધુ ૩૯ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી દંડ વસૂલ્યો છે. જોકે, પ્લાસ્ટિક ઝુંબેશમાં નવા ક્યા નિયમો લાગુ કરવામાં આવ્યા છે તેવું પૂછવામાં આવતાં પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીએ જણાવ્યું હતું કે, હવે પ્લાસ્ટિક પકડાય ત્યારે વેપારી પાસેથી તેણે જે હોલસેલર પાસેથી ખરીદી કરી હોય તેનું નામ અને એડ્રેસ લેવામાં આવશે અને ત્યાં તપાસ કરવામાં આવશે.પર્યાવરણ વિભાગ દ્વારા ત્રણેય ઝોન વિસ્તારમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ તથા વેચાણ અને ગંદકી કરતા આસામીઓ પાસેથી દંડ વસૂલવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન કુલ ૩૯ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું હતું અને ૪૨ આસામીઓ પાસેથી રૂ.૧,૪૦,૧૦૦નો વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો હતો.મનપાના પર્યાવરણ વિભાગ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે અને હવે સપ્લાયરો સુધી પહોંચવાનો રસ્તો શોધી કાઢવામાં આવ્યો છે. જોકે, તંત્રને રાજકોટમાંથી એક પણ સપ્લાયર હાથ લાગે તેવું લાગતું નથી, કારણ કે તમામ સપ્લાયરોએ મનપાની હદની બહાર પોતાના ગોડાઉન બનાવ્યા છે અને જિલ્લા વહીવટી તંત્ર નિષ્ક્રિય હોવાથી દરરોજ હજારો કિલો પ્લાસ્ટિક રાજકોટમાં ઘુસાડવામાં આવી રહ્યું છે.તેના કારણે મનપા શહેરની બહાર કોઈ કાર્યવાહી કરી શકતી નથી. તેની સામે મનપાની હદની બહાર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કાર્યવાહી કરવાની હોય છે, પરંતુ આજ સુધી ક્યારેય પ્લાસ્ટિક સપ્લાયરોના ગોડાઉનમાં ચેકિંગ કરવામાં આવ્યું નથી. પરિણામે સપ્લાયરો નાના ફેરિયાઓ મારફતે શહેરમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનું વેચાણ કરી રહ્યા છે.

# જંગલેશ્વરમાં થયેલી હત્યામાં મહિલાની કાવતરામાં સંડોવણી ખૂલતા ધરપકડ

## પોલીસ નિલમ પાર્કમાં રહેતી રોશનબેન ઉર્ફે ગુડ્ડી અબ્દુલ્લા ધાડા નામની ૪૪ વર્ષની મહિલાની કાવતરાના આરોપ સબબ ધરપકડ કરી

રાજકોટ : જંગલેશ્વરમાં આવેલા ખ્વાજા એપાર્ટમેન્ટ નીચે સ્થિત પાનની દુકાન પાસે બે દિવસ પહેલા રાત્રે સામે જોવા જેવી નજીવી બાબતે પીરવાડી પાસે જૂના ગણેશનગરમાં રહેતા રીક્ષાચાલક ઈકબાલ ઉર્ફે જૂનાગઢી ઈબ્રાહીમભાઈ લોધી (ઉ.વ.૫૬)ની પાઈપના ઘા ઝીંકી હત્યા કરવાના ગુનામાં ભક્તિનગર પોલીસે જંગલેશ્વરના નિલમ પાર્કમાં રહેતી રોશનબેન ઉર્ફે ગુડ્ડી અબ્દુલ્લા ધાડા નામની ૪૪ વર્ષની મહિલાની કાવતરાના આરોપ સબબ ધરપકડ કરી છે.

ભક્તિનગર પોલીસના સૂત્રોએ જણાવ્યું કે આ કેસમાં કુલ ત્રણ આરોપીઓ કે જેમાં દાનીશ, સુફિયાન અને રિયાઝ વિરૂધ્ધ એફઆઈઆર નોંધાઈ હતી. તપાસ દરમિયાન આરોપી રોશનબેન ઉર્ફે ગુડ્ડી સહિત વધુ ત્રણ આરોપીઓની સંડોવણી ખૂલી છે. જેમાંથી હાલ રોશનબેનની ધરપકડ કરવામાં આવી છે.

તેની સાથે અફઝલ અને શાહનવાઝ નામના વધુ બે આરોપીની પણ સંડોવણી ખૂલી છે. એફઆઈઆરમાં જે ત્રણ આરોપીના નામ હતા તે ઉપરાંત અફઝલ અને શાહનવાઝ થારમાં આરોપી રોશનબેનના ઘરે ગયા હતા. ત્યાંથી પાઈપ લઈ ત્રણ આરોપીઓ રવાના થયા હતા. તેની પાછળ રોશનબેન અને અફઝલ ઉપરાંત શાહનવાઝ ગયા હતા.

આ રીતે આ કેસમાં કુલ છ આરોપીની સંડોવણી ખૂલી છે. જેમાંથી હાલ રોશનબેનની ધરપકડ કરવામાં આવી છે. બાકીના પાંચેય આરોપીઓની ભક્તિનગર પોલીસ સાથે ક્રાઈમ બ્રાંચની ટીમો શોધખોળ કરી રહી છે.